"રાજસ્થાન" પત્રના ગ્રાહકોને સાતમી ભેટ.

રાજપૂત પ્રતિજ્ઞા.

કિંમત આના બાર.

નબળા પુરૂષો તથા સ્ત્રીઓ.

પ્રો૦ જેમસની વીજળીક શકતીની ગોળીઓ.

નબળું થએલાં લોહીને સુધારવામાં, નવું લોહી પેદા કરવામાં અને નબળા પડેલા પુરૂષને પુષ્ટ અને તાકાતવાળા કરવામાં એક સર્વોત્તમ દવા છે. ધાતુની નબળાઇ, સ્વપ્નદોષ, મગજની ચકરી, આંખના તમર, ચેહેરા ફીકા પડવા, સાંધા દુખવા, મગજ ખાલી પડવું કે જેથી માથાના દુખાવા થાય છે. અપચો વગેરે ધાતુ સબંધી રોગોને એ ગોળીઓ થોડા વખતમાં સારાં કરે છે. સ્ત્રીઓને ઉપરાંત માસીક શ્રાવ જવાથી શરીર લેવાઇ જાય છે અને હીસટીરીઆ. કમરનો દુખાવો. પ્રદર, ભુખ મરી જવી, વગેરે રોગો થાય તે ઉપર આ ગોળીઓ ઘણીજ ફાયદાકારક છે. પ્રો૦ જેમસની વીજળીક શકતીની ગોળીઓ વીદ્યાર્થીઓ, માસ્તરો, વકીલો કલારકો, કે જેઓને રાત દીવસ મગજ કસવું પડે છે, તેઓના માનસીક શકતી વધારી શરીરને તાકાત આપે છે આ ગોળીઓ ખાવાથી પહેલેજ દીવસે શરીરમાં વીજળીક ચમતકાર માલમ પડે છે શરીરમાં સફુરતી આવે છે, ભુખ લાગે છે, અન્ન પાચન થાય છે, ગમે તેટલી મેહેનત કરવાથી થાક લાગતો નથી, વીર્ય જતી બંધ થાય છે જેથી શરીરનું જોર વધે છે, યાદદાસ્ત શકતી ખીલે છે આવે છે, છેવટે થોડા દીવસ એનો ઉપયોગ ચાલુ રાખવાથી શરીરમાં લોહી વધી શરીર રૂષ્ટ પુષ્ટ બને છે. અને શરીરને માફક પડતાં તે છ થી આઠ અઠવાડીયાં અથવા શરીરમાં રોગોનો અંશ હોય ત્યાં સુધી ચાલુ રાખવી. કીમત ૨૫ ગોળીની શીશી ૧ ના રૂ. ૧-૪-૦ ૪૦ ગોળીની શીશીના રૂ. ૨. વી. પી. ના ૦ા વધુ.

સોલ એજંટોઃ—

એંગ્લોઃ ઇંડીયન ડ્રગ એંડ કેમીકલ કંપની.

દરેક જાતની વીલાયતી દવા વેચનાર. નં. ૧૫૫ મારકીટ
જુમામસીદ મુંબઇ.

રાજપૂત પ્રતિજ્ઞા.

કર્તા.

સાંકળચંદ મોહનલાલ નાયક.

પ્રકાશક.

" રાજસ્થાન " પત્રની ઑફીસ.

શાહ [illegible] અમદાવાદ.

પ્રથમ આવૃત્તિ. સને ૧૯૧૦.

અમદાવાદમાં "રાજસ્થાન' છાપખાનામાં [illegible]

શાહ હીરાલાલ વર્દ્ધમાને છાપ્યું.

કિંમત આના બાર.

પ્રસ્તાવના.

હિંદુસ્તાનના ઇતિહાસમાં અકબર બાદશાહે જેવું સારૂં નામ કાઢયું છે તેવુંજ ભૂંડું નામ ઔરંગજેબ બાદશાહે કાઢેલું છે. મુગલ સામ્રાજ્યને પૂર્ણ કળામાં મૂકી અકબર બાદશાહ જન્નત નિવાસી થયો ત્યારે ઔરંગજેબ તેને ડામાડોળ સ્થિતિમાં મૂકી પોતાના કૃતકાર્યનો હિસાબ આપવા માટે આફ્તની દુનિયા છોડી ખુદા તાલાની હજુરમાં ચાલ્યો ગયો. પોતાના પિતા શહેનશાહ શાહજહાંને કારાગ્રહમાં પુરી, વડિલ બન્ધુ દારાને નિર્દય પણે મારી, સુજાને આરાકાનમાં નસાડી અને મુરાદને વિશ્વાસઘાત કરી ઔરંગજેબે સિંહાસન પ્રાપ્ત કર્યું હતું. સિંહાસન પર આરૂઢ થતાં જ તેણે તેની હિંદુ પ્રજાપર જુલમ વર્ષાવવા માંડ્યો. જોધપુર, જયપુર આદિ હિન્દુ રાજ્યો એવી સ્થિતિમાં મૂકાઇ ગએલાં હતાં કે તેઓ નિઃસહાય્ય હિંદુઓને સહાય્ય આપી શકે તેમ નહતું. આખું આર્યાવર્ત્ત ઔરંગજેબના વિકટ શાસનથી કમ્પિત થઇ રહ્યું હતું. તે સમયે ઉદયપુરના મહારાણા રાજસિંહ સિવાય એવો એક પણ હિન્દુ રાજા નહતો કે જે નિર્બળ અને પીડિત હિંદુઓને શરણુ આપી તેમના ધર્મની રક્ષા કરે.

જે વખતે કાશી ક્ષેત્રનાં દેવાલયો તોડી ઔરંગજેબે મથુરા તરફ પદક્રમણ કર્યું તે વખતે ત્યાંના સ્વામીજી શ્રી કૃષ્ણ ભગવાનની મૂર્તિ લઇ આશ્રય માટે ઉદયપુરમાં ગયા. ઉદયપુરના રાણાએ મોટા સન્માનથી તેમને આશ્રય આપ્યો અને એક

ઉત્તમ સ્થાને એક સુંદર મંદિર બંધાવી પૂર્ણ પ્રબંધ સાથે તેમને ત્યાં રાખ્યા. હજુ સુધી પણ તે કૃષ્ણજીનું મંદિર અને તે સ્વામીજીના શિષ્ય મેવાડ પ્રદેશમાંજ સ્થિત છે. આવી રીતે દિલ્હીના બાદશાહનો કાંઇ પણ ડર નહિ રાખતાં હિંદુપતિ મહારાણા રાજસિંહે કેટલાય હિંદુઓને પોતાના રાજ્યમાં નિઃશંક ભાવથી રાખ્યા હતા.

મહારાણા રાજસિંહની ઉપર્યુક્ત વર્તણુકથી શહેનશાહ ઔરંગજેબ તેના પર નાખુશનો હતો એવામાં આ નવલકથાનો બનાવ બન્યો. સરદાર ચંદાવતે મદોન્મત બાદશાહના મદનું મર્દન કર્યું. કેટલાક વખત સુધી દિલ્હીશ્વરે ઉદયપુર તરફ ન જોયું પણ મેવાડેશ્વરે જ્યારે જોધપુરના રાજકુમારને મદદ કરી ત્યારે તેમની વચ્ચે પુનઃ ચકમક ઝરી પરિણામ એ થયું કે જહાંગીર બાદશાહ સાથે સંધિ કરી મહારાણા અમરસિંહે મેવાડને પરતંત્ર બનાવ્યું હતું તે પુનઃ સ્વતંત્ર થયું.

આ પુસ્તકમાં આલેખવામાં આવેલા સરદાર ચંદાવતની રાજભક્તિ, સ્વામી ભક્તિ તથા ઔદાર્ય આદર્શ સ્વરૂપ છે. તે સમયના ઉદયપુરના રાજપૂતોમાં કેવું ઉચ્ચું ખમીર હતું તેનું ઝળહળતા દૃષ્ટાંત સમાન તે છે. તેની પત્ની વીરબાળાએ પોતાના સ્વામીની પ્રતિજ્ઞામાં પ્રત્યવાય ન આવે માટે પોતાનું શિર કાપી આપ્યું તે શુદ્ધ રાજપૂતાણીની પ્રાતઃ સ્મરણીય સ્વામી ભક્તિનો એક ઉમદા દાખલો છે.

આ પુસ્તકના પ્રુફ બરોબર વાંચવાને ખાસ સંભાળ લેવામાં આવેલી છે પરન્તુ એક અઠવાડિયામાં આખુ પુસ્તક છપાએલું હોવાથી કેટલેક ઠેકાણે દૃષ્ટિ દોષ રહી ગએલા, હશે. હું

આશા રાખું છું કે વાંચકો તે સુનારી ને વાંચી લેશે.

મારા સ્વર્ગવાસી કાકા અમૃતલાલ કેશવલાલ નાયક જેમના 'કન્યા વિક્રયનો કેર કે અનાચારનો અખાડો' એ નામના પુસ્તકની પ્રસ્તાવનાએ મારા હૃદયમાં લેખક તરીકે બહાર પડવાની ઇચ્છા ઉત્પન્ન કરી તેમનો તથા મારા પ્રિય મિત્ર રારાયણ વિસનજી ચતુર્ભુજ ઠક્કુર જેમની સલાહ તથા સહાયથી આ પુસ્તક લખાએલું છે તથા મારા જે મિત્રોએ મને આ પુસ્તક લખવામાં તથા બહાર પાડવામાં મદદ કરી છે તે સર્વેનો આભાર માની આ લઘુ ગ્રંથની આ લઘુ પ્રસ્તાવના સમાપ્ત કરૂં છું. ઇત્યલમ

ત્રાગાળાવાડ, અમદાવાદ. } સાંકળચંદ મોહનલાલ નાયક.



અનુક્રમણિકા.

શોભીતા મજબુત અને ઘટ વાળ.

શું તમારા અરીસામાં મજબુત ચકચકીત ઘટ ઉગેલા વાળ ચીતાકરષક શોભીતા દેખાય છે? અથવા શું તેમાં વાળ નિસ્તેજ ખરી પડતાં દેખાય છે કે જે વાળની શોભા જલદીથી ઓછી થતી જાય છે પણ તેમાંથી હજી તદ્દન જતી રહી નથી? શું તમારા વાળ બહુજ ખરી પડે છે? શું તમારા માથામાં વારંવાર ખોડો પડે છે? તો

આ સઘળાનો ઈલાજ કામીનીઆ ઓઇલ છે. (રજીસ્ટર્ડ)

કામીનીઆ ઓઇલ વાળને બરાબર જોઈતું પોષણ આપી વાળના મુળને પુષ્ટી આપે છે વાળને યોગ્ય રીતે સુધારી ઉગાડવાને માટે વાળના મુળનું સંપુર્ણ પોષણ કરવું એ અત્યંત જરૂરનું છે. ખોપરી મજબુત કરે છે. અને વાળને ઘણી અસરકારક રીતે ઉગાડે છે. તે વાળ ખરી પડતા જલદીથી અટકાવે અને પાતળા પાંખા, અને અરધા ખરી પડતાં જેવા વાળને મજબુત બનાવી ઝટ ઉગાડે છે, અને તેજસ્વીને ચકચકીત બનાવે છે, જે શોભાને માટે ઘણી પ્રશંસા કરવામાં આવી છે. તેની સાથે જેઓના વાળ સારી હાલતમાં દેખાય છે તેઓને માટે વાપરવામાં ઘણુંજ ગુણકારક છે, કારણ કે તે બીજાં તેલોની માફક ડાઘ પડે તેવું કચરાવાળું તેમજ ચીકણું નથી પણ તે સુગંધમય ખુશબોની સાથે મગજને ટાઢક આપે છે. આ તેલ વિદ્યાર્થી તેમજ દરેક સ્ત્રી પુરૂષોને આશીરવાદ સમાન છે.

કિંમત દર શીશીનો રૂ. ૧. અને ત્રણ શીશીના રૂ. ૨-૧૦-૦ ૧ ડઝનના રૂ. ૧૦-૦-૦ વી. પી. ખરચ જુદું.

સોલ એજન્ટો:—એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.

નં. ૧૫૫, માર્કેટ જુમા મસજીદ, મુંબઇ.

"રાજસ્થાન" પત્રની ઑફીસમાંથી

અપાયેલી ભેટો.

૧ મદનચંદ્ર નવનીત કળા.

૨ પ્રમોદા યાને દિલેર દિલારામ.

કાશ્મિર અને કેસરી.

૪ કામરૂ દેશની કામિની.

૫ ચંદ્રિકા.

૬ અમૃત પુલિન અથવા પરતંત્ર મેવાડ.

૭ રાજપૂત પ્રતિજ્ઞા.

રાજપૂત પ્રતિજ્ઞા.

પ્રકરણ પહેલું.

નિરાશા! નિરાશા!!

Then black despair,
The shadow of a starless night was thrown
Over the world in which I moved alone.

SHELLY.

દુનિયા વિષે આનંદમાં સુખી દિનો તે ગાળતી,
કંઇ હર્ષના પુર બ્હારમાં બાળા અતિષે મ્હાલતી.
આવી અચાનક આપદા સુખ સર્વની હાનિ થઇ.
ગભરાઇ બાળા દુ:ખમાં બેબાકળી જાતે થઇ.

અનન્તોર્મિ

આજ વસંતઋતુના મધુમાસની અમાવાસ્યા હતી.

સંધ્યા કાળના વસંત વાયુની મંદમંદ લહેરિયો સંસારને સ્વર્ગ-સુખનો અનુભવ કરાવી રહી હતી. ઝાડોમાંથી સુંદર મર્મર અવાજ નીકળી રહ્યો હતો. ભગવાન્ સહસ્ત્રરશ્મિએ પોતાના હજારો કરો ઝાડની ડાળીઓમાં પ્રસારી તેમની શોભામાં અદ્વિતીય વધારો કરી મૂક્યો હતો. વિહંગ સમૂહો પોતાના પ્રિયમિત્ર વસંતનો વિભવ વિલોકી સાનંદ ગાન કરી રહ્યાં હતાં, જાણે એમ સૂચવતાં ન હોય કે પરમસુખદાતા પરમેશ્વરને આ રીતે ગાન કરી તે ધન્યવાદ આપી રહ્યાં હતાં! આવા પ્રાકૃતિક આનંદદાયક સમયે "રાજસ્થાન" માં આવેલા રૂપનગર નામક નગરના રાજભુવનમાં એક સોળ વરસની પરમ લાવણ્યવતી બાલિકા પોતાના હાથપર શિર અઢેલીને પૂર્ણ ગ્લાનિમાં બેઠેલી હતી. તેનાં ચક્ષુમાંથી અસહ્ય અશ્રુધારા વહન કરી રહી હતી. જાણે કોઇ મનુષ્યની વાટ જોતી નહોય તેમ વચ્ચે વચ્ચે તે

પોતાનું મોં ઉંચુ કરી, દ્વાર તરફ દૃષ્ટિ ફેંકતી હતી અને પછી નિરાશ થઇ ઉંડો નિઃશ્વાસ નાંખતી હતી. તેની આવી સ્થિતિ જોઇ હરકોઇ મનુષ્ય સહજ અનુમાન કરી શકે કે તેનાપર કોઇ પણ જાતનું ભયંકર દુઃખ વાદળ અવસ્ય તૂટી પડેલુ હોવુંજ જોઇએ. તે કોઇ કોઇ વાર આકાશ તરફ, તો કોઇકોઇ વાર દ્વાર તરફ દૃષ્ટિ ફેંકતી હતી અને કોઇકોઇ વાર પોતાના હાથપર માથાને અઢેલીને પૂર્ણ વિચારમાં નિમગ્ન થઇ જતી હતી. પણ આખરે કાંઇ પણ સુજ નહિ પડવાથી, મન હલકું કરવા માટે હૃદયવિદારક ક્રંદનસ્વરથી નીચે પ્રમાણે વિલાપ કરવા લાગી.

"હાય! હવે હું શું કરૂં ? ક્યાં જાઉં ? કોના આગળ મારૂં દુઃખ રડું! આજથી પંદરમે દિવસે જ્યારે બાદશાહ અહિં આવશે ત્યારે હું શું કરીશ ? ધારો કે હું તેની ઇચ્છાનો નિષેધ કરવામાં ફાવી તોપણ તે ચાલશે કેવી રીતે? તે રાક્ષસાત્મા ઔરંગજેબને કંઇ દયા છે ? તે કોઇપણ રીતે માને તેમ છે ? અરેરે ! જ્યારે તે મને જોર જુલમથી પકડી જશે ત્યારે હું શું કરીશ ? મારી કેવી દશા થશે? પ્રાણ અને આબરૂ કેવી રીતે સચવાશે ? અરે અનાથોના નાથ જગન્નિયંતા જગદીશ્વર! આ સંકટમાંથી મારૂં રક્ષણ કરનાર—બચાવનાર તુંજ છે. હવે હું ક્યાં જાઉં ! શું કરૂં ? તેની, હે પરમેશ્વર ! મને કંઇ સુજ પડતી નથી. હે દિનબંધો! તું મારો માર્ગદર્શક થા. ગમે તો જમીન આસમાન એક થઇ જશે તો પણ હું મારા દેશશત્રુ, ધર્મશત્રુ, દુષ્ટ યવનથી કોઇ પણ દિવસ વિવાહ કરનાર નથીજ. હે પરમકૃપાળુ પરમેશ્વર!

જો આપ ક્ષમા કરો તો હું આત્મઘાત કરી આપને શરણે આવું. જ્યાં લગી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો તુર્ક જોડે વિવાહ કરી હું આ તનને અપવિત્ર નહિજ કરૂં. ધર્મભ્રષ્ટ થઇ આ દુનિયામાં કલંકિત જીંદગી નહિંજ ગાળું. અરેરે પંદરમે દિવસે જ્યારે બાદશાહ ચઢી આવશે, ત્યારે હું મારા ધર્મનું રક્ષણ કયી રીતે કરીશ. જે નીચ તુર્કોને હું ખરા અંતઃકરણથી ધીકકારૂં છું, જેમનું નામ સાંભળવા તથા દેવા પણ હું ચહાતી નથી, જેમના સ્પર્શને પણ હું અપવિત્ર માનું છું અને જાણે અજાણે જો કદિ કોઇનો સ્પર્શ થાય છે, તો તે દિવસ ઉપવાસ પાળું છું, જે રાક્ષસોનો સ્પર્શ ન થાય એ માટે આખી જીંદગી અવિવાહિત રહી, ઇશ્વર ભક્તિમાં આયુષ્ય પૂરૂં કરવાનો મેં સંકલ્પ કર્યો છે. હાયા હાયા! તેજ તુર્કોનો, તેજ નરપિશાચોનો, તેજ નીચોનો, મારે સ્પર્શ કરવો પડશે? તેમની જાતમાંજ વિવાહ કરવો પડશે! તેમના પાદશાહનીજ પત્ની થવું પડશે. અરેરે મારા એ જીવતરપર લાખો અને કરોડોવાર ધિકકાર હજો. મારે યવનેશ્વરની બેગમ થવું પડશે એ વિચારજ મારા હૃદયને ચીરી નાંખે છે. હવે મારે શું કરવું તેની સલાહ આપનાર અહિં કોઇ નથી. મારા કાકાને બોલાવી લાવવા માટે મેં દાસી મોકલી હતી પરંતુ તેઓ હજુ સુધી કેમ નહિ આવ્યા હોય ? દિવસ વહી ગયો છે, સંધ્યા પડી ચૂકી છે. અંધકારે પોતાનું સામ્રાજ્ય ચલાવવા માંડયું છે. તથાપિ મારા કાકા કેમનહિ હજુ આવ્યા હોય? તેઓ આવશે કે નહિ તે પણ કેમ કળી શકાય? તેઓ એટલા બધા નિષ્ઠુર થઇ ગયા છે કે જ્યારથી તેઓએ મને અહિં રહેવા મોકલી છે ત્યારથી મારી કોઇ પણ જાતની

ખબર અંતર કાઢીજ નથી કે હું જીવું છું કે મરી ગઇ છું ? જ્યારે આમ છે ત્યારે પછી તેમના આગમનની આશા તો કયાંથીજ રાખી શકાય ? આજ આ અનાથિનીનું કોઇ સગું નથી. જો હું અભાગિની નહોત તો મને આમ રઝળતી મૂકી મારા પિતા અકાળ મૃત્યુએ મરતજ કેમ ? જો સિંહ સમાન મારો બાપ મારા માથા પર ગાજતો હોત તો દુષ્ટ યવનેશ્વર મારી જોડે લગ્ન કરવાની ઇચ્છા પણ કરી સકત ? અરેરે ! કોના આશરા તળે હું મારા ધર્મની રક્ષા કરી શકું ?

આ પ્રમાણે રોતી કકળતી અજ્ઞાત યૌવના થાકથી લોથ પોથ થઇ જઇ જમીન ઉપર ઢળી પડી. ત્યાં તેની સંભાળ લેવાને કોઇ પણ માણસ હાજર નહોતું. તેની આવી સ્થિતિથી આપણે જાણી શકીયે કે આ અનાથિનીનું આ ભર્યા સંસારમાં કોઇ જ નહિ હોય.



પ્રકરણ બીજું.

રામસિંહ.

Hope, like the gleaming taper's light,
Adorns and cheers the way;
And still, as darker grows the night,
Emits a brighter ray.

Ibid

પડે જો કદિએ અતિ દુઃખ માથે
જવું ના મુઝાઇ ખરી રીત તે છે.
કરે જે પ્રયત્નો દુઃખે મુક્ત થાવા
ગણો તે પુરૂષો ખરી નારી જાયા.

આનંદોર્મિ

એક પહોર રાત્રિ વીતી ગઇ હતી. જો કે ઋતુ નિર્મળ હતી તોપણ અમાવાસ્યાને લીધે સર્વત્ર અંધકાર છવાઇ રહ્યો હતો. ગત પ્રકરણમાં વર્ણવ્યા પ્રમાણે બાલિકા અચેતના

વરસાદમાં પડેલી જ હતી પાસે બેઠેલી એક સ્ત્રી તેને પંખાવતી વા ઢોળી રહી હતી. બંનેની પાસે એક વીર પુરૂષ ઉભો હતો. તેની કેડના પટ્ટામાંથી એક તિક્ષ્ણ તરવાર લટકી રહી હતી. પ્રિય વાંચનાર ! આ વીર નર બાલિકાના કાકા રામસિંહ સિવાય બીજું કોઇજ ન હતું. તે વીરપુંગવ આખા રાજસ્થાનમાં એક બહાદુર યોદ્ધા તરીકે પ્રસિદ્ધ હતો. દાસી મારફતે તેની ભત્રીજીએ તેને બોલાવ્યો હતો માટે જ કાંઇ અગત્યનું કામ ધારી તે અહિં આવ્યો હતો.

દાસીએ ઘણા પ્રયત્ન કર્યા ત્યારે બાલિકાને કાંઇક શુદ્ધિ આવી. આંખ ઉઘાડી તેણે જોયું તો, તેનો એકનો એક આધાર, તેનો કાકો તેની નજરે પડયો. તેને જોતાં જ તે એકદમ બેઠી થઇ ગઇ. તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં અને ગદ્‌ગદિત કંઠે તેણે કહ્યું " કાકા મારાપર દુઃખનાં ઝાડ ઉગ્યાં તોપણ તમે તો મારી સંભાળ લીધીજ નહિ. મારા સુખ અને દુઃખના આધાર તમેજ છો અને જ્યારે તમેજ મને ભુલી જાઓ ત્યારે આ સંસારમાં બીજા કોના આધારે હું જીવી શકું ? તમારા સિવાય મારો બેલી બીજો કોણ છે ? મારા પિતાના મરણ પછી તમે તો મારી સંભાળ પણ નથી લીધી કે હું જીવું છું કે મરી ગઇ છું.? મારે તો ઉપર તમે અને નીચે ધરતી માતા જ છે. તે સિવાય મને બીજા કોનો આધાર છે ? આમ કહેતાં કહેતાં તેનું અંતઃકરણ ભરાઇ આવ્યું. તેનાથી કાંઇ પણ આગળ બોલી શકાયું નહિ. તેની આવી સ્થિતિ જોઇ રામસિંહનું અંતઃકરણ દયાથી પીગળી ગયું.

બેટા રૂપસુંદરી ! રામસિંહે દ્રવિત અંતઃકરણથી કહ્યુ. તુ મને કહે તો ખરી કે તું આટલી બધી રડે છે શા સારૂ? ક્યા પાપીએ તારૂં દિલ દુભવી યમનું નોતરૂં માગી લીધું છે ? તારે શું દુઃખ છે? તું શાથી વિલાપ કરે છે તે મને કહેતા ખરી ? વિના કહે હું ક્યાંથી જાણી શકું કે તારે શું દુઃખ છે? તું મારી ભત્રીજી છે તથાપિ હું તો તને મારી પુત્રી સમાજ ગણું છું. તારે જે દુઃખ હોય તે બેલાશક કહી દે તે દૂર કરવાને મારાથી બનતું કરવા હું તૈયાર છું.

કાકાની આવી આશ્વાસનમય વાણી સાંભળી રૂપવતીના જીવમાં જીવ આવ્યો. સંસારમાં મારે માટે વધારે નહિ તો એક મનુષ્યને પણ લાગણી છે એમ તેને લાગવા માંડ્યું. તેનામાં કાંઇક ધૈર્ય આવવા માંડયું. આખરે આંસુ લોતાં લોતાં તે બોલી. " કાકા, જે ભયને લીધે અવિવાહિત રહી કુંવારી જીંદગી ગાળવાનો મેં સંકલ્પ કર્યો હતો અને જે ભયને લીધે સંસાર ત્યાગી યોગિનીની માફક વર્તી જીંદગી પૂરી કરવાનું તથા પર પુરૂષનું મોં સુદ્ધાં નહિ જોવાનું મેં પણ લીધું હતું તેજ ભય મારા કમનસીબે હાલમાં ઉત્પન્ન થયો છે. આ દાસી મારફતે [illegible] મળી છે કે પાપાત્મા ઔરંગજેબે કોઇ પણ જોખમે, મને પરણવાનો નિશ્ચય કર્યો છે અને પોતે લશ્કર લઇ પૂર્ણિમાના દિવસે રૂપનગર પર ચડી આવવાનો છે. સ્વપ્નમાં એ મુસલમાનનું મોં નહિ જોવાનો મેં નિશ્ચય કર્યો છે, તો તે સાથે વિવાહ કરૂં જ કેમ ? મ્લેચ્છની સાથે વિવાહ કરવા

કરતાં મરવાને હું તૈયાર છું. જો કાંઇ પણ ઉપાય નહિ ચાલે તો છેવટે આત્મઘાત કરવાની પણ મેં દૃઢ પ્રતિજ્ઞા કરી છે."

"શું તારી મરજી વિરુદ્ધ ઔરંગઝેબ તને પરણવા આવે છે? રામસિંહે આશ્ચર્ય ચકિત થઇ સવાલ કર્યો." મેં તો એમ જ ધાર્યું હતું કે તું કોઇ દુષ્ટના ફંદામાં ફસાઇ ગએલી છે અને બેગમ બનવાને રાજી છે. જ્યારે આ વાત મારા સાંભળવામાં આવી ત્યારે મને એટલો બધો ક્રોધ ચડ્યો હતો કે હવે તારૂં મોં પણ નહિ જોવાનો મેં નિશ્ચય કર્યો હતો. એ વખતે મને એમ જ લાગ્યું હતું કે રૂપવતીએ આ શું કર્યું.? શું સિંહણે શિયાળ સાથે સંબંધ સાધવાનું યોગ્ય વિચાર્યું? શું શુદ્ધ ક્ષત્રિય કુળમાં જન્મી મ્લેચ્છ યવનનની સાથે પરણવા મરજી કરી? શું મારા ભાઇની કન્યા, મારી ભત્રીજી, મુસલમાનને પરણવા નીકળી! દેશ શત્રુ, ધર્મ શત્રુ, પામર તુરકડાને પોતાનો પતિ બનાવવાની હદ સુધી શું તે પતિત થઇ ગઇ? સુખ અને ઐશ્વર્યને માટે પાપિની બની શું તે કુળ બોળવા બેઠી? રાઠોડ જેવા પવિત્ર કુળને સદાને માટે કલંકિત કરવા બેઠી? અને તે પણ પોતાની રાજીખુશીથી? આ વાત મેં જ્યારથી જાણી ત્યારથી હું ક્રોધથી બળ્યો બળ્યો થઇ રહ્યો હતો. અને તેજ કારણને લીધે તારી પાસે આવવાનું પણ મેં છોડી દીધું હતું. પણ હવે મારો એ સંદેહ દૂર થઇ ગયો છે. તું શુદ્ધ રાજપૂત બાળા છે, તું કોઇના ભરમાવ્યાથી ભરમાએલી નથી. તું યવનોને આપણા કુળ રિવાજ પ્રમાણે જ ખરા અંતઃકરણથી ધિક્કારે છે. તેમને પરણવા તું નથી ઇચ્છતી દુરાત્મા ઔરં-

ગજેબેજ તારા પર કુદષ્ટિ કરી છે. પણ હવે હું તેને બતાવી આપીશ કે રાજપૂત કન્યા પર કુદષ્ટિ કર્યાથી શું પરિણામ નીવડે છે! પણ આ પૂર્ણિમાએ જ ઔરંગજેબ અહિં આવવાનો છે. હવે ફકત પંદરજ દિવસ બાકી છે. જે કાંઇ પણ કરવું હોય તે ઘણુંજ જલદીથી કરવું જોઇએ. અત્યારે શું કરવું ઉચિત છે? " એમ કહેતાં કહેતાં રામસિંહ મૌન થઇ ગયો, કોઇ ગંભીર વિચારમાં ઉતરી પડયો. ને કેટલાક વખત પછી શીઘ્રતાથી બોલ્યો. " બેટા રૂપસુંદરી " રામસિંહે પોતાનો વિચાર જણાવતાં કહ્યું. " મને બે વિચાર સૂઝે છે. એક તો એ કે મારી પાસે જે બાર હજાર સ્વાર છે તે વડે ઔરંગજેબના સાથે યુદ્ધ કરી તારો બચાવ કરવો. પરંતુ અનુમાન થાય છે કે તે અવશ્ય પોતાની સાથે વિશાળ સૈન્ય લઇને આવશે કારણ કે તે બહુ સારી પેઠે જાણે છે કે કોઇને કોઇ પ્રકારે યુદ્ધ તો અવશ્ય થવાનુંજ છે. મને મદદ કરે એવો આ રાજસ્થાનમાં એક સિવાય બીજો કોઇ પણ રાજા અસ્તિત્વ ધરાવતો નથી. વસ્તુસ્થિતિ આવી હોવાથી બાદશાહ જોડે લડી તેને પરાસ્ત કરવાની આશા રાખવી તે તો માત્ર આકાશકુસુમ સમાનજ છે. તારા ધર્મનું રક્ષણ કરતાં કામમાં આવું તો મારો જન્મ સફળ થયો એમ હું માનું છું પરંતુ મને જે ચિંતા થાય છે તે એ છે કે મારા મરણ પછી તારા ધર્મની રક્ષા કોણ કરશે? મારા મરણ પછી તારે આત્મઘાત કરવો પડે તો પછી મારા પરાક્રમ અને પરિશ્રમનું ફળ શું! બીજો વિચાર જે બુદ્ધિથી પૂર્ણ છે તે એ છે કે તારે હિંદુપતિ મહારાણા રાજસિંહ સાથે પરણવું. જો તું

મહારાણા સાથે વિવાહ કરવાનું અંગીકાર કરે અને મહારાણા લશ્કર લઇ મારી મદદે આવે તો આપણો મનોરથ ઘણીજ શીઘ્રતાથી સરળ થઇ શકે તેમ છે. ધર્મ રક્ષણ માટે યવનેશ્વર સાથે વેર કરનાર રાણા રાજસિંહ સિવાય બીજો કોઇ પણ રાજા આ દુનિયામાં અસ્તિત્વ ધરાવતો નથી. રાજપૂતોમાંથી રાજપૂત તેજ ચાલ્યું ગયું છે. તેઓ મુસલમાનોના ખરીદાએલા ગુલામ—લોંડા—થઇ ગયા છે. રાજપૂતોનું ખરૂં નામ જો કોઇએ રાખ્યું હોય તો તે ઉદયપુરજ છે. ઉદયપુરેશ્વર મહારાણો રાજસિંહજ પોતાનો ક્ષત્રિય ધર્મ પાલન કરનાર, શરણાંગતની રક્ષા કરનાર અને અનાથોનો પોકાર સાંભળનાર ધર્મ વીર છે. તેના સિવાય ઔરંગજેબની જોડે નિર્ભયતાથી વેર બાંધનાર કોઇ પણ માઇનો પૂત હું જોઇ શકતો નથી. જો તારી ઇચ્છા હોય, જો તું તેમની સાથે વિવાહ કરવા કબૂલ થતી હોય તો હું તારો પોકાર તેમના મોં આગળ મૂકું. તું તેમને શરણે છે એ તેમને નિવેદન કરૂં. તારી જે ઇચ્છા હોય તે શીઘ્રતાથી જણાવી દે.

" કાકા, " રૂપવતીએ કહ્યું " ઉદયપુરના મહારાણા સાથે લગ્ન કરવાની ના મારાથી કદીજ કેમ શકાય ! એવો નર પુંગવ, ધર્મ પાલક અને વળી એવી પવિત્ર અને નિષ્કલંક ગાદીનો ધણી મને શોધ્યો પણ મળે તેમ હતું ! જેના પૂર્વજે અનેક પ્રકારનાં સંકટ ખમ્યાં, પરન્તુ દિલ્હીના પ્રતિભાશાલી યવનરાજને શિર ન નમાવ્યું તે નજ નમાવ્યું, જેના પ્રતાપી કુળે હજુ સુધી મ્લેચ્છોની સાથે કોઇપણ જાતનો સંબંધ બાંધ્યો નથી

તેવા પ્રતિષ્ઠિત અને પ્રતાપી કુળમાં પરણાવવાને જો હું ના પાડું તો પછી મારા જેવી હીણભાગી મૂર્ખ કોણ ? હું મારા કુળની વિમળ માનપ્રતિષ્ઠા જાળવવા માટે, મારા ધર્મના રક્ષણને માટે, મ્લેચ્છોની જોડે સંબંધ બાંધી અપવિત્ર બનતાં બચવા માટે, અને આત્મહત્યાના મહા પાતકમાંથી બચવા માટે યોગિનીધર્મ ત્યજી દઈ મહારાણા રાજસિંહ સાથે સંબંધ બાંધવા રાજી છું. હું તેમને પરણવાનો સ્વીકાર કરૂં છું.

" તું જ્યારે મહારાણા સાથે પરણવા તૈયાર છે ત્યારે મને સોળેસોળ આના ખાતરી છે કે તે ઉદાર ચિત્ત મહારાણા શરણાંગત અબળાનો તિરસ્કાર નહિજ કરે. અસ્તુ. હું મારા તરફથી મહારાણાને એક પત્ર લખું છું. તું પણ મહારાણાની સેવામાં મોકલવા માટે એક પત્ર તૈયાર કર

બંનેએ એકેક પત્ર લખી તૈયાર કર્યા. પછી ગોરને બોલાવી તેમને બધી બાબતથી માહેત કરી તે પત્રો તેમને આપ્યા અને એક પવન વેગી સાંઢણી મારફતે તેમને ઉદયપુર તરફ રવાને કર્યા.





પ્રકરણ ત્રીજું.

પત્ર

મેવાડની ભૂમીજ આ તો હિન્દુઓનું નાક છે.
તેનાજ ગૌરવ તેજથી ક્ષત્રી ઘણા વખણાય છે.
યવનો તણા જે ત્રાસથી દુખે અતિ વિલાપતા
તે વીર પ્રસવી ભૂમીનો, આવી શરણને ધારતા.

અનહદ.

મધ્યાન્હકાળનો સમય થઇ ગયો હતો. ભગવાન્ ડામ ત દેવ પોતાના પ્રકાશથી જગતને આલોકિત કરતા કરતા ધીમે ધીમે અસ્તાચળ તરફ ગમન કરતા હતા. આજ મેવાડની વર્ત-

માન રાજધાની ઉદયપુરમાં મોટી ભીડ માલુમ પડતી હતી. આજે એક ખાસ દરબાર ભરાવાનો હોવાથી મેવાડના અનેક જમીનદારો અત્રે એકત્રિત થયા હતા. ધીમે ધીમે, ભારે ઠાઠ માઠથી, દરબાર ભરાઇ રહ્યો હતો.

ઉદયપુરના વર્તમાન પતિ સિસોદિયાકુળભૂષણ હિંદુઓના ઇંદ્રમહેંદ્ર મહારાણા રાજસિંહ પોતાના પૂર્વજોના નિષ્કલંક સિંહાસન પર બિરાજ્યા હતા. તેમના માથા પર મેવાડનું પવિત્ર છત્ર વિરાજી રહ્યું હતું. અમાત્યગણ પોત પોતાને યોગ્ય સ્થાને ઉપસ્થિત હતું, સકળ સામંત મંડળ યથાસ્થાન-ક્રમાનુસાર-બેઠું હતું. યવનાધિપતિ ઔરંગજેબના અત્યાચારની અને ભારતના રાજપ્રબંધની વાતો ચાલી રહી હતી. વચ્ચે વચ્ચે મહારાણા કોઇ કોઇ સરદારને સવાલ પૂછતા હતા. આવી રીતની ઘટના ચાલી રહી હતી એટલામાં ચોબદારે આવી કહ્યું. "મહારાજાધિરાજ! રૂપનગરથી રામસિંહ રાઠોડે મોકલેલા ગોર બહાર ઉભા છે. શ્રીમાનની આજ્ઞા હોય તો તેમને અંદર આણું."

"તેમને ઘણાજ આદરથી અંદર લાવ" મહારાણાએ પ્રત્યુત્તર આપ્યો.

આજ્ઞા થતાંજ ચોબદાર બહાર ગયો અને ગોરને સાથે લઇ દરબારમાં દાખલ થયો. મહારાણાને તે યોગ્ય આશિર્વાદ આપી તથા તેમના હાથમાં પત્ર મૂકી તે ગોર કેટલેક દૂર ઉભા રહ્યા. મહારાણાએ એ પત્ર અથથી ઇતિ સુધી વાંચ્યા એટલીવાર તે ગોર તે જગ્યાએજ ઉભા રહ્યા. પત્ર વાંચી રહ્યા પછી મહારાણાએ કાંઇ જવાબ આપ્યો નહિ

પણ ગંભીર વિચારમાં ડૂબી ગયા. ચિતોડાધિપતિને આ પ્રમાણે ચિંતાગ્રસ્ત દેખી મેવાડનો પ્રધાન સરદાર ચંદાવત બોલી ઉઠયો. "મહારાજાધિરાજ પત્રમાં શું લખ્યું છે ? તે વાંચીને આપ ચૂપ કેમ થઇ ગયા ?

આ સાંભળી કાંઇપણ બોલ્યા ચાલ્યા વિના રાજસિંહે તે બે પત્રો ચંદાવતના હાથમાં મૂકયા.

"શું આ પત્રો વાંચવાની મને રજા છે?" ચંદાવતે પ્રશ્ન કર્યો.

"હા" રાણાએ રજા આપતાં કહ્યું. "તેમાં એવી કોઈ ગુપ્ત બાબત નથી કે જે સર્વ જણને જણાવી ન શકાય. આ પત્રો એટલા મોટા સાદે વાંચો કે જેથી સર્વ સામંત સરદારો તે બરાબર સાંભળી શકે.

આવી આજ્ઞા સાંભળી સરદાર ચંદાવતે પહેલો પત્ર ઉચ્ચ સ્વરથી વાંચવા માંડયો. તેનો આશય નીચે પ્રમાણે હતો.

સિદ્ધિ શ્રી ૧૦૮—સર્વોપમા યોગ્ય શ્રી ભારતભૂષણ ક્ષત્રિય કુલ ગૌરવ, રાજસ્થાન કેશરી, હિંદુ સૂર્ય શ્રીમાન મહારાણાશ્રી રાજસિંહની સેવામાં સેવક રામસિંહ ઠાકોરના રામરામ. કુશલોપરાંત વિશેષ નિવેદન કરવાનું એ છે જે મારા મોટા ભાઇ શાહજહાંન બાદશાહના લશ્કર જોડે લડતાં માર્યા ગયા હતા તે તો આપને વિદિત છે જ. તેમને એક પુત્રી છે જેણે પોતાના પિતાના મરણ બાદ કેટલેક દિવસે મને જણાવ્યુ હતું કે હું કોઇ પણ મનુષ્ય સાથે લગ્ન કરવા ઇચ્છતી નથી. કારણ કે ઇશ્વર ભક્તિમાંજ હું મારૂં જીવન પૂરૂં કરવા માગું છું. એમ કહી મારી

રજાથી તે એકાંતવાસમાં રહેવા લાગી હતી. પોતાના કામકાજ માટે એક દાસી સિવાય બીજા કોઇને પણ તે પોતાની પાસે આવવા દેતી નહોતી અથવા પોતે પણ બીજા કોઇને પોતાનું મોં સુદ્ધાં પણ બતાવતી નહોતી. આ પ્રમાણે એકાંતમાં તે પોતાનું જીવન ગાળી રહી હતી. પરન્તુ તેની સુંદરતાની ખ્યાતિ છેક દિલ્હી સુધી પહોંચી ને દુરાત્મા ઔરંગજેબે તેને જોર જુલમથી પરણવાનો નિશ્ચય કર્યો છે. આ પૂર્ણિમાના દિવસે તે રૂપનગર તેને જોર જુલમથી પરણવા આવવાનો છે. તે બાઇ તો મ્લેચ્છોને પોતાનું મોં સુદ્ધાં બતાવવા પણ ઇચ્છતી નથી. જો ભૂલે ચૂકે કોઇ મ્લેચ્છનો સ્પર્શ થાય તોપણ તે સ્નાન કરે છે. જે બાઇ આવી પવિત્રતાથી પોતાની જીંદગી ગાળે છે તે મ્લેચ્છની સાથે લગ્ન કરેજ કેમ ? તે તો મ્લેચ્છને પરણવા કરતાં આત્મહત્યા કરવા વધારે રાજી છે. આખા ભારતવર્ષમાં આપના સિવાય બીજો કોઇ પણ એવો ક્ષત્રી વીર નથી કે જે આ અનાથ—નબાપી બાળાની વહારે ચડે. અને દુરાત્મા ઔરંગજેબની સાથે વિરોધ કરી તેને તથા તેના ધર્મને બચાવે. માટેજ આ પત્રદ્વારા આપને પ્રાર્થના કરવામાં આવે છે કે ' આપ ગૌબ્રાહ્મણ અને અબળાઓના રક્ષણ કરનાર ત્રાતા છો. આજે લાખો ભારત સંતાન આપના છત્ર તળે પોતાનો ધર્મ પાળી રહ્યાં છે. દુષ્ટ ઔરંગજેબથી પિડિત થએલા અગણિત લોકોને આપ આપના શરણમાં લઇ જેવી રીતે તેમને નિર્ભય કરો છો તેવી જ રીતે આ સાધ્વી બાઇને પણ યવનના પંજામાંથી બચાવી સ્વયં તેની જોડે પાણી ગ્રહણ કરશો. આ બાબતમાં તે બાળાની પણ અનુમતિ છે અને તેણે પણ એક જૂદો પત્ર લખ્યો છે. મને આશા છે કે આપના જેવા

ધર્મવીર આ અબળાનો પોકાર ધ્યાનમાં લઈ તેની પ્રાર્થનાનો સ્વીકાર કરશેજ. જો કૃપા કરી તેની પ્રાર્થનાનો સ્વીકાર કરી આપ અત્રે આવશો તો મારા બાર હજાર માણસો સાથે મરતા સુધી હું આપની સેવામાં હાજર રહીશ. હવે વખત ઘણો જ થોડો છે માટે જેમ બને તેમ ત્વરાથી પધારશો. પણ જો તે અભાગિની બાઈના દુર્દૈવ્યે આપ બાદશાહ જોડે વેર બાંધવા રાજી ન હો તો આ પત્ર લાવનારની જોડે યથાયોગ્ય જવાબ મોકલશો કે જેથી બાદશાહને રોકવાને મારાથી બનતો પ્રયત્ન કરૂં અને તે બાઈ પણ હું યુદ્ધમાં પડું તે પહેલાં આત્મહત્યા કરવાનો યોગ્ય પ્રબંધ કરી મ્લેચ્છના હાથમાં પડતાં બચે. સરદાર ચંદાવત, શક્તાવત વગેરેને મારા યથાયોગ્ય ઘટીત જણાવશો. પત્ર ઘણો ઉતાવળથી લખાએલો હોવાથી જો કાંઈ ભૂલચૂક રહી ગઈ હોય તો માફ કરશો. એજ અંતિમ વિનય. ચૈત્ર શુદ ૧)

લી૦

આપનો આજ્ઞાંકિત

રામસિંહ રાઠોડ.

આ પત્ર વાંચી રહ્યાબાદ ચંદાવતે બીજો પત્ર જે કુમારી રૂપવતીએ લખેલો હતો તે નિમ્નાનુસાર વાંચવા માંડયો.

"નિર્મળ સિસોદિયા વંશના નાયક, મેવાડની પવિત્ર તથા નિષ્કલંક ગાદીના સ્વામી, ભારતગૌરવદર્શક અશરણશરણ શ્રીમાન હિંદુપતિ ઉદયપુરના મહારાણાની પવિત્ર સેવામાં આ દાસીના પ્રણામ. મારા કાકા રામસિંહના પત્રથી આપ નેક નામદારને

વિદિત થયું હશે કે મને અસ ... અબળાને યવનરાજ "આરં-ગઝેબ જોર જુલમથી હરી જવા માગે છે. પરંતુ હું તો મારા અંતઃકરણથી આપને વરી ચૂકી છું. આપ મારા નિષ્કલંક પ્રેમરાજના અધીકારી છો. આપ સિવાયના સર્વ પુરૂષોને હું મારા ભાઇ બાપ સમાન જ ગણી ચૂકીછું માટે સંકટમાં આવી પડેલી આપની આ દાસીનો જલદી આવી ઉદ્ધાર કરો નહિતો તે તેનો પાપી પ્રાણ ઝાઝો વખત રાખી શકશે નહિ.

ધર્મનું રક્ષણ કરતાં મરવાથી હું બીતી નથી પરન્તુ શાસ્ત્રમાં કહ્યું છે કે આત્મઘાત કરવો તે મહા પાપ છે, માટેજ મેં આપનું રક્ષણ માગ્યું છે. જો આ અભાગિનીને આપ શરણ નહિ આપો તો પરમેશ્વરની ક્ષમા માગી અવશ્ય તેને આ શરીર અર્પણ કરીશ. આપનું કુલ અને ગાદી નિષ્કલંક છે. શરણા-ગતનીરક્ષા કરવી તે ક્ષત્રીનો મુખ્ય ધર્મ છે. આપને પોતાના પતિ માની ચૂકેલી તથા પોતાના ધર્મની રક્ષાને માટે પ્રાણ અર્પવા તૈયાર થએલી એક બાઇની જો આપ રક્ષા નહિ કરો તો આ-પના કુલીન કુળની વિમળ પ્રતિષ્ઠાને ખામી લાગશે શું રાજ હંસ-ણીને ગીધ લઇ જશે? શું દેવતાઓના ભાગને દાનવો લૂંટી ખાશે? શું અનાથ બાળાને યવનરાજ પોતાની પત્ની બનાવશે ? અને આપ તે ટગર ટગર જોયાં કરશો? જે પ્રતિષ્ઠાને માટે સિસોદિયાઓએ પોતાના લાખો પુત્રોને રણમાં રઝળાવ્યા છે, રાજ ગુમાવી જંગલે જંગલ ભટક્યા છે તે પ્રતિષ્ઠાને જ શું તેઓ કલંક લગાડશે ? એમ બનેજ કેમ ? જો એમ બન્યું તો ભારતની પ્રસિધ્ધ પવિત્રતા અને નિઃસહાય હિંદુધર્મ કેવી-

રીતે ટકી શકશે ? હે કરૂણાસિંધુ! પવનની સાથે નહિ પરણુવાની જે પ્રતિજ્ઞા મેં લીધી છે તે પ્રતિજ્ઞાના પાલન માટે મુજ અનાથિની અબલાને શરણુ આપો. મને બચાવો, બચાવો, નહિતો હું આત્મ હત્યા કરીશ તેનું પાપ આપને માથે. અન્તે નિવેદન કરવાનું એ છે કે આ પત્રનો ઉચિત ઉત્તર આપી આ દાસીને સંતોષિત કરી કૃતાર્થ કરશો એવી આશા છે. શુભમસ્તુ.

લી.

આપને અંતઃકરણથી વરી ચૂકેલી આપની દાસી,

રૂપવતી.

રાજકુમારી રૂપવતીની આ દુઃખપૂર્ણ પ્રાર્થના સાંભળી સર્વ સરદારોના હૃદયમાં દયા તથા વીરતાનો સંચાર થયો, પરન્તુ સર્વેએ શૂન્યભાવથી મૌનાવલંબન કર્યું. ધારો કે આખી સભા આ મહાન કાર્યના આરંભ તથા પરિણામના વિચારમાં લીન થઇ ગઇ.

પ્રકરણ ચોથું.

સંમતિ.

Gretatness and goodness are not means, but ends!
Hath he not always treasures, always friends,
The good great man ? three treasures,–love, and light,
And clam thoughts, regular as infant's breath;
And three firm friends, more sure than. day and night,—
Himself, his Maker, and the angel–Death.—

COLERIDGE,

ઉદયપુરનો મહાન્ દરબાર આ પ્રમાણે મૌનાવસ્થામાં હતો, દરબારની આવી દશા દેખી રૂપનગરનો ગોર પણ જે જ-

આએ ઉભો હતો ત્યાંને ત્યાંજ કાષ્ટવત ઉભો હતો. મેવાડ નરેશને આમ ચૂપ દેખી બીજા સઘળા સામન્ત સરદારો પણ તેનું અનુકરણ કરી રહ્યા હતા. કોઇ પણ માણસ ચૂં કે ચાં કરતું ન હતું પરન્તુ આપણો પૂર્વ પરિચિત વીરનર સરદાર ચંડાવત કે જે સિસોદિયા વંશનો પ્રધાન સરદાર હતો, જે મેવાડની પહેલા દરજ્જાની જાગીર સલુમ્બરાનો અધીશ્વર હતો, દરબારમાં જેનું સ્થાન સર્વથી પહેલું, મહારાણાની ડાબી બાજુએ હતું અને રાજ્યપ્રકરણી દરેક બાબતમાં જેને મહારાણા સાથે છુટથી બોલવાનો અધિકાર હતો તે પોતાને આપવામાં આવેલા બન્ને પત્રો વાંચી રહ્યા પછી મહારાણા રાજસિંહને આવી સ્થિતિમાં ચૂપ બેઠેલા જોઇ મનમાં વિચાર કરવા લાગ્યો કે " મહારાણા આ રાજકુંવરીનો પ્રાર્થના પત્ર વાંચી આમ ચૂપ કેમ થઇ ગયા હશે? તેની સાથે લગ્ન કરતાં તેમને ભય તો નહિ લાગતો હોય ? તે બાદશાહ સાથે બગાડવા નથી ઇચ્છતા એમ તો નહિ હોય ! જે હોય તે વાતનો અત્યારેજ નિર્ણય કરવો તે ઉચિત છે" એમ વિચારી આખા દરબારની શાન્તિનો ભંગ કરતાં કરતાં તેણે કહ્યું.

" મહારાજ,! આ પત્ર વાંચી આપ ચિંતાતુર કેમ થઇ ગયા છો ? એમાં વિચાર કરવા જેવું શું છે ? પોતાના હૃદયથી તે કન્યા આપને વરી ચૂકી છે. જો આપ તેની રક્ષા નહિ કરો તો શું આપ તેને મ્લેચ્છના હાથમાં જવા દેશો ? કે તેની આત્મહત્યાનું પાપ પોતાના શિર લેશો ? શું સંસારમાંથી ક્ષત્રિય ધર્મનો વિ-

નાશ થઈ ગયો! જે કન્યા આપને પોતાના પતિ માની ચૂકેલી છે તેને શું તુર્ક પરણશે. શું મેવાડની રાજમહિષી ઓરંગજેબની બેગમ બનશે? હિંદુપતિની જે માન પ્રતિષ્ઠાને માટે મેવાડના અમારા બાપદાદાઓએ અને વીર માતાઓના લાખો સુપુત્રોએ પોતાના પ્રાણનો પણ ભોગ આપ્યો હતો તેજ પ્રતિષ્ઠા તેજ મેવાડનો અધીશ્વર શું ધૂળ મેળવશે? પોતાની રાણીને મુસલમાન તુરકડાના હાથમાં જતી જોઇ તે બેસી રહેશે શું ? જે મેવાડાધિપતિ શરણાગતની રક્ષાને માટે અને પોતાની અચળ પ્રતિષ્ઠા બચાવવાને માટે લાખો ક્ષત્રીઓનું બલીદાન આપતા, પોતાનો પ્રાણ ખોતા, રાજ્ય ગુમાવી જંગલે જંગલ અને પહાડે પહાડ રખડતા, અનેક જાતનું-અસહ્ય દુઃખ વેઠતા શું તેજ મેવાડાધિપતિઓનો વંશ જ તેની શરણે આવેલી એક અબળાને અને તે વળી પોતાનીજ સ્ત્રીને યવનના હાથમાં પડવા દેશે ? શું વાંદરાનાં હાથમાં હીરાનો હાર જવા દેશે ? મેવાડનો મહારાજા દિલ્હીના બાદશાહથી બ્હીઃ જશે ? શું સિંહ શિયાળનું નામ સાંભળતાં ડરી જશે? શું બાપા રાવળના વંશજ રાજ્ય ખોવાથી વા રણમાં મરવાથી બીહીશે ? શું રાજપૂત કુળદિપક, હિન્દુસૂર્ય, ક્ષાત્રપાળ પ્રતાપસિંહના વંશજ જંગલે જંગલ ભટકવાથી બ્હીશે ? શું પૃથ્વી તળ ઉપરથી ક્ષત્રી બીજ બળી ગયું કે શરણ શરણ પોકારતી રાજપૂત કન્યાને યવનો ઉપાડી જશે ? શું ક્ષત્રાણીઓએ શુદ્ધ ક્ષત્રીને બદલે કાયર પુત્રો જણવા માંડયા ? મહારાજ ! મનુષ્ય માત્ર મરવાનું તો છેજ, જે આવ્યું તે જવાનું તો છેજ. શું આપણા બાપદાદા નથી મરી ગયા કે આપણે અમર રહીશું ? આ નશ્વર શરીરનો નાશ કોઇને કોઈ

રીતે થવાનો તો છેજ, તો પછી બીજું શામાટે? ઘરમાં વા રણમા મરવાનું તો અવશ્ય છે જ, તો પછી પ્રતિષ્ઠા ખોઇ શા સાર મરવું? કહ્યું છે કે " મરવું ભલું છે માનથી " માટે માન જાય તે કરતા મરવું વધારે સારૂં છે. નાક આપવા કરતાં માથું આપવું તે સમજણનું કામ છે. માનનો બચાવ કરતાં કરતાં રણભૂમીમાં મરનાર ક્ષત્રીને વીરગતિ પ્રાપ્ત થાય છે તો પછી સમરાંગણમાં શા સારૂં ન મરવું ! મરવાથી બીજું શા સારૂં ? મેવાડનાથ! આ પત્રનો જવાબ આપતાં આપને બાધ શેનો નડે છે ! દુરાત્મા ઔરંગજેબના માનનું મર્દન કરી તેની આ દુરાશાને મિટ્ટીમાં મેળવી દેવા આપ આ સેવકને આજ્ઞા શામાટે નથી આપતા ! "

સલુમ્બગપતિની આવી વીરતા ભરી પરંતુ કર્કશવાણી વાણી સાંભળી રાણાજીએ અતિ ધીર પરંતુ ગંભીર સ્વરે કહ્યું. "મારા બહાદુર પ્રધાન ચંદાવત ! તમારી એક વીર પુરૂષને છાજે એવી સલાહ સંભાળી મને અત્યાનંદ થયો છે. તમારા જેવો એક વીર ક્ષત્રી મારો પ્રધાન અને સલાહકારછે તેથી હું ઘણોજ ભાગ્યશાળી છું. જે રાજાને તમારા જેવા પ્રધાન છે તેના હાથથી કોઇ નીચ કર્મ થાય એ શું માનવા યોગ્ય છે ? શું તમે એમ ધારો છો કે આ રાઠોડ કન્યાને પરણવાનો તથા તેની રક્ષા કરવાનો હું નિષેધ કરૂં છું ? મારા પૂર્વજો જેવી રીતે આ સંસાર ત્યાગી ચાલ્યા ગયા છે તેવીજ રીતે હું પણ તેને ત્યાગીશ. મહારાણા હમીરસિંહ કુંભાજી પ્રતાપસિંહ વગેરેએ પોતાના વંશની પ્રતિષ્ઠા બચાવી હતી તેવીજ રીતે મારા કુળની માન પ્રતિષ્ઠા બચાવી જેવી

રીતે તેઓએ સંસારમાં સુકીર્તિ પ્રાપ્ત કરી અમર નામ કરેલું છે તે રીતે સુકીર્તિ સંપાદન કરી અમર નામ કરવાની લાલસા મને પણ છેજ તો પછી કાયર મ્લેચ્છોથી શું હું ડરી જવાનો હતો! શું સિંહનું બચ્ચું ભૂંડોના ટોળાથી બીએ છે! જો બાદશાહના ભયથી મારા શરણમાં આવેલી અબળાની રક્ષા ન કરૂં તો મારા પૂર્વજોની આ નિષ્કલંક ગાદીને કલંક લગાડવાનું આળ મારે માથે આવે તથાપિ બુદ્ધિમાન પુરૂષને ઉચિત છે કે દરેક કાર્યની પૂર્વાપર અવસ્થાનો વિચાર કરવો જોઇએ. ઘણીવાર વગર વિચારે કરેલા કામનું ફળ પશ્ચાતાપ નીવડે છે માટે જોઇ વિચારીનેજ દરેક કાર્ય કરવું જોઇએ. નીતિ શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—

गुणवदवगुणवद्वा कुर्वता कार्यमादौ
परिणातिरवधार्या यत्नतः पण्डितेन
अतिरभस कृतानां कर्मणामाविपत्ते
र्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः

સારૂં અથવા ખોટું કામ કરવા પહેલાં પ્રાજ્ઞ પુરૂષે તેના પરિણામનો બરાબર વિચાર કરવો જોઇએ. કારણ કે ઘણી ઉતાવળમાં કરેલાં કામનું ફળ શલ્ય પ્રમાણે સાલી મનને કષ્ટ આપે છે.

તમે અને હું હજી યુવાવસ્થામાંજ છીએ તેથી સંસારનો

પૂરેપૂરો અનુભવ આપણને મળેલો નથી. પાછળથી એમ ન કહેવાય કે રાજસિંહે છોકરવાદ કરી, એક બીને માટે એટલું મોટું રાજ્ય ગુમાવ્યું. રાજ્ય વધારવાની વાત તો વેર રહી, પરંતુ હતું તે પણ ગુમાવ્યું, એમ ન કહેવાય માટેજ કોઇ વૃદ્ધ પુરૂષની સલાહ લેવી ઉચિત છે, એવું મારૂ મંતવ્ય છે

"શ્રીમાન્" ચંદાવતે કહ્યું "આપનો વિચાર દૂરદર્શી છે. આપણા પૂર્વજોના સમયમાં રાજભાટ અથવા રાજ કવિની સમ્મતિ માનનીય મનાતી હતી માટે શ્રીમાનની આજ્ઞા હોય તો વૃદ્ધ રાજકવિને બોલાવું."

રાણાજીની આજ્ઞાથી વૃદ્ધ કવિરાજને બોલાવવામાં આવ્યા તેમના ધ્રુજતા હાથમાં પત્રો મુકી મહારાણાએ કહ્યું.

"કવિરાજ ! રૂપનગરના રામસિંહ ઠાકોર અને તેમની બત્રીજીના આ કાગળ છે. તે વાંચી આ વિષયમાં શું કરવું તેની યોગ્ય સલાહ આપ આપશો."

પત્રો વાંચી કાંઇક વિચાર કરી રાજકવિએ કહ્યું "ધર્માવતાર! જો કે આપ યુવાન છો તોપણ આપના વંશની નીતિ રીતિ બહુજ સારી રીતે જાણો છો તો પછી જાણી બુજીને નકામી હાંસી કરાવવા મને શું કરવા પૂછો છો ! આપના પવિત્ર કુળમાં કોઇના મોંમાંથી નકાર તો નીકળ્યો જ નથી. બાપા રાવળનો વંશજ ચાહે તેટલી વિપત્તિમાં સપડાય તો પણ તેના મોંમાંથી "ના" એવો શબ્દ નીકળી શકતોજ નથી. આપની પવિત્ર ગાદી અને પ્રતાપસિંહના નામની પ્રતિષ્ઠાને યાદ કરી સત્ય પાલન પર દૃઢ થાઓ. સત્યથી પૃથ્વી ટકી રહી છે, સૂર્ય

રહ્યા છે. ગંગા વહન કરી રહી છે અને જગત્ સ્થિર રહ્યું છે. રાણા સંગ્રામસિંહનો વંશજ જો પોતાની શરણે આવેલાને શરણુ નહિ આપે તો સંસારમાંથી ક્ષત્રિય ધર્મનું નામ સુદ્ધાં ઉઠી જશે, બ્રહ્માંડ નષ્ટ થશે, અવની આકાશ એક થઇ જશે ને પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગશે. જે પ્રતાપસિંહે તુર્કોને પોતાની કન્યા નહિ આપવાની પ્રતિજ્ઞા પાળવા માટે પોતાના અસંખ્ય વીરોનો ભોગ આપ્યો, પોતાના સગા સબંધીઓ અને બાલ બચ્ચાંઓને પોતાની આંખ્યો સમીપ મરતાં નીહાળ્યા, રાજ્યપાટ ગુમાવી જંગલે જંગલ અને પહાડે પહાડ ભટક્યો, ભીલોની માફક રાજ્ય સંતાનોને ઝાડની ડાળીઓમાં રાખી ભીલોની વચમાંજ તેમનું ભરણ પોષણ કર્યું, પાછળ અસંખ્ય રિપુદળ પડેલું હોવાથી એક પહાડથી બીજે પહાડ અને એક ગુફામાંથી બીજી ગુફામાં નાઠો, ભીખારીનાં છોકરાંની માફક પોતાનાં છોકરાંને કટકો રોટલાને માટે રોતાં જોયાં તો પણ પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ રહ્યો અને મુસલમાનોને નમ્યું ન આપ્યું તે ન જ આપ્યું, તેજ ધર્માત્મા, હિંદુ કુલદિપક, શુદ્ધ ક્ષત્રી પ્રતાપસિંહનો વંશજ પોતાને અંતઃકરણથી વરી ચૂકેલી કન્યાને દેશશત્રુ ધર્મશત્રુ વિશ્વાસઘાતી નીચ યવનના હાથમાં જવા દે તે સંભવેજ કેમ? હું બુઢ્ઢો થઇ ગયો છું મારા શરીરમાં બલ નથી માટે મારી શકિત અનુસાર હું આપને સલાહ આપીશ એવું જો શ્રીમાને ધાર્યું હોય તો તેમાં શ્રીમાનની મોટી ભૂલ છે. મહારાજા જોકે હું ઘરડો થઇ ગયો છું તોપણ પ્રતાપી પ્રતાપસિંહની પવિત્ર ગાદીનું લોહી મારા સકળ અંગમાં વ્યાપી રહ્યું છે. અન્નદાતા! હું આપનું ખરા

રાજપૂતનું અન્ન ખાઉં છું તો પછી ઘડપણમાં પણ ધર્મ વિરૂદ્ધ વિચાર મારા હૃદયમાં પ્રવેશી કેમજ શકે? દેખાવમાંહું વૃદ્ધ છું, મારી કાયા ક્ષીણ થઈ ગઇછે તથાપિ આત્મા હજુ સુધી યુવાનજ છે માટે હું આપને સલાહ આપુંછું કે હવે વિલંબ કરવાનો વખત નથી. આ મનુષ્યને આપના કુળને છાજતો પ્રત્યુત્તર આપી લડાઇની તૈયારી કરવા માંડો. રાજ કન્યાને જેમ બને તેમ જલદીથી પરણી લાવો ,મહારાણા હમ્મીરનો દાખલો લક્ષમાં લો, આવેલું નાળિયેર પાછું ન વાળો—શું રાજહંસિની રાજહંસને છોડી ગીધને વરશે ? ચાલો, ઉઠો, તૈયાર થાઓ, જાન ઝટપટ તૈયાર કરી રાજકુંવરીને પરણી લાઓ. હવે વાર કરવામાં કાંઇ સાર નથી.”

આ ઘરડા રાજકવિની વીરરસયુકત ઉત્તમ સમ્મતિ સાંભળી સમસ્ત સામન્ત સરદારની નાડીઓનું લોહી જોશમાં વહેવા લાગ્યું, શરીર પરનાં રૂવાંટાં શાહુડીના પીંછાની માફક શરીર પર ખડાં થઇ ગયાં અને રાણાજી પ્રસન્ન થઇ ગયા.

“ કવિરાજ ” રાજસિંહ મહારાણા એ કહ્યું “ તમારી બુદ્ધિને ધન્ય છે. તમારી આવી ઉચિત સમ્મતિથી અમને અતિ આનંદ થયોછે. તમારા તરફથી જેવા ઉત્તરની આશા રાખી હતી તેવોજ ઉત્તર મળ્યો છે. (સામંતો તરફ જોઇને) મારા શૂરા સામંતો ! કવિરાજનું કહેવું યથાર્થ છે, હવે વિલંબ કરવો ઉચિત નથી. જેમ બને તેમ શીઘ્રતાથી રાજકુવરીને પરણી લાવવી જોઇએ; પરંતુ તેમાં એક મોટું વિઘ્ન ઉપસ્થિત છે તે એ કે બાદશાહ અવશ્ય આવશે, અને ઘોર સંગ્રામ થશે, માટે

તે આવે તે પહેલાં રાજકુંવારીનો ઉદ્ધાર થવોજ જોઇએ. આપણે શું કરવું ઉચિત છે તે વિષે તમારો બધાનો શો અભિપ્રાય છે ? "

મહારાણાનો આ પ્રશ્ન સાંભળી વીરાગ્રગણ્ય સહુમ્બરાધિપતિ ચંદાવતે કહ્યું. " અન્નદાતા! મારી સલાહ એવી છે કે આ વખતે બધા સરદાર ઉપસ્થિત નથી માટે આ વાતનો પ્રબંધ તથા યુદ્ધની યોજના બધા સરદાર આવે ત્યારે કરવી. રામસિંહ રાઠોડને એવો જવાબ આપવો કે જાન આવે તે પહેલાં વિવાહની સર્વ સામગ્રી તેમણે તૈયાર કરી રાખવી અને તેના બારસહસ્ર મનુષ્યોને એવી રીતે તૈયાર રાખવા કે જ્યારે જરૂર પડે ત્યારે એકદમ લડાઇમાં કામ આવી શકે.

ચંદાવતની આ યુક્તિ મહારાણા તથા અન્ય સર્વસરદારોને પસંદ પડી. મહારાણાની આજ્ઞાથી ચંદાવને બન્ને પત્રોના જવાબ લખી, જોરને આપી તેમને વિદાય કર્યા-અનુપસ્થિત સરદારોને બોલાવવા માટે માણસો મોકલવાનું નક્કી થયું. ત્યારબાદ દરબાર સમાપ્ત થયો. ધીરે ધીરે સર્વ લોકો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

પ્રકરણ પાંચમું.

મંત્રણા (સલાહ).

My voice is still for war.
Gods ! can a Roman senate long debate
Which of the two to choose, slavery or death?
ADDISON

સાયંકાળની લાલાશ ધીમે ધીમે લુપ્ત થઇ રહી હતી. અંધકારે પોતાની સત્તા શનૈઃ શનૈઃ વધારવા માંડી હતી. ઉદયપુરમાં આજ ઘણાં માણસો આમ તેમ ઘુમી રહ્યાં હતાં. અનુમા-

થી કળી શકાતું હતું કે તેમાંના ઘણા ખરા મનુષ્યો ઉદયપુરના રહીશો ન હોતા પરંતુ કોઇ ખાસ કારણને માટેજ ત્યાં આવેલા હતા. શુકલ પક્ષનો અર્ધચંદ્ર તેનાં મંદ કિરણો પૃથ્વી પર નાંખી રહ્યો હતો અને તેના સહગામી નક્ષત્રગણો પોતાના ઝગઝગાટથી રાત્રિની શોભામાં વધારો કરી રહ્યા હતા. એ વખતે ગઢના એક મહેલની છત ઉપર મહારાણા રાજસિંહ આંટા મા· રી રહ્યા હતા. તેમનું પ્રશસ્ત લલાટ અને ચળકતી આંખો વિચારથી પૂર્ણ ભાસતી હતી. કોઇ કોઇ વખત ઉદયસાગરના અગાધ જળ અથવા તેની પ્રકૃતિદત્ત શોભા તરફ તો કોઇ કોઇ વાર પોતાના હૃદયપર હાથ મૂકી નક્ષત્ર અને ચંદ્રમંડલથી વિ· ભૂષિત શ્યામ આકાશ તરફ જોઇ રહેતા હતા. વચ્ચે વચ્ચે પોતાની કેડમાંથી લટકતી તરવાર તરફ જોઇ વિચારસાગરમાં ડૂબી જતા હતા. આ પ્રમાણે તેમના મનરૂપી સમુદ્રમાં વિચાર રૂપી તરંગો ઉઠી રહ્યા હતા તેટલામાં એક ચાકરે આવી નિવેદન કર્યું કે "* મહારાજ ! નીચે સર્વ સરદાર આપની વાટ જોઇને બેઠેલા છે."

સેવકનું કથન સાંભળી રાણાજી નીચે ઉતર્યા. પોતાના સ્વામીને આવતો દેખી સઘળા સામંતો ઉભા થયા અને પ્રેમ તેમજ ભકિત પૂર્વક તેને અભિવંદન આપતાં બોલ્યા કે "ઘણું જીવો રાજા રાજસિંહ" પોતાના પરમશુભચિંતક સરદારોનો યોગ્ય સત્કાર કર્યા પછી મહારાણા પોતાના માટે તૈયાર કરેલા સ્થાને બેઠા અને સરદારો મહારાણાની ડાબી બાજુએ હારબંધ

ઉભા રહ્યા. પોતાના સઘળા સરદારો તરફ ઘણા હર્ષથી દષ્ટિ ફેંકયા પછી મહારાજાએ તેમને પોતપોતાના સ્થાને બેસી જવા આજ્ઞા કરી. જ્યારે સઘળા સરદારો બેસી ગયા ત્યારે મહારાણાએ ઉભા થઇ મોટે સાદે કહ્યું. " મારા બહાદુર વીરો ! મેં તમને આજે આટલી બધી શીઘ્રતાથી બોલાવ્યા છે તેનું કારણએ છે કે રૂપ-નગરની રાજકુંવરી રૂપવતીને બાદશાહ ઓરંગઝેબ જબરજ-સ્તીથી પરણવા માગે છે. તેને પરણવા માટે ભારે જાન તથા લશ્કર લઇને આવતી પુનમે તે રૂપનગર આવવાનો છે. રાજ-કુમારીનો કાકો રામસિંહ આ કુત્સિતસંબંધ વિરૂદ્ધ છે. રાજકુમારી પણ મ્લેચ્છાધિપતિ સાથે પરણવા માંગતી નથી. તે બંને જણાએ કાગળ લખી મારી મદદ યાચી છે. તે કન્યાએ તો એટલે સુધી લખ્યું છે કે તે મને હૃદયથી પોતાનો પતિ માની ચૂકેલી છે. વસ્તુ સ્થિતિ આવી હોવાથી તેની રક્ષા કરવી તથા તેની સાથે લગ્ન કરવું એ મારો પરમધર્મ છે. જે અબ-ળા દીનવદને " શરણું. શરણું," એ શબ્દો પોકારે છે, જે અ-બલા તેના મનથી અને વરી ચૂકી છે તેના પોકાર પર ધ્યાન આપી જો હું તેનું રક્ષણ ન કરૂં તો મારા પૂર્વજોની પ્રભાવશાળી પ્રતિષ્ઠાને કલંક લાગે. મારા કુળની ચીરસ્થાયી પ્રતિષ્ઠાનું રક્ષણ કરવા માટે તથા આ અબળાનું રક્ષણ કરવા માટે મારે મારા શિરના સાટે પણ પ્રયત્ન કરવોજ જોઇએ. જે કારણ માટે મેં તમને બોલાવ્યા છે તે કારણ આજ છે. મેવાડપર જ્યારે જ્યારે આ-ફત પડી હતી ત્યારે ત્યારે તમારા પૂર્વજોએ મારા પૂર્વજોનો પક્ષ-સાથ કદિ પણ છોડયો નહોતો તેવીજ રીતે તમે પણ મારી

સાથે પૂર્ણ નીમકહલાલીથી રહેશો એવી મારી આશા છે:"
સર્વને આમ સામાન્ય રીતે સંબોધ્યા પછી પ્રથક્ પ્રથક્ સરદારો તરફ જોઇ રાના રાજસિંહ કહેવા લાગ્યા, પહેલાં ચંદાવત તરફ જોઇ તે બોલ્યા. "સલુમ્બરાધિપતો આ ગાદીની માન પ્રતિષ્ઠા સાચવવી એ આપનો મુખ્ય ધર્મ છે. ખરૂં કહું તો આ ગાદી આપની પોતાની જ છે, કારણ કે આપના પ્રતાપી પૂર્વજ ચંદ્રસિંહે પોતાના પિતાની આજ્ઞા માન્ય કરી પોતાનો અધિકાર પોતાના નાના ભાઇ મોકલજી જે નાની–નવી–રાણીના પુત્ર હતા તેમને આપી તેમને પોતાના હાથે જ સિંહાસન પર બેસાડયા હતા. વાસ્તવિક રીતે જોતાં પોતે જ્યેષ્ઠ પુત્ર હોવાથી ગાદીના વારસ તેઓજ હતા. પરન્તુ પોતાના પિતાનો આજ્ઞાનું પાલન કરવા માટે જ ગાદીપરનો પોતાનો સઘળો હક્ક તેમણે મૂકી દીધો હતો અને તેમના જાગીરદાર બની મરણ પર્યંત પોતે તેમને સહાય્ય કરી હતી. તેમના વંશજો પણ આ ગાદીની રક્ષા માટે તથા તેનું માન જાળવા માટે તનમન ધનથી મદદ આપતા રહ્યા છે. તેમણે કરેલા ઉપકારો મારા પુર્વજો કદિ ભૂલી ગયા નથી અને હું પોતે પણ તે ભૂલી શકું તેમ નથી. જ્યાં સુધી મેવાડ સિસોદિયા વંશના કબજામાં રહશે. ત્યાં સુધી સરદાર ચંદાવત તેની ડાબીએ બાજુ પ્રથમ સ્થાન જ ભોગવશે.

"સ્વામિ" સરદાર ચંદાવતે હર્ષોત્ફુલ્લિત છાતીથી કહ્યું " એના કરતાં વધારે બીજું અમારે શું જોઇએ? સ્વામીધર્મ તે અમારો તથા અમારા વંશજોનો પરંપરાગત ઉતરી આવેલો ઉત્તમ

ધર્મ છે અને તે ધર્મ પ્રમાણે વર્તન કરવું તે અમારી પવિત્ર ફરજ છે. ”

સરદાર ચંદાવલને ઉપરોક્ત રીતે સંબોધી રહ્યા પછી રાઠોડ કુલ કલશ જયમલના વંશજ, જગાવત કુલના સરદાર તથા પોતાના કુલના અન્ય સર્વ સરદારો તથા કોટારીના ચોહાણ, બિજુલીના પરમાર અને ઝાલાકુળ આદિના સમસ્ત સરદારો તરફ જોઈ મહારાજાએ કહ્યું “વીરગણ! જે કારણ માટે મેં આપને અહિં બોલાવ્યા છે તે આપના જાણવામાં આવીજ ગયું છે. હવે વધારે કહેવાની કાંઈ પણ આવશ્યકતા નથી. આપજ મેવાડના સ્તંભ સ્વરૂપ છો. તેનું તથા તેના રાજાની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવું એજ આપનો પરમ ધર્મ છે.

મહારાણાનું અંતિમ વાકય પૂરૂં થયું કે તરતજ બધા યોદ્ધાઓ તરફથી ઝાલાકુળનો સરદાર ઉલ્લાસપૂર્વક બોલી ઉઠયો “મહારાણાની આજ્ઞા તેજ અમારો ધર્મ છે, તે ધર્મ પ્રમાણે વર્તવા અમે સહર્ષ તૈયાર છીએ. મેવાડની પ્રતિષ્ઠાને માટે જીવનોત્સર્ગ કરવા માટે પણ અમે તૈયાર છીએ. મરતાં સુધી અમે મેવાડની પ્રતિષ્ઠા જાળવીશું. તેને કોઇ પણ જાતની ઝાંખ નહિ આવવા દઇએ. ”

“ ભાઇઓ !” રાજસિંહે કહ્યું. “ આપનાં સાહસ તથા ઉદ્યોગ દેખી મને અતિ આનંદ થયો છે. રાઠોડરાણીને પરણવા માટે જાન કેવી રીતે સજવી અને બાદશાહ રસ્તામાં મળે તોપણ રાજકુંવરીનો ઉદ્ધાર કેવી રીતે કરવો તે વિષે વિચાર ચલાવવો તે હવે આપણું પ્રથમ કર્ત્તવ્ય છે.”

રાણાજીનું આ કથન સાંભળી વીર ચંદાવતે કહ્યું "મહારાજાધિરાજા મારો અભિપ્રાય એવો છે કે કેટલાક ચુંટી કાઢેલા યોદ્ધાઓ લઇ શ્રીમાને પોતે રૂપનગર જવું, કારણકે રામસિંહ રાઠોડ તેમના બારહજાર યોદ્ધાઓ સાથે ત્યાં તૈયારજ હશે અને સઘળા સરદાર સહિત સિસોદિયા લશ્કર લઇ બાદશાહનો દિલ્હીથી આવવાનો રસ્તો રોકવા માટે મારે પોતે તેમના સામું જવું અને આગ્રા આગળ બાદશાહના લશ્કરને રોકી રાખવું. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે રાજકુંવરીને પરણી આપ સહીસલામત ઉદયપુર પાછા આવશો ત્યાં સુધી ઔરંગઝેબને રાજસ્થાનની ભૂમી હું નહિજ જોવા દઉં?"

ચંદાવતનો આ ઉપાય અને તેની પ્રતિજ્ઞા સાંભળી સભાના સર્વ મનુષ્યો તેની પ્રશંસા કરવા લાગ્યા. આનંદ ગર્જનાથી મંત્રણા ભુવન ગાજી ઉઠયું. સર્વ સરદારોએ અભિપ્રાય આપ્યો કે ચંદાવતજીની સલાહ ઘણીજ સારી છે. એકલિંગજીની કૃપા હશે તો અવશ્ય આપણે સફળ મનોરથ થઇશું. રાણાજીને પણ આ સલાહ પસંદ પડી અને સર્વ સરદારોને ચંદવત જોડે જવાનું નક્કી થયું.

બીજે દીવસે સવારે સર્વ સરદારોએ પોતપોતાના ગામમાં જઇ સૈન્યને તૈયાર કરવા માંડ્યું. ચંદાવત પણ પોતાની રાજધાનીમાં ગયો અને ઘોર ડંકો વગાડી સર્વ યોદ્ધાઓને સાવધાન કરી જાતે યુદ્ધની તૈયારીઓ કરવા લાગ્યો.

પ્રકરણ છઠું.

વીરબાળા.

The reason firm, the temperate will,
Endurance, foresight, strength, and skill;
A perfect woman nobly planned,
To warn, to comfort, and command.

WORDSWORTH.

પોહ ફાટી ચૂકયો હતો, સલૂમ્બરામાં આવેલા ચંદાવત કુળના સર્વ સરદારો પોતપોતાના લશ્કરને તૈયાર કરવાની દોડધામમાં પડયા હતા. બાલ રવિના લાલ કિરણો યોદ્ધાઓની બર્છીઓ, ધનુષ્ય બાણ, તરવારો તથા ભાલાઓ પર પડી તેમની શોભામાં

અદ્વિતીય વધારો કરી રહ્યાં હતાં. એટલામાં એક પ્રચંડ ડંકાનો અવાજ થયો અને સૈન્યના સર્વ યોદ્ધાઓ ભારે ગર્જના કરતા આનંદથી ગઢ પાસે આવેલા વિસ્તીર્ણ ચોગાનમાં એકઠા થઈ ગયા.

સૈન્યની ગર્જના તથા તેનો આનંદધ્વનિ સાંભળી સરદાર ચંદાવત પ્રાસાદમાંથી બહાર નીકળી ઘોડાપર સ્વાર થયો અને મેદાન તરફ ચાલવા લાગ્યો. પોતાના સરદારને પોતાની તરફ આવતો જોઈ સર્વ યોદ્ધાઓએ આકાશને ફાડી નાંખે એવી એક કારમી કિકિયારી કરી મૂકી. પોતાના યોદ્ધાઓની આ કિકિયારી સાંભળી મનમાં આનંદિત થતો ચંદાવત લશ્કરમાં દાખલ થયો. ભાટ ચારણો વગેરેએ ચંદાવત કુટુંબના યશોગાન ગાઈ યોદ્ધાઓને શૂર ચડાવવા માંડયું.

લશ્કરની મધ્યમાં ઉભો રહી સરદાર ચંદાવત પોતાના લશ્કરને નીહાળી રહ્યો હતો. તેના મોંપર યુદ્ધનો ઉમંગ ફેલાઈ રહ્યો હોવાથી તેના ચહેરા ઉપર એક પ્રકારનું પ્રાકૃતિક તેજ ઝગી રહ્યું હતું. સઘળા સામંતો તેની આજ્ઞાની વાટ જોતાજ ઉભા હતા, એટલામાં તેણે પોતાના મહેલ તરફ ઉંચે નજર કરી તો ઘનમંડળને ફાડી વિજળીનું તેજ જેવી રીતે પૃથ્વી પર પડે છે તેવુંજ તેજ તેની દૃષ્ટિએ પડયું.

જે વખતે સરદાર ચંદાવત મહેલમાંથી બહાર નીકળી પોતાની સેનામાં આવ્યો તે વખતે તેની યુવાન રાણી (જે રાણીને તે હમણાંજ પરણી લાવ્યો હતો, જેના હાથનો કંકન

દોરો હજી સુધી છુટયોજ નહોતો, જે હાડાવંશના સરદારની દુહિતા હતી ને ફકત સોળ વરસની ઉમરની જ હતી) તે પોતાના સ્વામીને તથા તેના સ્વામીનીષ્ટ લશ્કરને જોવા માટે મહેલના ઝરૂખામાં આવી હતી. તેને જોતાંજ ચંદાવતનો મુખ ઉમંદ મંદ પડી ગયો, મો ઉપરનું તેજ ઉડી ગયું અને ચહેરો ફીક્કો પડી ગયો.

તેની ચારે બાજુએ ફરી વળેલી સેના ઘોર જયધ્વનિ કરી રહી હતી. ભાટ ચારણો ચંદાવત કુટુંબના પરાક્રમો ગાઇ ગાઇ યોદ્ધાઓને શૂર ચડાવી રહ્યા હતા. રણવાદ્ય પોતાના ગંભીરનાદથી યોધ્ધાઓને ઉત્તેજીત કરી રહ્યાં હતાં તોપણ ચંદાવત તેમની મધ્યમાં ઉદાસ ચહેરે ઉભો હતો. આનંદની ઝલક તેના ચહેરા પર જણાતી નહોતી. કેટલીક વાર સુધી ગંભીરાર્થથી લશ્કરમાં આ પ્રમાણે ઉભો રહ્યા પછી તેણે પોતાના ઘોડાને મહેલ તરફ વાળ્યો. દ્વાર આગળ ઘોડા ઉપરથી ઉતરી વિષણ્ણ ચહેરે તેણે મહેલમાં પ્રવેશ કર્યો અને પોતાની રાણી પાસે ગયો.

ચંદાવતને પાછો આવતો દેખી રાણી વિચારમાં પડી ગઇ કે " કુચનો ડંકો વાગી રહ્યો છે ને એ પાછા કેમ આવ્યા ? " પરંતુ તેના ચિંતાતુર અને વિચારગ્રસ્ત ચહેરા ઉપરથી બુદ્ધિમાન હાડી પામી ગઇ કે અવશ્ય કાંઇ પણ ગંભીર કારણ હોવુંજ જોઇએ.

મહેલમાંથી નીકળ્યો ત્યારે જે ઉત્સાહ ચંદાવતના ચહેરાપર હતો તે અત્યારે જણાતો નહોતો. તેના ચહેરાપર એક પ્રકારની કાળાશ છવાઇ રહી હતી. પતિને આવી સ્થિતિમાં

આવતો દેખી હાડીજીના મનમાં એક પછી એક એમ ઘણા તર્ક તરવળી આવ્યા. આખરે જ્યારે ચંદાવત તેની પાસે આવ્યો ત્યારે સાદરપૂર્વક તેને પોતાની પાસે બેસાડી મધુર સ્વરે તેણે પૂછ્યું.

" સ્વામીનાથ! જો આજ્ઞા હોયતો આપને એકાદ બે સવાલ પૂછું "

" પ્રાણપ્રિયા ! તારી મરજીમાં આવે તે સવાલ પૂછ. " ચંદાવતે તેને રજા આપતાં કહ્યું.

" પ્રાણવલ્લભ ! " હાડીજીએ કહ્યું. જ્યારે આપ મને પૂછવાની રજા આપો છો ત્યારે હું પૂછવાની હિંમત કરૂં છું કે આપ લશ્કરમાંથી પાછા કેમ આવ્યા ? શું કોઈ અશુભ બનાવ બન્યો છે કે આપ આટલા બધા ઉદાસ થઇ ગયા છો? આપનું મોં આટલું બધું ફીકું કેમ પડી ગયું છે? કુચનો ડંકો વાગ્યો ત્યારે આપના ચહેરાપર પૂર્ણ આનંદ છવાઇ રહ્યો હતો. એ વખતે આપના પ્રફુલ્લ મુખ મંડળ પર એક જૂદીજ જાતનું તેજ પ્રસરી રહ્યું હતું તે તેજ અત્યારે કેમ નથી ? જે ઉત્સાહથી આજ કેટલાક દિન થયાં આપ લશ્કર તૈયાર કરતા હતા તે તેજ અત્યારે આપનામાં કેમ નથી? આપ હતોત્સાહ કેમ થઇ ગયા છો? શું શત્રુ ચડી આવ્યો છે ? જો એમ હોય તો પણ શું થઇ ગયું? આપનું મોં ઉતરી કેમ ગયું છે? મોં ઉતરી જવાનું કારણ શું છે? રણવાદ્ય સાંભળી ક્ષત્રીઓમાં શૂર ફુરી આવે છે. પરંતુ આપને દિલગીર થવાનું કારણ શું છે? આપ તો મને ન કહો તો આપને મારાસમ-મને મુખદેખો".

"હા, પ્રાણપ્રિયા મારા આગમનનું કારણ હું તમને અવશ્ય કહીશ." ચંદાવતે કહ્યું. " એ કહેવા માટે જ હું અત્રે આવ્યો છું.

જે કારણો તમે જણાવ્યાં છે તેમાંનું એક કારણ ખરૂં નથી. મૂળ વાત તો એ છે કે રૂપનગરની રાઠોડવંશી રાજકુમારી રૂપવતીને પરણવા મહારાણા રૂપનગર જવાના છે. દિલ્હીના બાદશાહ ઔરંગજેબે તેને જોર જુલમથી પરણવાનો નિશ્ચય કર્યો છે. રાજકુંવરી મહારાણાને મનસાવાચા પતિ માની ચૂકેલી છે અને રક્ષાને માટે તેમને પ્રાર્થનાપત્ર પણ લખી ચૂકેલી છે. તેને પરણવા માટે મહારાણા રૂપનગર જવાના છે અને બાદશાહનો રસ્તો રોકવા માટે સમસ્ત મેવાડ દળ લઇ હું આથી આગળ જવાનો છું. દિલ્હીપતિ તે કન્યાને જોર જુલમથી લઇજવા માટે ભારે સૈન્ય સહિત આવશે. આશા છે કે આથી આગળ એક ઘોર સંગ્રામ થશે. તેમાંથી હું જીવતો આવીશ કે નહિ તે એક સંશયની વાત છે. કારણ કે મુસલમાન સૈન્ય જોડે સરખાવતાં મેવાડનું સૈન્ય ઘણુંજ ઓછું છે અને એ સૈન્ય મારે એટલો વખત અટકાવવું જોઇએ કે જે વખતમાં મહારાણા રાજકુંવરીને પરણી ઉદેપુર પાછા આવે। આટલો વખત સુધી મુગલ દળને રોકવાની સઘળા સરદારો સન્મુખ મેં પ્રતિજ્ઞા કરી છે. ગમે તે થશે તોપણ જીવના જોખમે પણ એ પ્રતિજ્ઞા હું પાળીશજ. હું મરવાથી ડરતો નથી કારણ કે વહેલાં મોડાં મરવાનો તો છુંજ. જો મરવાથી ડરૂં તો મારી માની કુખ લાજે અને મારા પૂર્વજ ચંદ્રસિંહના સ્વચ્છ નામને બટ્ટો લાગે. આ નશ્વર સંસારમાં કોઇ અમર જન્મ્યોજ નથી અને જન્મવાનોપણ નથીજ. જે જન્મ્યો છે તે જરૂર મરવાનો તો છેજ. હું પોતે પણ વહેલાં મોડાં મરવાનો તો છુંજ તોપછી ચાર દિવસની ટુંક જીંદગી માટે ચિંતા કરૂંજ કેમ ? હું ચંદાવતસિંહના

કુળનો અંધારો નથી કે ધર્મપાલનમાં કોઇપણ રીતે આથો પાછો થાઉં. પરંતુ મને જે ચિંતા થાય છે તે તમારા સંબંધી જ છે ફક્ત ગઇ કાલેજ તમારૂં આણું કરવામાં આવ્યું છે. સંસારના સુખનો કોઇ પણ સ્વાદ તમે ચાખ્યો નથી એટલામાં તો મારે યુદ્ધમાં જવાનું આવ્યું. તમે તમારા ધર્મનું પાલણ કઇ રીતે કરશો એ વિચારજ મને વિચલિત કરી રહ્યોછે. મારી ચિંતાનું મુખ્ય કારણ પણ તેજ છે."

પતિની ચિંતાનું કારણ પોતે છે એવું જ્યારે હાડીજીને માલૂમ પડ્યું ત્યારે તેણે કહ્યું "પ્રાણનાથ ! એમાં ચિંતા કરવા જેવું શું છે ? જેવી રીતે આપ આપની ફરજ જાણો છો તેવી જ રીતે હું પણ મારી ફરજ જાણું છું. જો રણમાં જય મેળવી આપ પાછા આવ્યા તો મારા જેવું સદ્ભાગી બીજું કોણ?નહિ તો કાળના મોં આગળ કોઇનું ચાલતું નથી. મનુષ્યના આયુષ્યની અવધ પૂરી થાયછે કે તરતજ કાળ તેને પોતાના કબજામાં લેછે પછી ગમે તો તે પોતાના ઘેર હોય કે પરઘેર, દેશમાં હોય કે પરદેશમાં, સવાખણની સૈય્યાપર હોય કે ભયંકર સમરાંગણમાં. આયુષ્ય પૂરૂં થાય છે એટલે મનુષ્યને દુનિયાના સર્વ સુખ છોડી મરણને આધિન થવુંજ પડે છે. જેને મોત નથી તે ભયાનકમાં પણ ભયાનક સ્થાનમાં જાય છે તો પણ તેનો વાંકો વાળ પણ થતો નથી અને સહિસલામત ઘેર આવી સગા સંબંધી તથા કુટુંબ કબીલાને મળી શકે છે. પરંતુ જેના આયુષ્યની દોરી પૂરી થઇ છે તે ગમે તો પાતાળમાં પેસે કે સમુદ્રમાં સંતાય તો પણ બચી શકતો નથી. કારણ કે કાળ અણ

અણુ ને કણુ કણુમાં પ્રસરેલો છે. માટે આવી ક્ષુલ્લક બાબતમાં ધ્યાન ન આપતાં આપના કાર્યમાં ધ્યાન આપો. પોતાની ફરજ બજાવતાં તથા યુદ્ધમાં જતાં સંસારીક સુખની તૃષ્ણા કરવી તથા ખોટી મોહ જાળમાં ફસાવું તે અનુચિત છે. માટે સર્વ પ્રકારની ચિંતાને ચુલામાં નાંખી આપ યુદ્ધમાં સીધાવો. એકલિંગજીની કૃપાથી તથા મારા સદ્‌ભાગ્યે યુદ્ધમાં આપને જય મળ્યો તો તો ઠીક, પરંતુ મારા દુર્ભાગ્યે જો લડાઇમાં આપ ખપ આવી ગયા તો નકકી જાણજો કે આ દાસી આપના સિવાય એક પળ પણ આ સંસારમાં રહેવાની નથીજ. પતિના મરણ પછી પત્નીનું શું કર્ત્તવ્ય છે તે હું બહુ સારી પેઠે જાણું છું. રણમાં ખપ આવેલા ક્ષત્રીને તથા તેની સતી સ્ત્રીને સ્વર્ગમાં જે સુખ મળેછે તે હું સારી પેઠે જાણું છું. માટે મારી ફિકર છોડી રણયાત્રા કરો. આપના સ્વામિનું કાર્ય નિશ્ચિંતતાથી પૂર્ણ કરો. હું મારા ધર્મમાં કોઇ પણ રીતની ચુક કરીશ નહિ. મારા આ વચન પર પૂર્ણ ભરોસો રાખજો. આપ આપના વડિલોની માફક સંગ્રામમાંથી સુયશ મેળવી પાછા આવજો. જો તેમ ન બને તો મરણસુધી વીરતાથી લડજો, મોહમાં ફસી શત્રુને પીઠ બતાવતા નહિ. જો તેમ કર્યું તો પછી રાજપૂતાણી પોતાની ફરજ કેવી રીતે બજાવે છે તે આપને જણાશે. રણમાંથી નાશી આવેલા કાયર ક્ષત્રીને પતિ માની હું કલંકિત થઇશ નહિ. માટે કાયર વિચાર છોડી, લડાઇ કરવા પ્રવૃત થાઓ. ”

પોતાની પત્નિની આવા ધર્મ યુકત તેમજ વિશ્વાસનીય વાણી સાંભળી ચંદાવતને બહુજ સંતોષ થયો. પણ ચિંતા

એક એવી બૂરી ચીજ છે કે જે એક વખત મનુષ્યહ્રદયમાં પ્રકટી એટલે પછી જલદીથી નીકળી શકતીજ નથી. ચંદાવતની બાબતમાં પણ એવુંજ થયું. રાણીને માટે જે ચિંતા તેને ઉત્પન્ન થઇ હતી, જે ચિન્તા તેના પ્રશસ્ત મુખમંડળ પર છવાઇ ગઇ હતી, તે ચિન્તા કિંચિંત માત્ર પણ કમી થઇ નહતી. જતાં જતાં તેણે તેની તરફ શંકાયુકત અર્ધદ્રષ્ટિ ફેંકી. તે જોઇ, તેનો ભાવાર્થ સમજી તેને ઉત્સાહ આપતાં આપતાં હાડીજીએ કહ્યું. " મહારાજ ! આળપંપાળ છોડી ફકત રણક્ષેત્રની ચિન્તામાંજ આપનું મન પરોવો. મહારાણાને આપે જે વચન આપ્યું છે તેનો વિચાર કરો. જે સિસોદિયા વંશમાં આપ જન્મ્યા છો તેની ફરજ, જે આપ બરોબર જાણો છો તેની તરફ ધ્યાન આપો. વિજયકામનાથી યુદ્ધમાં પ્રવૃત્ત થાઓ. શત્રુનો સંહાર કરવાના વિચારમાં ચિત્ત લગાડો અને જાઓ શત્રુદલનો નાશ કરી વાજતે ગાજતે જલદીથી પાછા આવજો. "

" પ્રિયે " ચંદાવતે શોક ભરેલા ચહેરે જવાબ આપ્યો. " યુદ્ધમાં વિજય મેળવી પાછા આવવાની આશા ઘણીજ થોડી છે તેમજ શત્રુઓને પીઠ બતાવી જીવતો પાછો આવું એ પણ કદિ મારાથી બની શકે તેમ નથીજ. માટે મરતાં સુધી લડવાનો મેં નિશ્ચય કર્યો છે. મારી અને તમારી આ છેલ્લીજ ભેટ છે. તમે શુદ્ધ હાડા વંશની કન્યા છો, ચતુર છો, સમજુ છો. તમારો ધર્મ બરોબર જાણો છો માટે મારા મરણ પછી આપણા કુળને છાજે એવી રીતે વર્તજો. આપણા કુળની માન પ્રતિષ્ઠા જાળવવી તે તમારા હાથમાં છે. "

"હૃદયેશ્વર" હાડીજીએ તેને ખાતરી આપતાં કહ્યું. "મારા તરફનો સઘળો ભ્રમ છોડી નિશ્ચિંત રહો. આપના કર્ત્તવ્ય કાર્યમાં ધ્યાન આપો. મારા વચનપર ઇતબાર રાખો. હું મારા ધર્મમાં રંચ માત્ર પણ ચૂક નહિ કરૂં. જાઓ, યુદ્ધમાં જઇ બાદશાહની દુરાશાને મિટ્ટિમાં મેળવી દો."

રાણીના આવા ઉત્સાહજનક વચન સાંભળી ચંદાવતે એ કરાર વધારે તેની તરફ દ્રષ્ટિપાત કર્યો. પછી ગઢમાંથી નીકળી ઘોડાપર સ્વાર થયો. હાડીજીએ તેને આટ આટલો વિશ્વાસ આપ્યો હતો તોપણ તના મનનું શાંત્વન થયું ન હોતું. તેના ભ્રમીત મનમાં નીચે પ્રમાણે વિચાર આવી રહ્યા હતા. 'મારી તરૂણ રાણી રાજવૈભવ છોડી મારી પાછળ સતી થશે કે નહિ? અબળાઓની જે ઉચિત લાજ માટે મારા વંશના અસંખ્ય વીરોએ પોતાના પ્રાણનો ભોગ આપ્યો છે, તે લાજ, તે નિષ્કલંક પ્રતિષ્ઠા હાડીજી બચાવશે કે નહિ? સંસારના સુખમાં લુબ્ધ તો નહિ થાય?" [illegible] વિચાર રૂપી તરંગો તેના મનરૂપી સમુદ્રમાં ઉછળી રહ્યા હતા. વચ્ચેવચ્ચે રાણીના વચનનો ખ્યાલ આવતાં તે [illegible] તેલ રેડાયા બરોબર થતું હતું અને તેના ચિત્તને [illegible] આવતી હતી.

અકસ્માત્ પોતાના સ્વામીને ગઢ તરફ જતો જોઇ અધીર થઇ ગયેલી સેનાએ જ્યારે તેને પાછો આવતો જોયો ત્યારે અવની આકાશને ફાડી નાખે એવી એક ભયંકર ગર્જના તેણે કરી મૂકી જે સમસ્ત અરણ્ય અને [illegible] ઠેઠ ઉદયપુર સુધી પહોંચી.

યોદ્ધાઓની ગર્જના સાંભળી ચંદાવતને ભાન આવ્યું કે કુલ્લક સંસારિક બાબતમાં ધ્યાન આપી મારા મુખ્ય કર્તવ્યમાં હું ગફલત ખાઉં છું.” આ વિચાર આવતાંની સાથેજ તેણે સૈન્યને હુકમ કર્યો કે “કુચની તૈયારી કરો” ચંદાવતનો હુકમ સાંભળતાંની સાથેજ રણવાદ્ય ગડગડવા માંડયાં અને કુચની તૈયારીઓ થવા માંડી.

કુચ કરતી વખતે ચંદાવતે પોતાનાએક નિમકહલાલ તથા વિશ્વાસુ સેવકને હાડીજી પાસે મોકલી કહેવડાવ્યું કે “ તમો તમારા વચનપર દૃઢ રહેજો. ધર્મમાં કોઇપણ રીતની ચૂક કરતાં નહિ, ”

સેવકના મોંમાંથી આ વચન સાંભળી હાડીજીએ વિચાર્યું કે “ મારા પતિનો જીવ મારા તરફ ખેંચાએલો છે. મેં આટ આટલો વિશ્વાસ આપ્યો છે, તથાપિ તેમનો સંશય દૂર થયો નથી. જો આવી સ્થિતિમા તે સંગ્રામમાં જશે તો તેમનાથી કોઇપણ પરાક્રમ થઇ શકશે નહિ, માટે મારી ફરજ છે કે તેમની ચિન્તા દૂર કરી મારે તેમના ર્તકવ્યમાંથી નિષ્કંટક થવું જોઇએ.” આ પ્રમાણે વિચાર કરી તેણે સેવકને કહ્યું.“ હું એક કાગળ લખી આપું છું તે અને મારૂં શિર મારા પતિને આપજો કે જેથી તેમની ચિન્તા દૂર થાય અને તેઓ યુદ્ધમાં એક ચિત્તે પ્રવૃત થાય ”

પોતાની સ્વામિનીનું આ પ્રમાણે વચન સાંભળી સેવક મુઢ પ્રમાણે તેના મોં તરફજ જોઇ રહ્યો.

હાડીજીએ લેખન સાહિત્ય લાવી એક પત્ર ઝટપટ લખી કહાડ્યો અને તે સેવકને આપતાં આપતાં તેણે કહ્યું "આ કાગળ અને મારૂં શિર ચંદાવતને આપી કહેજે કે "શૂરથી લડી યવનેશ્વરના પરાજય કરશો એવી આ દીન દાસીની ઇચ્છા છે." આમ કહી તેણે એક તિક્ષણ તરવાર તેની ગરદન પર મારી. લોહીનો ફુવારો છુટયો અને ધડમસ્તક જૂદાં થઇ ગયાં. એક ક્ષણ માત્રમાં તો આખો ખંડ લોહીથી આચ્છાદિત થઇ ગયો. પતિનો માર્ગ નિષ્કંટક કરવા માટે પત્નીએ પોતાનો પ્રાણ અર્પ્યો. ધન્ય આવી પ્રતિવ્રતા સ્ત્રીને ! ધન્ય આવી વીરાંગનાને !! જે દેશમાં, જે જાતિમાં, આ હાડીજી જેવી વીર રમણીઓ ઉત્પન્ન થાય છે તે દેશનું, તે જાતિનું વીર ગૌરવ સદાને માટે નિષ્કલંક રહે તેમાં શું આશ્ચર્ય ? જે દેશની સ્ત્રીઓ આવી સ્વામી ભકત–સ્વદેશ ભકત હોય તે દેશના પુરૂષો સ્વદેશ ભકત હોય તેમાં શી નવાઇ ?

પોતાની દૃષ્ટિ સમિપ મહિષિએ તેનું શિર ઉડાવી દીધું :તે જોઇ બહાવરો બની ગએલો સેવક કેટલીક વાર સુધી કાષ્ટવત્ ત્યાં ઉભોજ રહ્યો. પછી તેનું માથું લઇ મહેલમાંથી નીકળી તે ચંદાવત પાસે ગયો. અથથી ઇતિ સુધી સર્વ વૃત્તાંત કહી શિર તથા કાગળ ચંદાવત આગળ તેણે રજુ કર્યાં.

ચંદાવતે પત્ર લઇ વાંચવા માંડયો તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

"પ્રાણનાથ! જે સિસોદિયા વંશમાં આપ જન્મ્યા છો તેની માન પ્રતિષ્ઠાની આપને બહુજ સારી માહેતી છે. આપના પવિત્ર પૂર્વજોએ ધન, દારા, પુત્ર કલત્ર વગેરે પણ ત્યજી સ્વામિઆજ્ઞા બજાવવા માટે પોતાના પ્રાણ અર્પી

કેનું અમર નામ કર્યું છે તે પણ આપને માહેત છે. પરન્તુ આ અભાગિનીની ચિંતામાં આપ આપના કુળની રીતિ વિરૂદ્ધ વર્તોછો. ' ધર્મ પર સ્થિત રહીશ " એવાં એક કરતાં વધારે વાર વચન આપ્યાં તોએ આપના મનને ખાતરી થતી નથી.

પ્રેમનિધે ! આપના ચિન્તિત ચિત્તને કેવી રીતે બોધ આપવો તે હું સમજી શકતી નથી. મારીજ ચિન્તાથી વિહ્‌વલ થઇ આપ રણમાં જાઓ અને અહિંયાં હું સુખ ચેનમાં રહું, એ મને યોગ્ય લાગતું નથી. માટે મારી પ્રતિજ્ઞા પ્રમાણે, આપની ચિન્તા ઓછી કરવા માટે, પહેલેથીજ સતી થાઉં છું. ખરા ક્ષત્રી પ્રમાણે મરતાં સુધી લડજો. શત્રુને પીઠ બતાવતા નહિ. શુદ્ધ ચંદાવત કુટુંબમાં દાગ લાગવા દેશો નહિ. આળ પંપાળમાં જીવ ન રાખતાં યુદ્ધમાં એક ચિત્ત રહેજો. જેવી સ્વામિભકિત મેં બતલાવી દો તેવીજ સ્વામી ભકિત આ પણ બતાવજો. તેમ કરતાં મરવું પડે તો સ્વર્ગમાં આપની સેવા ઉઠાવવા હું તૈયાર છું. કોઇ પ્રકારની ચિન્તા રાખતા નહિ. મેં મારૂં કર્તવ્ય બજાવ્યું છે આપ પણ આપનું કર્તવ્ય બજાવો. મારી પાછળ શોક કરો તો આપને મારા સમ. છેવટે એજ વિનંતિ કે આ દીન દાસીથી જે ભૂલચૂક થઇ હોય તે માફ કરશો. બસ, એજ. અંતિમ પ્રમાણ. સ્વર્ગ મિલન. ઇતિ શુભમ્

લી

આપની પ્રેમ ચકોરી

વીર બાલા. આપની દાસી.

પત્ર વાંચી ચંદાવતને ઘણોજ આનંદ થયો. આનંદના ઉભરામાં તેણે તે માથું પોતાની છાતી સરસું ચાંપ્યું. પછી કેશને બે ભાગમાં વ્હેંચી તેને પોતાના ગળે લટકાવ્યું. બંધનમાં પડેલો વ્યાકુલ મૃગરાજ બંધન મુક્ત થતાં જેવા આનંદથી પોતાના નિવાસ તરફ દોડે છે તેવાજ બલ્કે તેથી પણ વધારે આનંદથી આપણો ચંદાવત સૈન્યના અગ્રભાગે આવ્યો તેની વિશાળ છાતી, લાંબા હાથ, દીર્ઘ અવયવ અને પ્રસરત લલાટ પર પહેલાના જેવું જ તેજ ઝગી રહ્યું હતું. ઉત્સાહજનક પરંતુ ગંભીર ગર્જનાથી તેણે સૈન્યને કુચ કરવાની આજ્ઞા કરી. સૌથી આગળ ચંદાવત પોતાના તેજી ઘોડા પર સ્વાર થઇ ચાલતો હતો. યવનો ઉપરના તેના ક્રોધથી તેનાં નેત્રો રકતવર્ણાં થઇ રહ્યાં હતાં તેના હૃદય પ્રદેશમાં હાડીજીનું હસતું ચંદ્રમુખ લટકી રહ્યુ હતું જેથી એવો ભાસ થતો હતો કે જાણે રૂંડમાલા ધારણ કરેલા, કોપાયમાન થઇ ગએલા રૂદ્ર ત્રીપુરવધ કરવાતો નહિ જતા હોય!

ચંદાવતની ડાબી જમણી બાજુએ સલુમ્બરા તાબાના પટાવટો ગરાશીઆ વગેરે સઘળા ચાલતા હતા. તેમની પાછળ અન ની આકાશને ફાડી નાંખે એવી ગર્જના કરતું સૈન્ય ઉદયપુર તરફ દડ મજલ કુચ કરી ચાલતું હતું.

પ્રકરણ સાતમું.

યાત્રા.

Read Homer once and you can read no more,
For all books else appear so mean, so poor;
Verse will seem prose; but still persist to read,
And Homer will be all the books you need.

SHEFFIELD,

આ જ ઉદયપુરનો વિશાળ દુર્ગ અત્યંત શોભા સમાન જણાતો હતો. તેના પર્વતીય શૃંગોપર મેવાડની ઉંચી

હેલી જયપતાકાઓ આકાશની જોડે વાતો કરી રહી હતી. ગઢમાં ઠેર ઠેર રંગ બેરંગી અગણિત ધ્વજાઓ ફરકી રહી હતી. નાના પ્રકારની સુંદર વસ્તુઓથી પ્રત્યેક મહેલને શણગારવામાં આવ્યો હતો. નગરમાં, ગલીએ કુંચીએ, હાટ બજારે, જ્યાં જુઓ ત્યાં મનુષ્યોની ભીડ જામી રહી હતી. ઘેરઘેર તોરણ બાંધવામાં આવ્યાં હતાં. પોળેપોળ અને બજારે બજાર, કદળી સ્તંભ ઉભા કરવામાં આવ્યા હતા જેથી શહેરની શોભામાં વિચિત્ર વધારો થઇ રહ્યો હતો. ઠેરઠેર નાગરીક સ્ત્રીઓ મંગળગાન કરી રહી હતી. ગઢમાંથી રાજકર્મચારીઓનાં ઝુંડેઝુંડ જા આવ કરી રહ્યાં હતાં. કારણકે ઉદયપુરથી પ્રસ્થાન કરવાનું આજે મૂહુર્ત હતું રાઠોડ રાજકુંવરીને પરણવા જવાનું મૂહુર્ત આજનુંજ હતું.

નગરની બહાર એક ભવ્ય ચોગાનમાં અગણિત છાવણીઓ નાંખી અસંખ્ય સિપાઇઓ પડેલા હતા. મેવાડના જેટલા જાગીરદાર હતા તે સઘળા આજે ઉદયપુર આવેલા હતા. કોઇની પાસે સહસ્ત્ર બેસહસ્ત્ર, તો કોઇની પાસે તેથી પણ વધારે યોદ્ધાઓ હતા. દરેક છાવણીની મધ્યમાં અક્કેક વિશાળ તંબુ તાણવામાં આવ્યો હતો. જેમાં તે છાવણીના સરદારનો ઉતારો હતો. પ્રત્યેક તંબુપર જૂદી જૂદી જાતની ધ્વજા ફરકી રહી હતી. ચંદાવત પણ પોતાના વિશાળ સૈન્યને લઇ એક બાજુએ પડ્યો હતો. તેની ચારે બાજુએ રણવાદ્ય ગગડી રહ્યાં હતાં.

બાલરવિનાં પ્રલમ્બ રશ્મિ સૈન્યને આનંદિત કરી રહ્યાં હતાં. પ્રાતઃકાળના શીતલવાયુથી મેવાડની જય પતાકાઓ ફરફરી

રહી હતી. દુશ્મનના દિલને કંપાવનાર રણવાદ્યનો ખેતર, મેદાન, કોટ, ગઢ, પર્વત વગેરે સ્થળેથી પડઘો પડી રહ્યો હતો. સંસારને ચકિત કરનાર વીર સમૂહથી ઉદયપુર માનવ સમુદ્ર તુલ્ય ભાસતું હતું. તેમાં રણવાદ્યની સાથે મંગળવાદ્ય, મંગળગીત, અને ભાટોની વીરરસપૂર્ણ ગીતોની લહરીઓ ઉછાળા મારી રહી હતી.

સર્વ સેનાપતિ પોતપોતાના યેદ્ધાઓને સજ્જ કરી શ્રીમાનની પ્રતીક્ષા કરતા ગઢની પાસેના ચોગાનમાં ઉભા હતા. એટલામાં મહારાણાનો આગમન સૂચક ડંકો વાગ્યો. એટલે સર્વ સૈન્ય સાવધાન થઇ ગયું. અશ્વપર આરૂઢ થએલા મહારાણા રાજસિંહ જેવા દૃષ્ટિએ પડયા કે તરતજ " મેવાડ નાથની જય " એવી ગગનભેદી ગર્જના સૈન્યે કરી મૂકી. અશ્વોના ખડખડાટ અને યોદ્ધાઓની જય ધ્વનિ ઉદયપુરના વિસ્તિર્ણ પ્રદેશને ભેદી જંગલ અને પર્વત પ્રદેશમાં પ્રતિધ્વનિત થવાં લાગ્યાં. ભારે ભકિતથી અભિવાદન કરી, જાગીરદારો રાજસિંહની ચારે બાજુએ ફરી વળ્યા એટલે બન્દીજનોએ સિસોદિયા કુળનું ગૌરવગાન કરવા માંડયું. તે પૂર્ણ થયું એટલે એક વૃદ્ધચારણે આગળ આવી તેના પચમસ્વરથી સિસોદિયા કુળની પ્રાચિન વીરતા આલાપવા માંડી. કંપિતસ્વરથી ગવાતી જે ગર્વિત કવિતા વૃધ્ધ ચારણે ગાઇ તેનો આશય નીચે પ્રમાણે હતો.

" રાજન્યવર્ગ. આપ યુવાન છો, આપનું ધ્યાન, આશા અને ઉત્સાહ નવાં છે. આપનું ધ્યાન, ભવિષ્ય તરફ છે પરંતુ

હુ બુઢ્ઢો છું. મારૂં ધ્યાન ભૂતકાળમાં લીન થઇ ગયું છે. વિગત કાળવારિદોએ મારા હૃદયનેત્રને ઘેરી લીધું છે. હાલમાં મને કાંઇ સુઝતું નથી. પરંતુ આજના વીરસમૂહને દેખી તે મેઘમાળા ફાટે છે. તેમા એક અનન્ય વીરમૂર્ત્તિ મારી દૃષ્ટિએ પડે છે. ઘનઘટામાં વિદ્યુતની માફક તેની વીરતા ચમકારા મારી રહી છે. જેનું ટુંક વર્ણન હુ આપને આપું છું તે ધ્યાનપુર્વક સાંભળો. ”—

જુઓ, તેના પૂર્વજોનું રાજ્ય તેના વંશમાંથી આલ્હુ ગયુ છે. મેવાડના દુર્ગમ ગઢપર અલાઉદ્દીનની ધ્વજા ફરકી રહી છે. તેનો બાપ કાકો વગેરે સર્વ દેવલોક પામ્યા છે. એક અનાથ બાલકની માફક ભીલ તથા ભોમિયાની મદદથી કેલવાડાના જંગલમાં તે પોતાના દિન ગાળી રહ્યો છે, પરંતુ આ અનાથ બાળક સિંહનું બચ્ચું છે. જુઓ, જોતજોતામાં તે ઉમરલાયક થાય છે. અહિં તાંહથી યોદ્ધાઓ એકઠા કરી પોતાના અનુયાયીઓમાં વધારો કરે છે. હવે તેની પાસે નાનુંસું લશ્કર જમા થઇ ગયું છે. તે લઇ પોતાના જે ખંડીયા રાજાઓ સ્વતંત્ર થઇ ગયા છે તેમના પર તે ચડાઇ લઇ જાય છે અને તે સઘળાને પરાસ્ત કરી તેમને પોતાના તાબામાં લે છે.

ધીમે ધીમે તેની પાસે એક મોટું લશ્કર જમા થઇ ગયું છે. તે પોતાના બાપ દાદાના ગએલા રાજ્ય પર ચડાઇ કરે છે. ઘણો ખરો મુલક તે હસ્તગત કરે છે. ફક્ત ચિતોડ અને તેની આજુબાજુનો કેટલોક મુલક

જ મુસલમાનોના હાથમાં છે. તે પણ જીતી લેવાને તે તૈયાર થયો છે. પરંતુ એટલામાં અલાઉદ્દીન જાતે લડવા આવે છે. જુઓ, ઘોર સંગ્રામ થાય છે. લોહીની નદીઓ વહે છે. મહાદેવી ચંડિકાનું ખપ્પર પૂરેપૂરૂં ભરાય છે. ગીધ, સમળી, કાગડા તથા શિયાળવાં પોતાને પૂરતી ઉજાણી મળેલી હોવાથી હૃષ્ટ પુષ્ટ થઇ ગયાં છે.

આખરે રણથંભોરરાજ મૃગરાજથી થાકે છે. ચિતોડ માલવદેવને સોંપી તે દિલ્હી જતો રહે છે.

હજુ સુધી એ બાળક નિશ્ચિંત બેઠો નથી. તે કોઇ કોઇ વાર પોતાના ગઢ પર ધસારો કરે છે તો કોઇ કોઇ વાર માલવદેવના માણસો પર ઓચિંતા તૂટી પડી તેને તથા બાદશાહને ગભરાવી મૂકે છે. સિંહનું આ બચ્ચું બારે સાવધાનીથી હરણોનો શિકાર કરી રહ્યું છે. મુસલમાનોને હમીરના નામની એટલી બધી ધાસ્તી લાગે છે કે " હમીર આવ્યો " એમ બોલતાં રોતાં છોકરાં પણ રોવાનું છોડી ચુપ થઈ જાય છે. માલવદેવ તેને પકડવા અનેક પ્રયત્ન કરે છે પણ તે સર્વ નિષ્ફળ જાય છે. બાદશાહની અનુમતિથી તે અનેક જાતની જાળો પાથરે છે પરંતુ આ બાળસિંહ તેમાં ફસાતો નથી. અનેક પ્રયત્નો છતાં પણ જ્યારે શિકાર હાથમાં નથી આવતો ત્યારે માલવદેવ નિરાશ થઇ જાય છે બાદશાહ અલાઉદ્દીનની સંમતિથી તે અનેક કાવતરાં કરે છે પરન્તુ વીર હમીર તેના પંજામાં સપડાતો નથી. શિકાર હાથમાં આવતો નથી એમ વિચારી તેને અપમાન

કરવા પોતાની વિધવા પુત્રીનું નાળિયેર તે હમીર આગળ મો-
કલે છે. હમીર આ બધું સમજી તો જાય છે પરન્તુ નાળિયેર
લેવું કે નહિ તે વિષય પર વિચાર ચલાવવા પોતાના સરદારોને
એકઠા કરે છે. સર્વ ભેગા મળી તેનો અસ્વીકાર કરવાનો અભિપ્રાય
આપે છે. જુઓ, વીરનર હમીર તે વખતે તેમને શું કહે છે !
તે કહે છે કે "ભાઇઓ મારા ધારવા પ્રમાણે તમારા સઘળા-
ની ભૂલ છે. તમે જે ભય બતાવો છો તેથી કાંઇ હું અજાણ
નથી. રાજપૂત થઇ બીજાથી ડરી પોતાનો સંકલ્પ છોડી દેવો
તે મોટી કાયરતા છે. તે રાજપૂતનું કામ નથી પરન્તુ દાસી
પુત્રનું કામ છે. ખરા રાજપૂત બચ્ચાએ દુઃખ સહન કરવા
કટીબંધ તૈયાર રહેવું જોઇએ. તે એક વખત ઘાયલ
થઇ પોતાનું ઘર છોડે છે તો બીજી વખત વાજતે
ગાજતે સિંહાસન પર આરૂઢ થાય છે. જો આ નાળિયેર ન
સ્વીકારૂં તો મારી જનુનીની કુખ લાજે. મારા શૂરવીર ભાઇઓ
મને બરોબર ખબર છે કે તમે તમારા પ્રાણ કરતાં મારા પ્રાણ-
ની વધુ ચિંતા કરો છો, પણ તેમાં તમારી મોટી ભૂલ છે. ઘર-
માં સવામણ રૂ ની તળાઇ પર સુઇ રહેલા મનુષ્યને પણ જ્યારે
તેનું આયુષ્ય પૂરૂં થાય છે ત્યારે મૃત્યુ પોતાના કબજામાં લે છે
અને ઘોર સંગ્રામમાં રોળા વર્તાવતો રાજપૂત જો તેનું
આયુષ્ય હોય છે તો સહીસલામત ઘેર પાછો આવે છે
અને પોતાના કુટુંબ કબીલાને મળી શકે છે શું એ આપને
માલૂમ નથી ? જો આયુષ્યની અવધ પૂરી થઇ હશે તો ગમે
તે સ્થળે હશું તોપણ મરણ તો અવશ્ય આવવાનું જ. માટે
બાયલાની માફક ઘરમાં ભરાઇ બેસવા કરતાં શત્રુને મારતાં

મારતાં મરવું તે શ્રેષ્ઠ છે. આ સંસારની કોઈ પણ બાબતથી બીજું તે ક્ષત્રી બચ્ચાને ઉચિત નથી. જે સ્થળે મારા બાપ દાદા વસતા હતા, જે કિલ્લા પર મારા બાપ દાદાની પવિત્ર ધ્વજા ફરકતી હતી, અને જે જંગલોમાં મારા બાપ દાદાનું પવિત્ર લોહી રેડાએલું છે તે સ્થળ, તે કિલ્લો, અને તે જંગલ જોવાનો અમૂલ્ય લાભ મને આ બહાને મળવાનો છે. તે મારે શા સારૂ ગુમાવવો? જે સ્થળે મારા બાપ દાદા મરણ પામ્યા છે, તે સ્થળે જો હું મરૂં તો મને પણ સ્વર્ગ પ્રાપ્તિ થાય. કોણ જાણે કદિ આ બહાનાથી તેમણે મને તેમની જોડે સ્વર્ગમાં બોલાવ્યો પણ હોય? તેમની ઇચ્છા પૂર્ણ કરવી એ હું મારો ધર્મ સમજાું છું. માટે આ નાળિયેર સ્વીકારવું એવી મારી ખરા અંતઃકરણની ઇચ્છા છે.”

વીરનર હમીરનું આ કથન સાંભળી સર્વ સરદારો એક મત થઈ તે નાળિયેર સ્વીકારે છે અને નિયમિત દિવસે પાંચસો સુનંદા સ્વારો લઈ મહારાણો હમીર ચિતોડ પર ચાલે છે. માલવદેવના પાંચ પુત્રો તેનો સત્કાર કરવા સામા આવે છે. હમીર ચિતોડગઢમાં દાખલ થાય છે. લગ્નની કાંઈ પણ ધામધૂમ તેની દૃષ્ટિએ પડતી નથી. આ માલવદેવનું કપટ છે એની તેને જમા ખાતરી થઈ જાય છે. જુઓ ક્રોધથી તેનું મોં લાલચોળ થઈ ગયું છે. નાગી તરવારવાળા પાંચસો યોદ્ધાઓને લઈ તે દરબારમાં ધૂસે છે. આ બાળકિશોરની છાતી જોઈ માલવદેવ થરથર ધ્રૂજવા માંડે છે. તેને પકડવાની તો શું, પરંતુ તેના સામું જોવાની પણ તેની છાતી ચાલતી નથી. પુત્રીને તે એકદમ

પરણાવી દેછે. પોતાનો મનોરથ પૂર્ણ કરી વીરનર હમીર કેલવા-ડામાં આવે છે.

હવે હમીર બાળક છે એમ કોણ કહેશે ? થોડાજ દિવ-સમાં લગ્નનું ફળ થાય છે. હમીર પોતાના પૂર્વજોનો ગઢ પાછો મેળવેછે. જુઓ ! માથાપર મુગટ ધારણ કરી ચિતોડના રાજ્યાસનપર તે આરૂઢ થયો છે. અરે ! આ વજાઘાદ સાંભળો. સિસોદિયાના પ્રબલ પ્રતાપથી આ આખું ભૂમંડળ કાંપી ઉઠયું છે. આમ જુઓ, એની અનેક વિજય પતાકાઓ આકા-શની જોડે વાતો કરી રહી છે. જુઓ, જુઓ ! યવનો અને મા-લદેવ જીવ લઇને દિલ્હી તરફ નાસે છે. અનેક મ્લેચ્છોને પરાસ્ત કરી વીરનર હમીર ચિતોડમાં પોતાનું રાજ્ય સુદ્દઢ કરે છે ! જુઓ ! માલદેવ દિલ્હી જાય છે. ત્યાં બાદશાહ તેને ભૂંડે હાલે મારે છે પરન્તુ હમીર આગળ તેનું કાંઇ પણ ચાલતું નથી. જુઓ, જુઓ, વૃદ્ધાવસ્થાથી અશકત થઇ ગએલો બાદશાહ હાથ ઘસે છે, તથા પોંચા કરે છે. તે હમીર ઉપર તથા પોતાના ખા-યલા સરદારો ઉપર લાખો અને કરોડો શ્રાપનો વર્ષાદ વર્ષાવે છે. પણ તેમાં શું ? નર કેસરી હમીર ચિતોડનો પુનરૂદ્ધાર કરે છે. બાદશાહની મહત્વાકાંક્ષાને તે મિટ્ટીમાં મેળવી દે છે "

મારા બહાદુર યોદ્ધાઓ આપ પણ એ વીર હમીરના વંશજ છો. તેની માફકજ દુશ્મનના મોંમા ડૂચો મારી કન્યા પરણી લાવવાની છે. ઉઠો. તૈયાર થાઓ, તરવાર, બર્છી, તીર, ગુપ્તી, ગેડી, ગદા આદિ હથિયારો લઇ દુશ્મન પર તૂટી પડો, કુકડી, તેતરાની માફક તેમને હવામાં ઉરાડી દો અને રાજકુંવરીને

પરણી લાવો. અહંકારી ઔરંગઝેબની અતિ નીચ ઇચ્છાને મિટ્ટિમાં મેળવી આખા હિંદુસ્તાનમાં આપણી વીરહાક વગડાવો. મદોન્મત્ત થઇ ગએલા મુગલોને બતાવી આપો કે હજુ સુધી પણ રજપૂતોમાં રાજપૂત તેજ અસ્તિત્વ ધરાવે છે જ. અપમાન ખમી બેસી રહે એવા બાયલા હજુ સુધી તે બની ગયા નથીજ

શૂરવીરો! મારો અંતરાત્મા મને પોકારી પોકારીને કહે છે કે તમે અવસ્ય સફલ મનોરથ થશોજ. ઔરંગઝેબની વિજય પતાકા તમારા હાથમાં અવસ્ય આવશેજ. ઉદયપુરમાં ઘેર ઘેર મંગળ ગીત અને આનંદ ધ્વનિ થશેજ. માટે ભાઇઓ! ઉઠો, કમર કસો, અને મ્લેચ્છોને પરાસ્ત કરી પરલોકમાં પહોંચાડો.

ભાટનું આ વીરરસપૂર્ણ ગાન પુરૂં થયું કે તરતજ યોદ્ધાઓએ એક વજ્રનાદી ગર્જના કરી મૂકી, તેના અવાજથી મેવાડનો આખો પહાડી પ્રદેશ કંપી ઉઠયો.

આ આનંદ કોલાહલ પૂર્ણ થયો એટલે તરતજ ઉદયપુરાધિપતિએ પોતના સરદારો તરફ જોઇ કહ્યું. "મારા બહાદુર વીરો! વિલંબ કરવાનો આ અવસર નથી.* દેવી પૂજાની સઘળી સામગ્રીઓ તૈયારજ છે માટે ચાલો, આપણે તેમની પાસે જઇ પ્રસ્થાન કરવાની પરવાનગી માગીએ."

---

* પહેલાં મેવાડના અને અન્ય સર્વ ક્ષત્રીઓમાં હરકોઇ પણ કાર્યનો આરંભ કરતાં અને યુદ્ધયાત્રા કરતાં પહેલાં "કુળ દેવી"ની પૂજા કરવાનો ચાલ હતો. હજુસુધીપણ આ ચાલ ઘણેખરે ઠેકાણે પ્રચલિત છે.

આ પ્રમાણે બોલી મહારાણાએ ચાલવા માંડયું. પોતપોતાના સૈન્યને લઇ સર્વ સામંતો પણ તેની પાછળ ચાલવા લાગ્યા. મેદાન ઓળંગી એક પહાડ પાસે આવી સર્વ થોભ્યા. તે પહાડ પર મેવાડની પરંપરા પૂજિત કરાલા દેવીનું મંદિર હતું. સર્વ સરદારોને લઇ મહારાણા દેવીના મંદિરમાં ગયા. પૂજાની સર્વ સામગ્રીઓ પહેલેથીજ તૈયાર કરી મૂકવામાં આવેલી હતી.

મહારાણા આવ્યા કે તરતજ પૂજાનો આરમ્ભ કરવામાં આવ્યો. બ્રહ્મણો મંત્ર પાઠ ભણી હવન કરી રહ્યા હતા અગ્નિ માંથી જ્વાળાઓ નીકળી રહી હતી. મહારાણા અને સરદારો પૂર્ણ ભકિતથી હાથ જોડી દેવીની પ્રાર્થના કરી રહ્યા હતા. નીચે પંકિતબંધ ઉભેલી સેના જયનાદ કરી રહી હતી.

પૂજા સમાપ્ત થઇ. પૂજારીએ દેવીની તરવારને ચડાવેલું સિંદુર મહારાણાની તરવાર પર ચોપડયું અને દેવીને ચડાવેલા કંકુથી સર્વ સામંત સરદારો તથા મહારાણાને તિલક કર્યાં પછી તેણે પૂર્ણ આનંદમાં કહ્યું.

" ધર્માવતાર ! આજની પૂજાનો દેવીએ ઘણા પ્રેમથી સ્વીકાર કર્યો છે. જગદંબા આપના પર પ્રસન્ન થઇ ગયાં છે. આપના કાર્યમાં આપને અવસ્ય સાફલ્ય મળશેજ. "

પૂજારીનું આ કથન સાંભળી મહારાણા રાજસિંહ તથા અન્ય સરદારો પ્રસન્ન થઇ ગયા. દેવીને અન્તિમ પ્રણામ કરી તેઓ નીચે ઉતર્યા.

મેવાડના સર્વ સરદાર, શકાવત (રાણાવત) ચુંડાવત, ઝાલા કુળના પરમાર રાઠોડ વગેરેએ પોતપોતાના યોદ્ધાઓને તૈયાર કર્યા. જે બે હજાર સ્વારો મહારાણા સાથે જવાના હતા તે પણ તૈયાર થઇ ગયા. મહારાણા પોતાના અશ્વપર આરૂઢ થઇ લશ્કરને મોખરે આવી ઉભા. મેવાડનાં પ્રબળ યુદ્ધવાદ્ય દ્વિગુણિત જોરથી વાગવા લાગ્યાં. સર્વ સામંત, સરદાર તથા સિપાઇઓ મહારાણા તરફ એકીટસે જોવા લાગ્યા એટલે તેમણે તેમને ઘણા ગંભિર પરંતુ ઉત્સાહ પૂર્ણ સ્વરથી કહ્યું.

"મારા બહાદુર યોદ્ધાઓ આજ આપણે જે હેતુને માટે તૈયાર થયા છીએ તે હેતુ પર આપણા કુલની પ્રતિષ્ઠા અવલંબી રહેલી છે. દુઃખ તથા આફતથી સિસોદિયો બચ્ચો કદી બીન્યો નથી ને બીવાનો પણ નથી એ વાતની મને પૂર્ણ ખાતરી છે. પોતાના કુળની પ્રતિષ્ઠા જીવને જોખમે પણ સિસોદિયા સાચવે છે એ બતાવવાનો આ વખત છે.

અલ્પ કાળમાં તમારે બાદશાહી દળના સામું થવું પડશે. તેના કરતાં સંખ્યામાં તમે થોડા છો પરંતુ એકેક સિસોદીઓ સો સો મોગલને પુરો પડે તેવો છે. એક સિંહનું બચ્ચું હજાર ઝુંડને પરાસ્ત કરી શકે છે. તમે ખરા સિંહના બચ્ચા છો તે બતાવી આપવાનો પ્રસંગ આજનો છે. બહુ સાવધાનીથી વર્તજો. અને ચંદાવત કે જે આ લડાઇમાં તમારો મુખ્ય સરદાર છે તેનું રક્ષણ કરજો. તમે તમારૂં કર્તવ્ય યથાયોગ્ય બજાવશો એવી મને સોએ સો ટકા ખાતરી છે. ભાઇઓ વધારે કહેવાનો વખત નથી. ટુંકામાં એટલુંજ કહું છું કે તમારા

ક્ષાત્ર ધર્મ તરફ ધ્યાન દઇ, સમરમાં સિંહની માફક ઝઝુમજો. શત્રુઓને તમારી તીખી તમતમી તરવારને તીખો સ્વાદ એવી રીતે ચખાડજો કે ફરીથી રાજપૂતનું અપમાન કરતાં પાછું વાળીને જુએ.

ભાઇઓ યાદ રાખજો કે મેવાડને વિજય અપાવવો અથવા તેને પાયમાલ કરાવવું તે તમારા હાથમાં છે. તમારો ક્ષાત્ર ધર્મ તથા સ્વામિધર્મ મરતાં સુધી યાદ રાખજો. બસ, હવે પ્રયાણ કરો."

મહારાણાનું અંતિમ વાક્ય સાંભળી યોદ્ધાઓએ મોટા ઉત્સાહ તેમજ ઉમંગથી "કુલાદેવીની જય" "મેવાડની જય" "મહારાણા રાજસિંહની જય" એવી ગગનભેદી કીકીઆરીઓ કરી.

અકેક રાજપૂત સો સો મોગલોને પટકે એવા બે સહસ્ર રાજપૂતોને લઇ રાજસિંહે પ્રથમ પ્રયાણ કર્યું અને રૂપનગર તરફનો માર્ગ લીધો.

આ પછી પૃથ્વીને કંપાયમાન કરનાર પચાસ સહસ્ર યોદ્ધાઓ લઇ સરદાર ચંદાવતે પ્રયાણ કર્યું. આ વખતે બે ઘડી દિવસ ચડ્યો હતો. વિહંગસમૂહો વૃક્ષોપર બેસી મધુર સ્વરે વસંત ગાન કરી રહ્યાં હતાં. વૃક્ષની નવી આવેલી કુંપળો પર રવિરશ્મિ પડી વિચિત્ર શોભા કરી રહ્યાં હતાં. પ્રાતઃકાલના મંદ વાયુથી ફરફરતો વાવટો અતિ સુંદર લાગતો હતો. ચારે બાજુએ ઋતુરાજ વસંતની અકથનીય શોભા દષ્ટિગોચર થતી હતી. રણવાદ્યના શબ્દથી અને યોદ્ધાઓના પગરવથી અરણ્યની શાંતતાનો ભંગ થઇ રહ્યો હતો. વચ્ચે વચ્ચે સરોવરો આવતાં

હતાં જેમાંના કેટલાકનું પાણી એટલું બધું નિર્મળ હતું કે ત-ળીઆની જમીન સ્પષ્ટરીતે જણાતી હતી. કેટલાંકનું પાણી એટલું બધું મીઠું હતું કે સૈનિકો થોડો વખત ત્યાં થોભી પોતાની તૃષા છીપાવતા હતા. જે વખતે આ નિર્જન છાયા-યુક્ત વનસ્થલીમાંથી મેવાડદળ પસાર થતું હતું તે વખતે સૈનિકોના કોલાહલથી આખું વન ગાજી ઉઠતું હતું અને સૈન્ય જતું એટલે શાન્તિ તે વનને પૂર્વવત્ પોતાના અમલમાં લેતી.

આ પ્રમાણે પહાડ પર્વત નદી નાળાં ઓળગંતું ઓળગંતું સૈન્ય પોતાના અભિલાષિત સ્થળ પ્રતિ કુચ કરતું હતું.



પ્રકરણ આઠમું.

શુભ વિવાહ.

હો મુબારક હમેં અય ખાલિકે અકબર શાદી,
બાગે હસ્તીમેં ખિલાયે ગુલે અનવર શાદી.
શાદ દૂલ્હા રહે તા હશ્રો આબાદ દુલ્હન,
ઉસકો હાસિલ હો ખુશી, ઇસકો મયસ્સર શાદી.

એક બાજુએ સારા સિસોદિયાઓને લઇ સરદાર ચંદાવત આગ્રા તરફ ગયો ત્યારે બીજી બાજુએ મહારાણા રાજસિંહ જાન લઇ રૂપનગર તરફ ગયા. પ્રિય વાંચકો ત્યારે આ-

આપણે ક્યાં જઇશું? આપણી સ્થિતિ ત્રિશંકુના જેવી થઇ પડી. અંદાવતની જોડે જઇ ભયંકર યુદ્ધ જોવું કે મહારાણા જોડે જઇ જાનમાં મહાલવું તે એમાંથી કયું વધારે સારૂં! પોતાના જાતિ ભાઇઓને એક બીજાના જાન લેતાં જોતાં કરતાં આનંદમાં મગ્ન થએલા જોવા તે વધારે સારૂં છે. માટે પ્રિય વાંચક! ચાલો આપણે મહારાણા સાથે જાનમાં જઇએ. ઉતાવળા ચાલો કે જેથી કરી જાન પહોંચતાં રૂપનગરની સ્થિતિ કેવી છે તે આપણે નજરે નાહાળી શકીએ.

રૂપનગરમાં આરે ભારે ધામધૂમથી લગ્નની તૈયારીઓ ચાલી રહી હતી. પોતાના બાર સહસ્ત્ર યોદ્ધાઓ તૈયાર કરી રામસિંહ રાઠોડ લગ્ન સામગ્રીઓ સજતો હતો નગરમાં જ્યાં જુઓ ત્યાં આનંદ આનંદ ને આનંદ છવાઇ રહ્યો હતો. જ્યાં જુઓ ત્યાં મનુષ્યોની ભીડ દૃષ્ટિગોચર થતી હતી. કેટલેક ઠેકાણે જાનીવાસો તૈયાર કરવાનો ઠાઠમાઠ ચાલી રહ્યો હતો તો કેટલેક ઠેકાણે મહારાણાના સત્કારની સામગ્રીઓ સજ્જ થતી હતી જે દિવસથી ગોર શુભ સમાચાર લઇ પાછા આવ્યા હતા તે દિવસથી રૂપનગરમાં આનંદસમુદ્ર ઉછાળા મારી રહ્યો હતો. ઉદયપુરાધિપતિ માટે રામસિંહના મનમાં જે માનની લાગણી હતી તે તેમણે આ મહાન કાર્ય સ્વીકારવાથી સહસ્ત્ર ઘણી વધી ગઇ હતી, માટે તેમનો સત્કાર કરવા તન મન ધનથી તે તૈયારીઓ કરી રહ્યો હતો. આજ મહારાણા રાજકુમારીને પરણવા આવશે એ વિચારથી લોકોના હૃદય આનંદથી ઉભરાઇ જતા હતા. તે ધર્મમૂર્તિના દર્શનનો લાભ લેવા તેઓ એક પગે થઇ રહ્યા હતા. દાસ દાસીઓ તથા

સેવક ચાકરો પોતપોતાનું કામ પૂર્ણ આનંદથી કરી રહ્યાં હતાં.

આજે રૂપવતીના મહેલની શોભા અદ્વિતીય થઇ રહી હતી. ચારેમેર સરખી સાહેલીઓથી ઘેરાએલી તે પોતાના શશિબિંબિત મુખમંડળથી તે મહેલને અત્યંત શોભાયમાન કરી રહી હતી. અત્યારે તે એક યોગિનીની માફક એકલી ઉદાસ ચહેરે બેઠેલી નહોતી પરંતુ તેના મુખમંડળપર પ્રસન્નતાની રેખા પૂર્ણપણે દૃષ્ટિગોચર થતી હતી. " આજ હિંદુપતિ મને દાસી બનાવશે, મુજ અભાગિનીને સૌભાગ્યવતી બનાવશે, મુજ અનાથિની બાંહ્ય પકડી સનાથિની બનાવશે. શું એક યોગિની આજ મેવાડની મહિષી બનશે ? શું એક અનાથ બાળા આજ હિંદુપતિની અર્ધાંગના બનશે?" આવા આવા વિચારાનંદથી તે પુલકિત થઈ રહી હતી તેની ગજ સમી ધીમી ધીમી ચાલ, તેનું લલના સુલભ ચાપલ્ય, કોમલ નાજુક ગાત્ર, શશિવરબિમ્બિત મુખ મંડલ, આગુલ્ફ પ્રલંબ કુંચિત કેશ, તિલ પુષ્પાભ નાસિકા. હૃદયહારી હાસ્ય, બિંબાનુકારી અધરોષ્ઠ, આકર્ણવિલંબિત નયન કમલદ્વય, સરલકટાક્ષ, કમનીય કમ્બુકંઠ, કમલ–કલિકા–કલ્પકુચ કુંદ કુડ્મલ, એ સર્વ એકત્ર મળી સંસારને વિમોહિત કરવાનું પ્રણ કરી રહ્યાં હતાં. યૌવનાવસ્થાનું અતુલ સૌંદર્ય તેના પ્રત્યેક અવયવમાં ઉછાળા મારી રહ્યું હતું. વસનાચલમાંથી ઉન્નત ઉરોજ પોતાનો પ્રકાશ નાંખી રહ્યાં હતાં, વસ્ત્રાચ્છાદિત ચંપક સમાન અંગની રૂપ લાવણ્યવિભા બહાર ફુટી અનુપમ રસનો અનુભવ કરાવતી હતી, સરખી સાહેલીઓએ તેનો ચોટલો ગુંથી સેંથે

શણગાર સજાવ્યાં હતાં. અત્યારે તેઓ સઘળી તેની આસપાસ બેસી પૂર્ણ આનંદથી વાર્તાલાપ કરી રહી હતી.

સાયંકાળ થઇ ગયો હતો, સૂર્યભગવાન અસ્તાચલની બીજી બાજુએ જવાને શીઘ્રતા કરી રહ્યા હતા. દિવસના તાપથી ક્લાંત થએલા પક્ષીઓ પોતપોતાના માળામાંથી બહાર નીકળી ઝાડોની ડાળીઓ પર બેસી વાસંતિક સંધ્યાનું ગાન કરી રહ્યાં હતાં. આ વખત રામસિંહના એક દૂતે આવી તેને કહ્યું. "મહારાજા હિંદુપતિ મહારાજાધિરાજ રાજસિંહ મહારાજ આપણા સરહદમાં દાખલ થઇ ચૂકયા છે. દૂતે આ વચન એટલી બધી કોમળતાથી કહ્યું કે તે રામસિંહને અમૃતવર્ષા માન લાગ્યુ અને તેનું સકળ અંગ આનંદથી પુલકિત થઇ ગયું. મેવ ઉપરાંત આદરસત્કાર કરવા વાજતે ગાજતે તે સામો આવ્યો એટલામાં જાન પણ આવી પહોંચી. રૂપનગરથી કેટલેક દૂર બંને બાજુનો આનંદ સંમિલિત થયો.

ક્ષત્રિયોના ચાલ પ્રમાણે જાનૈયાઓનો સત્કાર કરી રામસિંહે તેમને એક ઉત્તમ સ્થળે ઉતારો આપ્યો. સમસ્ત સેના લઇ સરદાર ચંદાવત દુર્ગ ઔરંગઝેબને રોકવા ગયો છે એ વાત એક જાનૈયાના મોંથી સાંભળી રામસિંહને અત્યાનંદ ઉપજ્યો. કારણકે બાદશાહ અહિં આવી લગ્નમાં વિઘ્ન કરશે એવી જે શંકા હર પળે તેના મનમાં ઉત્પન્ન થતી હતી તે આ સમાચારથી જતી રહી.


તે રાતે શુભ ચોઘડીએ રાણા રામસિંહે પોતાની ભત્રીજી ઉદયપુરના મહારાણાને પરણાવી પોતાની શક્તિ મુજબ પહેરામ-

ણી કરી. પ્રિય વાંચક! તે વખતે રૂપનગરમાં જે આનંદ છવાઈ રહ્યો હતો તેનું વર્ણન કરવાને આ બાલ લેખકની કલમ અસમર્થ છે. તોપણ આપની જીજ્ઞાસાને તૃપ્ત કરવા જે થોડું સું વર્ણન આપું છું તેથી સંતોષ માનશો.

મહારાણા રાજસિંહ વિવાહ મંડપમાં વિરાજમાન હતા. બીજી બાજુએ કન્યાદાન આપવા રામસિંહ બેઠો હતો. ચારે તરફ દાસ દાસીઓ પૂર્ણ આનંદથી પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત હતાં. મંગલગીત ચાલી રહ્યું હતું, મંગલવાદ્યોના નાદથી આકાશ પ્રતિધ્વનિત થઇ રહ્યું હતું. બ્રાહ્મણમંડલે દેવપૂજન કરાવી, ગગન ભેદી લલિત મંગલ પાઠથી રામસિંહ કને તેની ભત્રિજી સંપૂર્ણ વિધિ પ્રમાણે મહારાણા રાજસિંહને અર્પણ કરાવી. રાજસિંહે તેને સાદર ગ્રહણ કરી પોતાની પાસે બેસાડી.

પ્રિય વાંચક વૃંદ! જે અનાથ બાળાને પહેલાં તમે એકાંત મહેલમાં વિલાપ કરતી જોઇ હતી તેજ ત્રૈલોક્ય વિમોહિની યાદવાર્યકુલકમલદિવાકરના" વામ પાર્શ્વમાં વિરાજિત હતી. આજે એ રાઠોડકુલસંભૂત કન્યા મેવાડ રાજ્યની નરનાથિની થઇ હતી.

અતિ આનંદમાં વિવાહ કૃત્ય સમાપ્ત થયું. પ્રાતઃકાળ સુધી મહારાણાને ત્યાં રાખવા તે સલામત નથી એમ ધારી રામસિંહે સાદરપૂર્વક તેમને વિદાય કર્યા. રાજસિંહ પોતાની નવિન રાણીને લઇ નિર્વિઘ્નતાપૂર્વક પોતાની રાજધાની ઉદયપુરમાં જઈ પહોંચ્યા.



પ્રકરણ નવમું.

ભયાનક સમર.

રાત્રિના અંધારાનું નામ માત્ર પણ નહોતું. ચંદ્રદેવ પોતાના શિતળ રશ્મિથી જગતને આલોકિત કરી રહ્યા હતા. રાત્રિ ત્રિ-

હારી પશુ કુલ પૂર્ણ આનંદથી વિચરી રહ્યાં હતાં. શાંતિએ
પોતાનું સામ્રાજ્ય સંપૂર્ણ રીતે જમાવ્યું હતું. ફક્ત કોયલોના
ટહુકાર તે સામ્રાજ્યમાં ભંગ જગાડતા, કોઇ કોઇ વખત કાને
પડતા હતા. આવા વખતે આગ્રા આગળના એક વિશાળ મેદા-
નમાં અસંખ્ય છાવણીઓ નાંખી એક વિશાળ દળ પડેલું હતું.
તેના પહેરાવાળાઓએ કરેલી તાપણીઓ અજવાળી રાતને
લીધે દૂરથી પણ દૃષ્ટિગોચર થતી હતી. સિપાઇઓના
ટહેલ ટપ્પાથી તથા વાર્તા આલાપથી શુક્લ પક્ષની રાતની શાં-
તિનો ભંગ થઇ રહ્યો હતો. પ્રકૃતિ પ્રકાશ, શિબિરસ્થ પ્રકાશ
જોડે મળી દિનનો બોધ કરાવી રહ્યો હતો. પાસે જતાં માલૂમ
પડતું હતું કે સારા સિસોદિયાદળને સાથે લઇ યવનેશ્વરનો મા-
ર્ગ રોકતો સરદાર ચંદાવત અહિં પડાવ નાંખી પડેલો હતો.

વાંચક ચાલો ! આપણે પણ ત્યાં જઇ મેવાડી છાવણી
બરોબર નીરખીએ. મેવાડની જય પતાકા પોતાના હાથમાં લઇ
યવનેશ્વરના પ્રતિસ્થ થવાનું જેણે પણ લીધું છે એવા સરદાર
ચંદાવતને વાંચક, ચાલો આપણે જોઇએ. જે પ્રબલ પ્રતાપી
દિલ્હીશ્વર ઔરંગજેબના કઠોર અત્યાચારથી આખું ભારતવર્ષ
કંપી રહ્યું હતું તે દુર્દાન્તની સાથે ભયંકર યુદ્ધ કરવાની પતિજ્ઞા
લેનાર ચંદાવતની ચાલો આપણે મુલાકાત લઇએ. વીરમૂર્તિના
ફરી એકવાર દર્શન કરી નેત્રોને સફળ કરીએ.

છાવણીની આસપાસ કહીં કહીં તાપણીઓના ભડકા
નીકળી રહ્યા હતા. ઠેર ઠેર સૈનિકો એકઠા મળી યુદ્ધ વિષયક
વાર્તાલાપ કરી રહ્યા હતા. કોઇ કહેતું કે મારે સેના લઇને

ઔરંગઝેબ આજ કાલમાં આવશે. કોઇ કહેતું કે કદાચ તે ન પણ આવે, કારણકે સિસોદિયાનું આટલું મોટું લશ્કર આટલામાં નજીક પડાવ નાંખી પડ્યું છે તે સમાચાર તેને દૂતો મારફતે મળ્યાજ હશે. કોઇ કોઇ તો કહેતા કે પરમેશ્વર કરે ને યવનેશ્વર આવે કે જેથી ઘણા દિવસથી મ્યાનમાં પડી રહ્યાં કાટ ખાતાં અસ્ત્રોનો બરોબર ઉપયોગ થાય અને દુનિયામાં ડંકો વાગે કે હજુ સુધી સિસોદિયામાં પાણી છે. કેટલાક તો એટલે સુધી કહેતા કે શત્રુઆને સૂડનો સ્વાદ ચખાડવા માટે અમારા હાથ ક્યારનાએ સળવળી રહ્યા છે. આવાં આવાં અનેક ઉત્સાહજનક વાક્યો મેદાનમાં વ્યાપી રહેલી શાંતિમાં ખલેલ પહોંચાડી રહ્યાં હતાં કેટલેક ઠેકાણે સૈનિકો પોતાના અસ્ત્ર શસ્ત્રોને ઓપ ચડાવી રહ્યા હતા તો કેટલેક ઠેકાણે પોતાના બખ્તર ટોપ આદિ સમારવામાં ગુંથાએલા હતા.

આ છાવણીઓની મધ્યમાં એક વિશાળ છાવણી હતી. તેની મધ્યમાં એક ઉંચું આસન તૈયાર કરવામાં આવ્યું હતું જેની ઉપર મેવાડનો પ્રસિદ્ધ સરદાર ચંદાવત અત્યારે વિરાજમાન હતો. તેની આસપાસ સેનાના અન્ય સરદારો બેઠેલા હતા. કેટલીકવાર સુધી તેઓએ અંદર અંદર કાંઇ ગુચપુચ કરી. આખરે એવું ઠર્યું કે બાદશાહી લશ્કર આવે છે કે નહિ તેની ખોજ કરવા માટે દૂતો ચારે બાજુએ મોકલવા, અને યોદ્ધાઓને એવો હુકમ આપવો કે તેમણે લડવાને તૈયાર રહેવું, કારણકે બાદશાહી સૈન્ય ક્યારે અને કેવી રીતે આવી પહોંચશે તે નકકીપણે કહી શકાય તેમ નહોતું. આ પછી ઝઝુમી રહેલા યુદ્ધ સંબંધી બીજી કેટ-

બીક બાબતો વિષે વિચાર ચલાવ્યા બાદ સભા બરખાસ્ત થઇ અને સર્વ સરદારો પોતપોતાના સ્થાને ગયા.

પ્રભાતકાલનો મંદ સમીર સૌરભયુક્ત મત્તકુંજરની માફક ગમન કરી રહ્યો હતો. પક્ષીઓ પોતપોતાના માળામાંથી નીકળી વાસંતિક મહિમાનું ગાન કરી રહ્યાં હતાં. ભગવાન અરૂણદેવ પોતાના શત્રુ નિશાતમરાજને પરાસ્ત કરી સંસારપર પોતાનો પ્રભાવ ફેલાવતા હતા. છાવણીની મધ્યમાં સિસોદિયા કુલનાં પ્રબલ રણવાદ્ય ગગડી રહ્યાં હતાં. ભાટ ચારણો વિરરસ પૂર્ણ ભૈરવ રાગનાં ગાન ગાઇ રહ્યાં હતા. સૈનિકો પોતપોતાની સય્યામાંથી ઉઠી નિત્ય ક્રિયા કરવામાં પ્રવૃત્ત થઇ ગયા હતા. એટલામાં ઉત્તર તરફથી પુર જોસમાં ઘોડો દોડાવતો એક સ્વાર ત્યાં આવ્યો. સર્વ મનુષ્યો તેના તરફ ઉત્સુકતાથી જોવા લાગ્યા. તે સીધો ચંદાવતની છાવણીમાં ગયો અને તેને નીચે પ્રમાણે કહ્યું. "મહારાજ, હિંદુઓની માફક ઠાઠમાઠ કરી હાથમાં નાળિયેર લઇ તથા હાથી પર સ્વાર થઇ ઔરંગજેબ આવે છે, તેની સાથે એક મોટી મુગલ સેના પણ છે. તેઓ દડ મજલ કુચ કરતા આ બાજુએ આવે છે." દૂતના મોંએ આ વાત સાંભળતાંજ ચંદાવતે સૈનિકોને હથિયારબંધ થઇ જવાનો હુકમ કાઢયો. આજ્ઞા સાંભળતાંજ બાદશાહને રોકવા માટે સૈનિકો તૈયાર થઇ ગયા. રાજપૂતો આ પ્રમાણે તૈયારી કરતા હતા એટલામાં વાવાઝોડાની માફક અવની આકાશને એક કરતી તથા ભારે કોલાહલ કરતી યવનસેના આવી પહોંચી.

ઔરંગજેબે જ્યારે દૂરથી રાજપૂત સૈન્ય જોયું ત્યારે બારે

વિસ્મયતાથી પૂછ્યું કે "પેલું લશ્કર કોનું છે." એટલામાં એક હલકારાએ આવી કહ્યું. જહાંપનાહ! મેવાડનું સૈન્ય આપનો રસ્તો રોકી પડેલું છે."

આ સમાચાર સાંભળી ઔરંગઝેબ હતાશ થઇ ગયો. તે મનમાં સમજ્યો કે સિસોદિયા ભયંકર લડાઇ કર્યા વિના અહિં-થી જવાના નથી તોપણ હિંમત ધરી નીચે પ્રમાણેનો કાગળ તેણે સરદાર ચંદાવતને મોકલ્યો.

મેવાડ કુલભૂષણ સરદાર ચંદાવત.

જત બાદશાહ મોટું લશ્કર લઇ રાજસ્થાન તરફ આવે એ સમાચાર સાંભળી કદાચ તમે એમ ધાર્યું હશે કે તે લડવાને માટે આવતા હશે લેકીન તેમ નથી, હું રાજસ્થાનમાં જંગ ઉઠાવવા આવ્યો નથી. હું ઉદયપુર જતો નથી, મારે તો બીજી જ જગ્યાએ જવાનું છે. તેથી મારો માર્ગ રોકવાને આપને કાંઇ પણ કારણ નથી. એજ.

લી.

દિલ્હીપતિ ઔરંગઝેબ.

બાદશાહનો આ પત્ર વાંચી સરદાર ચંદાવતે નીચે પ્રમાણે ઉત્તર તેને મોકલાવ્યો.

શહેનશાહ ઔરંગઝેબ,

જત—આપના પત્રના પ્રત્યુત્તરમાં જણાવવાનું કે આપ જંગ જમાવવા જતા હો, કે શાંતિમા જતા હો, ઉદયપુર જતા હો કે અન્ય સ્થળે જતા હો તથાપિ આપને માર્ગ નહિ આ-

પણાનો અમે દૃઢ નિશ્ચય કર્યો છે. અમે ખરા ક્ષત્રી છીએ, એટલે કોઇથી બ્હી અમારા નિશ્ચયને અન્યથા કરનાર નથી. તમારે આગળ જવું હોય તો ભલે અમને ભેદીને ચાલ્યા જાઓ. એજ.

લી.

સરદાર ચંદાવત.

આ પત્ર વાંચી બાદશાહ ઔરંગજેબને અત્યન્ત ક્રોધ ચડ્યો. તેણે નીચેનો ધમકી પત્ર સરદાર ચંદાવત તરફ મોકલાવ્યો.

સરદાર ચંદાવત,

તમારો જવાબ મળ્યો. હું સમજી શકતો નથી કે મેં તમને કોઇપણ જાતની હાની પહોંચાડી નથી તોપણ તમે મારો માર્ગ કેમ રોકી રહ્યા છો ? નકામા દીવામાં ફૂદાની માફક કેમ ઝંપલાવો છો ? આપના હજારો દિલેર રાજપૂતોને વિના કારણ શા સારૂ મરણના મોંમાં મોકલવા તૈયાર થઇ ગયા છો ? એમ ન ધારતા કે બાદશાહ ઔરંગજેબ સાથે બગાડી તમે ઝાઝો વખત ટકી શકશો ? તમારા મહારાણાએ માલપુરા લૂટયું તે "મારા ભત્રીજાએ છોકરવાદ કરી છે. " એમ ધારી મારા પિતાજીએ જતો કર્યો હતો. તેણે દારાને જે મદદ કરી હતી તે હું નથી જાણતો એમ નથી. લેકિન તે તમારા રાણાની છોકરવાદ છે. એમ ધારી મેં જવા દીધું હતું. મારી આવી સારી વર્તણુંકનો આવો ખોટો લાભ લેશો તો યાદ રાખજો કે દિલ્હીશ્વરનો પંજો તમારાપર પડશે. એવો પ્રસંગ અલ્લાહ મને ન આપો એવું હું મારા ખરા અંતઃકરણથી ઇચ્છું છું. માટે ઝટપટ માર્ગ-

માંથી દૂર થઇ મારી સેનાને જવાનો માર્ગ આપો. એજ.

લી.

રહેમદિલી ઔરંગઝેબ.

દિલ્હીશ્વર ઔરંગઝેબ,

જત તમારો પત્ર મળ્યો, હું આપને પહેલેથીજ જણાવી ચૂકયો છું કે જ્યાં સુધી એકપણ ક્ષત્રી બચ્ચો જીવતો છે ત્યાં સુધી તમે અહિંથી એક ડગલું પણ આગળ વધી શકશો નહિ. તમારી ધમકીની કે રહેમની અમને કાંઇ પરવાહ નથી.

અમારા મહારાણાએ જે જે કાર્યો કર્યાં છે તે સઘળાં એક ખરા રાજપૂતને--ખરા સીસોદિયાને--છાજે તેવા છે. વિશેષ જણાવવાનું એ છે કે જે રાજકુંવરીને પરણવા આપ જાઓ છો તે તો અમારા મહારાણાની પટરાણી તરીકે સ્વીકારાઇ ચૂકેલી છે માટે ગુપચૂપ માનભેર દિલ્હી ચાલ્યા જાઓ નહિતો રાજપૂતની તીખી તરવારનો તમતમો સ્વાદ તમને ચખાડવો પડશે. યવનોથી શુદ્ધ રાજપૂત કદિ બન્યો નથી અને બીવાનો પણ નથી માટે તમારી મરજી હોયતો અમને ભેદીને ચાલ્યા જાઓ. અમે પોતે એકપણ ડગલું પાછા નહિ પડવાના શપથ લઇ બેઠેલા છીએ. એજ.

લી.

વીરનર ચંદાવત.

સાલુમ્બરાધિપતિનો આવો કર્કશ ઉત્તર સાંભળી બાદશાહને પગની

પાનીથી તે શિરની કેશ સુધી અત્યન્ત કોપાગ્નિ વ્યાપ્યો. હિંદુ લશ્કરને ચીરી આગળ વધવાને તેણે પોતાના લશ્કરને હુકમ કર્યો મુસલમાની લશ્કર એકદમ યુદ્ધના આનંદમાં ગાંડુંઘેલું જઇ આગળ વધ્યું. રાજપૂતો તો તેમને આદર સત્કાર આપવા પહેલેથીજ તૈયાર થઇને ઉભા હતા. પૂરજોસમાં ચડેલા તોફાની મોજાઓ જેવી રીતે એક બીજાની જોડે અથડાય છે તેવાજ બલ્કે તેથી પણ વિશેષ જોરથી બન્ને સેનાઓ એક બીજાની જોડે અથડાઇ.

એકમેર ઝનુની મુસલમાની દળ અને બીજી મેર ચિતોડના શૂરા સિસોદિયા વીર હતા. એકમેર હિંદુસ્તાનના શહેનશાહનું બળ અને બીજીમેર મેવાડનું અસીમ વીરત્વ એકઠું મળ્યું હતું. એકમેર મુસલમાનોનો હરમાલીઝુંડો આકાશમાં ફરફરી રહ્યો હતો તો બીજી મેર મેવાડની સૂર્યાકૃતિ માફક ચમકતી લાલ પતાકા વાયુની જોડે વાતોકરી રહી હતી. એક મેર હઠીલા બાદશાહની ઉંડી અભિલાષા હતી તો બીજીમેર સિસોદિયા કુળની વીરપ્રતિષ્ઠા અને મેવાડના નાક સરદાર ચંદાવતની પ્રતિજ્ઞા હતી. એકમેર " અલ્લાહો અકબર " ની કિકીઆરીઓ પાડી આગળ વધવાને પ્રયત્ન કરતું બાદશાહનું લશ્કર હતું અને બીજી મેર " એકલીંગની જય " હર હર મહાદેવ " આદિ ગગન ભેદી ગર્જના કરતું સિસોદિયા સૈન્ય અડગ પર્વતની માફક ઉભેલું હતું. કેમ વાંચક ! તારામાં શુરત્વનો એક અંશપણ છે કે ? આ યુદ્ધ વર્ણન વાંચતાં તારૂં લોહી ધબકારાબંધ વહેશે કે નહિ ? તારાં રોમાંચ ખડાં થઇ જશે કે નહિ ? જો તને ઉપરોક્ત પ્રમાણે લાગણી ન થતી હોય તો આ યુદ્ધ વર્ણન વાંચવાની તારે કાંઇ

જરૂર નથી. કોઇ શાંતિરસપૂર્ણ પુસ્તક વાંચી તારા જીવને આનંદ પમાડ.

તે વિસ્તીર્ણ મેદાનની દરેક તસુ જમીનપર મુસલમાન અને રાજપૂત વીર ખડા થઇ ગયા હતા. જાત જાતની પતાકાઓ હવામાં ફરફરી રહી હતી. નાનાં વિધિ રણુવાધિ યોદ્ધાઓને શૂર ચડાવી રહ્યાં હતાં. ભાટચારણો યોદ્ધાઓને લડવાને ઉત્તેજીત કરી રહ્યા હતા.

હારોમા ગોઠવાઇ ગએલા રાજપૂત યોદ્ધાઓ ભારે આવેશની તથા ઉત્સાહથી તરવાર ચલાવવા સાથે પોતાનો બચાવ કરતા હતા. તુર્કલોક તેમનાપર મોટા આવેશમાં તૂટી પડતા હતા. પરંતુ રાજપૂતોના અઙગ જમાવ આગળ જેમ સમુદ્રનાં તોફાની મોજાં પર્વતખડગને અઠડાઇ પાછા પડે છે તેમ તેઓ પાછા પડતાં હતાં.

કોઇ કોઇ વાર રાજપૂત યોદ્ધાઓ એકાએક શત્રુપર તૂટી પડતા હતા અને બને તેટલા મુગલોને ધૂળ ચાટતા કરી પોતપોતાના સ્થાને આવી પાછા ગોઠવાઇ જતા હતા. પોતપોતાના સરદારોની આગેવાની હેઠળ સૈનિકો એટલા બધા અદ્‌ભૂત શૌર્ય તથા એટલાબધા રણકૌશલ્યથી લડતા હતા કે કેટલાક દાના દુશ્મનો પણ શાબાશ કહી તેમની બહાદુરાઇના વખાણ કરતા હતા. અત્યાર સુધીમાં મુગલોએ અનેક હુમલા કર્યા હતા. પરંતુ રાજપૂત પરાક્રમ આગળ તેઓ છિન્નભિન્ન થઇ ગયા હતા.

સૈન્યનું આવું અસીમ પરાક્રમ જોઇ આનંદિત થતો ચંદાવત તેને ઉત્સાહિત રાખવા પોતાથી બનતું કરતો હતો. જો કોઇ

સરદાર લડતાં કામ આવી જતો તો તેની જગ્યાએ બીજાને મોકદમ નીમી દેતો કે જેથી મુસલમાનોને હુંદુદળની ખોટ માલુમ પડે નહિ. જ્યારે મુસલમાનો પૂર વેગમાં આવતા અને રાજપૂત દળમાં ભંગાણ પડવાનો સંભવ ભાસતો કે તરતજ સિંહ સમાન ગર્જના કરી દુશ્મન દળમાં પડતો અને મુગાભજી માફક તેમને કાપી નાંખતો. પોતાના સરદારને આ પ્રમાણે લડતો દેખી રાજપૂતો પણ દ્વિગુણીત જોરથી લડતા. પોતાના સરદારને બચાવ માટે પૂર જોસથી આગળ ધસતા અને રસ્તામાં જે આવતા તેમને ધૂળ ચાટતા કરતા.

વીર સિસોદિયાને હાથે માર ખાઇ પાછા પડતા સિપાઇ-ઓને ઉત્તેજન આપી ઔરંગજેબ ફરી ફરીને લડવા ઉશ્કેરતો, પણ રાજપૂતોના આગળ તેમનું કાંઇ પણ ચાલતું નહિ. વારે વારે હાર ખાઇને તેઓ પાછા હઠતા હતા.

ધીમે ધીમે બે પહોર દહાડો ચઢી ચૂકયો હતો. ભાસ્કર દેવ પોતાના પ્રખર કિરણોથી સંસારને ઉતપ્ત કરી રહ્યા હતા. સાથે સાથે વીર પુરૂષોના ઉત્સાહ પણ ગરમ થઇ રહ્યો હતો. બંને બાજુના સૈનિકો શૂરપર ચડયા હતા. હજારો શૂરવીરો આ અસાર સંસાર ત્યજી સ્વર્ગલોકમાં સિધાવ્યા હતા. ઘાયલ થએલ સાજુઓના પોકારથી અશ્વોના હણહણાટ, હાથીઓના બરાડાથી તથા ભાટચારણુ અને નકીબોના ગગન ભેદી ગાનથી મધ્યાન્હ કાલના સૂર્યાતપમાં પ્રલયનો ભાસ થતો હતો.

બપોરના વિષમ તાપથી વિકલ થઇ ગએલાં પશુકુલ સુશી-તલ વૃક્ષાવલીમાં આરામ લઇ પોતાના કલાંત શરીરને સુષુપ્તિ

સુખ આપી રહ્યાં હતાં સંસારના સર્વ લોકો આ વખતે પોત-પોતાના કામ ત્યજી આરામ લઈ રહ્યાં હતાં પરંતુ આ વીરોને તેનો કાંઇ પણ ખ્યાલ નહોતો તેઓ તો અવિશ્રાંત પોતપોતાના કાર્યમાં દત્તચિત્ત હતા.

ઘોર સંગ્રામ ચાલી રહ્યો હતો મુસલમાન યોદ્ધાઓ વારંવાર રજપુતો પર હલ્લા કરતા હતા. પરન્તુ સિસોદિયાના રણચાતુર્ય આગળ તેમનો સઘળો પરિશ્રમ વ્યર્થ જેનો અડગ પર્વતની માફક રજપૂત સિપાઇઓ ઉભેલા હતા. માથું જાય તો ભલે પણ અહિંથી એક પગલું પણ પાછા હઠવું નહિ એવો નિશ્ચય તેમણે કરેલો હતો. કેટલીકવાર તો તેઓ પોતે મુસલમાનો પર હલ્લા લઇ જતા અને હજારો દાઢીવાળા તૂખડાઓને ધૂળ ભેગા કરી દેતા હતા.

આ પ્રમાણે ભયંકર યુદ્ધ ચાલતાં ચાલતાં સંધ્યા થઇ ગઇ. જાણે આ ભયંકર દેખાવ વધારે વાર જોવા ઇચ્છતા ન હોય તેમ મેરૂ પર્વતની પેલી બાજુએ ચાલ્યા ગયા. અંધકારે ધીમેધીમે પોતાની સત્તા ફેલાવવા માંડી. આખા દિવસના ભયંકર યુદ્ધથી પણ બાદશાહ પોતાની ઇચ્છા સફળ કરી શકયો નહિ. સિસોદિયા પોતાના સ્થાનથી તલ માત્ર પણ પાછા હઠયા નહિ. પોતાના સિપાઇઓને થાકી ગએલા દેખી સાયંકાળના મિસે ઔરંગજેબે લડાઇ બંધ કરવાનો વાવટો ઉડાડયો. આ જોઇ ધર્મયુદ્ધ પ્રિય રાજપૂતોએ પણ પોતપોતાની તરવારો મ્યાનમાં ઘાલી. યુદ્ધ બંધ થયું. ભયંકર ગર્જના બંધ પડી સિપાઇઓ પોતપોતાની છાવણીમાં ચાલ્યા ગયા.

પ્રકરણ દશમું.

શત્રુ પર દયા.

પૂર્વમાં લાલાશની છટા દૃષ્ટિગોચર થતી હતી. સલૂમ્બરાધિપતિ પોતાની સેના લઇ સમરભૂમીમાં આવી ઉભો હતો. મુસલમાનો પણ સમરભૂમીમાં જમા થઇ ગયા હતા, લડવું ન પડે તો સારૂં એવી ઔરંગઝેબની ઇચ્છા હતી. તેથી માગ આપવાને ઘણા સંદેશા તેણે ચંદાવતને મોકલ્યા. પરન્તુ ચંદાવત કાંઇ પાદશાહના ફંદામાં ફસાય તેમ હતું ! જે કાર્યને માટે તે એટલે સુધી આવ્યો હતો જે કાર્ય કરવાનું તેણે પણ લીધું હતું તે સાંગોપાંગ પાર ન ઉતરે ત્યાં સુધી લગાડવાનો તેણે નિશ્ચય કર્યો હતો. રાતના સમયે પણ દુશ્મનો તરફથી તે બહુ

સાવધ રહ્યા હતા. વિશ્વાસઘાતી મુસલમાનો રાતની વખતે છાપો ન મારે અથવા કોઇ બીજી વાટે રૂપનગર ન જાય એ માટે તેણે પહેલેથી પગલાં ભર્યાં હતાં. આખા લશ્કરને શસ્ત્ર સાથે સુવાને હુકમ કર્યો હતો. લશ્કર કેટલાક ભાગને રાતે જાગતા રહી ચોકી કરવાનો હુકમ મળ્યો હતો. સૈનિકો આ હુકમ પાળે છે કે નહિ તે જોવા આખી રાત તે છાવણીમાં ફર્યો હતો. જે માણસ રાતે પણ આટલો બધો સાવધ રહેતો હતો. તે દિવસે ગફલત કેમ કરે ? ઔરંગજેબની આશા આકાશ કુસુમવત નીવડી. પહેલાંના જેવા જ બહાદુર તેને માથે પણ છાસુ'થાપે એવો પ્રત્યુતર ચંદાવત તરફથી તેને મળ્યો. જે સાંભળી ઔરંગજેબના ક્રોધાગ્નિનો કાંઇ સીમા રહી નહિ. તેણે પોતાના સૈનિકોને કહ્યું. "મારા બહાદુર સીપાઇઓ, આ કાફીરો મરણ માગે છે તેમને ચીડાવાનું કોઇ પણ કારણ આપવામાં આવ્યું નથી તો પણ તેઓ આપણો રસ્તા રોકી રહ્યા છે. અનેક વખતે આપણે આ સિસોદીયાને જવા દીધા છે તેનો તેઓ ખરાબ લાભ લે છે માટે તેમને બતલાવી આપો કે બાદશાહનું અપમાન કરવું તે કાંઇ જેવી તેવી વાત નથી. તમારા શસ્ત્રોપર મોગલ સલ્તાનતની આબરૂનો આધાર છે જુઓ, અનેક પીર તથા આપણા પૂર્વજો આ યુદ્ધ જોવા અત્રે આવ્યા છે. દીનની આબરૂ સાચવી એ તમારો ધર્મ છે. મુઠીભર કાફીરોથી બી જશો તો પછી હિંદુસ્તાનમાં કેવી રીતે રહી શકશો. મારે મારા બહાદૂર વીરો તમારી તરવારનો તીખો તમતમો સ્વાદ આ દુષ્ટ કાફીરોને ચખાડો. દીનનો ડંકો વગડાવી કાફીરોને એવા નીચા નાંખો કે ફરીથી ઉંચુ મોં સુદ્ધાં કરી ન શકે."

બાદશાહનું આ છેલ્લું વાકય સાંભળી મુસલમાનોએ " અલ્લાહો અકબર " ની એક ગગનભેદી ગર્જના કરી. જેથી આખી રણભૂમિ ધ્રૂજી ઉઠી.

અહીં સરદાર ચંદાવત પણ પોતાના સૈન્યને શૂર ચડાવી રહ્યો હતો તેણે કહ્યું. " મારા બહાદુર વીરાઓ આપના અ-ઓપર મેવાડની ચિર પ્રતિસ્થાપિત પ્રતિષ્ઠાનો આધાર છે. તમા-રા બાપ દાદાઓએ પોતાની પ્રતિષ્ઠા જાળવવા જે અસંખ્ય કષ્ટો સહ્યાં છે તે યાદ કરો. ક્ષત્રી ધર્મને યાદ કરો. અનાથ ઉપર જે અત્યાચાર કરે તેને શિક્ષા કરવી તે ક્ષત્રીઓનો પ્રથમ ધર્મ છે. આ અહંકારી ઔરંગઝેબે અત્યાચાર કરવામાં કાંઇ બાકી રાખ્યું નથી. હિંદુઓની બૈરીઓને જોર જુલ્મથી લઇ જવાને તૈયાર થયો છે. આજે જો તે એકની કન્યા જોરજુલમથી લઇ જશે તો કાલે બીજાનું ઘર તકાસશે. રૂપનગરની કન્યા આપની રાણી થઇ ચૂકી છે તેના બચાવને માટે તથા આ અત્યાચારી ઔરંગઝેબને શિક્ષા કરવા માટે તમારામાં જેટલું શૌર્ય હોય તેટલું વાપરો. રાજપુતોનું નાક રાખવાનો આ અમૂલ્ય સોનેરી પ્રસંગ છે.

મહારાણા પ્રતાપ, સાંગ, હમીર, તથા બાપારાવળ વગેરે આપણા પુર્વજો વિમાનમાં બેસી આ લડાઇ જોવા આવ્યા છે. તેમને બતાવો કે આપણામાં શુ હક્ષત્રીનું લોહી વહન કરી રહ્યું છે. જુઓ તમારી આ લડાઇ ઉપર મેવાડની અને આખા રાજસ્થાનની નજર છે. માટે મુસલમાનોને તમારા હાથ એવી રીતે બતાવો કે ફરીથી રાજસ્થાન તરફ ઉંચી દ્રષ્ટિએ જુએ નહિ.

રાજપૂત બચ્ચો કોઇ દિવસ લડવાથી બીન્યો નથી. ને બીવાને પણ નથી. આ સંસારમાં કોઇ અમરપટો લઇને આવ્યું નથી તો પછી મરવાથી બીવું શું કામ? જ્યારે મરણનો કારમો ઘાથ આપણા ઉપર પડવાનો તો છે જ તો પછી કલંકિત થઇ જીવવાનું પ્રયોજન શું?

મ્હારા બહાદુર વીરો, દુશ્મનથી પાછી પાની કરતા ના. તેમને સુંઢનો સ્વાદ બરોબર ચખાડો.

ચુંદાવત આ બોલતો હતો. એટલામાં મુસલમાનોમાં "અલ્લાહો અકબર" ના કીકીઆરી થઈ. 'હરહર મહાદેવ" "એક નાથની જે" એવી હિંદુઓની ગગનભેદી ગર્જનાથી આકાશ ગાજી ઉઠયું.

જેવી ઝડપથી રેલનું પાણી તથા સમુદ્રનું મોજું આવે છે તેવીજ ઝડપથી મુસલમાનોએ હિંદુઓ પર ધસારો કર્યો. ભયંકર યુદ્ધ જામ્યું. સિસોદિયાના પ્રબલ વેગથી પૃથ્વી કાંપવા લાગી સેંકડો બલ્કે હજારો યુદ્ધાઓના શિર ધડથી જુદા થઇ રણભૂમીમાં રોળાવા લાગ્યા. ઘાયલોના આહ અને અશ્રોના ઝણઝણાટથી આખી સમર ભૂમિ ગાજી ઉઠી.

આજે પણ યુદ્ધ થતાં થતાં સંધ્યા થઇ ગઇ પરંતુ કોણએ એક બીજાને મચક આપી નહિ. સાયંકાળ સુધી બંને તરફના તરફના યોદ્ધાઓ ભારે આવેશથી લડયા. બંને તરફના હજારો યોદ્ધાઓ ખપ આવી ગયા. પરન્તુ પાછા હઠવાનું નામ સુદ્ધાં કોઇએ લીધું નહિ. આટલું મોટું લશ્કર હોવાં છતાં તથા આટલો બધો પરિશ્રમ કરવા છતાં મુસલમાનો પોતાનો

મનોરથ સિદ્ધ કરી શક્યા નહિ. તેથી તેમનો ઉત્સાહ કાંઇ મંદ પડવા લાગ્યો. આખા દિવસના ભયંકર ધસારા છતાં રાજપૂત લોક એક તસુ પણ પાછા ન હઠ્યા એ જોઇ મુસલમાનો વિચારવા લાગ્યા કે આ યુદ્ધનો છેડો જલદી આવે તેમ લાગતું નથી. લડાઇ બંધ થઇ. આજના યુધ્ધનું કાંઇ પણ પરિણામ ન આવ્યું.

આજ લડાઇનો ત્રીજો દિવસ હતો. સૂર્યોદયને હજુ ઘણી વાર હતી તોપણ સમરભૂમી યોદ્ધાઓથી ખાલી નહોતી. શાંત પ્રદેશમાં વસતા મનુષ્યો હજુ સુધી રાત્રે દેવીની અરાધના પૂરી કરી રહ્યા નહોતા. તો પણ અહીં સમરભૂમીમાં રણમત્ત યોદ્ધાઓ પોતપોતાના કાર્યમાં લીન થઇ ગયા હતા. સુખદાયિની વિવરી દેવી પોતાની સાથે અનેક વીર પુરૂષની લીલાને સહાને માટે લઇ ગઇ. નિત્યનું ભયંકર યુદ્ધ ક્યારનું એ શરૂ થઇ ગયું હતું અને રણપ્રિય વીરપુરૂષો પોતાના દુશ્મનને હણવાના કામમાં ક્યારનાએ લાગી ગયા હતા.

પ્રિય વાંચક, આજનું યુદ્ધ બીજા દીવસોના જેવું સાધારણ યુદ્ધ નહોતું. પ્રત્યેક યોદ્ધા તરફ દૃષ્ટિ નાંખતાં માલૂમ પડતું હતું કે અવસ્ય આજે તેઓ પોતાના કાર્યનો અંત આણશે. પ્રત્યેક સૈનિક પોતના દુશ્મનનો પરાજય કરવા માટે જોસથી તેના પર ધસારો કરી રહ્યો હતો. ભયંકર વાદળાંની માફક જ્યારે સેનાઓ એક બીજાની સાથે અથડાતી ત્યારે સેંકડો શિર સમરભૂમીને શરણે થતાં. ઘાયલ મનુષ્યોના શરીર પર તથા ક્યાઇ મુએલાના મડદા પર ઉભા રહી યોદ્ધાઓ એક બીજાની સાથે લડી રહ્યા હતા. નરરક્તથી વસુંધરા લાલચોળ

થઇ ગઇ હતી ભાસ્કરદેવ પોતાના બાલરશ્મિ તેમના પર નાંખી સુવર્ણ રેખા માફક ચમકી રહ્યા હતા.

મુસલમાનો આજે જીવ ઉપર આવી લડતા હતા. આજે જો રાજપૂતોને હઠાવી આગળ નહિ વધીએ તો બાદશાહનો મનોરથ સિદ્ધ નહિ થાય, રાજકુંવરી રૂપવતી બાદશાહના હાથમાં નહિ આવે, અને અમારૂં સઘળું પરાક્રમ ધૂળ મળશે એવા વિચારોથી મુસલમાનો જોસભેર હલ્લા કરે જતા હતા. સિસોદિયા જો કે સંખ્યામાં કમ હતા તોપણ મારવા મરવાનો નિશ્ચય કરીને ઉભેલા હતા. અમારી તરવાર પર મેવાડની પ્રતિષ્ઠાનો, મહારાણાના સન્માનનો, અમારા ક્ષત્રી ધર્મનો અને અમારા સરદાર ચંદાવતની પ્રતિજ્ઞાનો આધાર છે તે પ્રત્યેક ક્ષત્રી બરોબર સમજતો હતો. શત્રુઓ તેમના પર ધસારો લાવે તે પહેલાંજ તેઓ તેમને સામા મળવા જતા હતા.

મુસલમાનો ધારતા હતા કે હિંદુઓને રાખની માફક વિખેરી નાંખી આગળ વધીએ. જ્યારે હિંદુઓએ અચળ નિશ્ચય કર્યો હતો તે જીવ જાય તો ભલે તથાપિ એક પગલું પણ પાછા હઠવું નહિ. બંને બાજુના સિપાઇઓ શૂરપર ચડયા હતા. મુસલમાનોએ ઘણોએ પ્રયત્ન કર્યો તથાપિ તેમનું ધાર્યું થયું નહિ. રાજપૂતોનો અચળ નિશ્ચય અચલ રહ્યો. શત્રુ તરફના ભારે ધસારા છતાં તેઓ એક તસુમાત્ર પણ પાછા હઠયા નહિ. ધન્ય વીરતા ! ધન્ય નિશ્ચય ! !

આ પ્રમાણે મુસલમાનોના ધસારા પાછા તો હઠયા તો પણ તેથી પુષ્કળ રાજપૂતોના જીવની હાની થઇ. મુસલમાનોની

પાસે લશ્કર પુષ્કળ હતું અને વળી દિલ્હીથી કેટલુંક નવું લશ્કર આવી પહોંચ્યું હતું એટલે તેમને આ લડાઇથી ભારે ખોટ જણાઇ નહિ પરંતુ રાજપૂતોનું લશ્કર મૂળમાં તો થોડું હતું અને વળી આજના યુદ્ધમાં પુષ્કળ યોદ્ધાઓ કામમાં આવી ગયા તેથી તેમના લશ્કરનો ઘટાવ સ્પષ્ટ જણાવા લાગ્યો. ગત બે દિવસના યુદ્ધમાં જેટલા રાજપૂતો માર્યા ગયા હતા તેથી વિશેષ આજના એક અલ્પ કાળના યુધ્ધમાં માર્યા ગયા. મુસલમાનોના લશ્કર આગળ હિંદુ લશ્કર તદ્દન ઓછું દિસતું હતું કારણ કે રાજપૂત સેનાનો ત્રણ ચતુર્થાંસ ભાગ અત્યાર લગીમાં યુદ્ધમાં કામ આવી ગયો હતો.

સૈન્યની મધ્યમાં ઉભો ઉભો સરદાર ચંદાવત વિચારવા લાગ્યો કે " મારા ઘણા ખરા યોદ્ધાઓ માર્યા ગયા છે. લશ્કર પણ ઘણું ઘટી ગયું છે પહેલાંના જેટલા જોસમાં જો મુસલમાનો ધસારો કરશે તો તેના સામા હિંદુઓ ટકી શકશે કે નહિ એ એક સવાલ છે " પૂર્ણિમા સુધી ઓરંગજેબના સૈન્યને તે આગ્રા આગળ રોકી રાખશે એવું જે વચન તેણે મહારાણાને આપ્યું હતું તે તેને યાદ આવ્યું. પોતાની પ્રતિજ્ઞા સાચવવા કપાઇ મુએલા તેના વીરપુરૂષો તરફ તેણે દૃષ્ટિ ફેંકી. શું આટલો બધો ભોગ વર્ત્યો છતાં મુસલમાનો આજે રૂપનગર તરફ જશે ? એ વિચારથી તેને ક્રોધ વ્યાપ્યો. તેનું મોં લાલચોળ થઇ ગયું. તેણે પોતે દુશ્મનો પર ધસારો કરવાનો નિશ્ચય કર્યો.

પોતાના યોદ્ધાઓને મરણ સુધી લડવાનો બોધ આપી એક કારમી કીકીઆરી સાથે ઓરંગજેબપર તેણે ધસારો કર્યો,

પહેલ વહેલાં તેણે પોતેજ પોતાના ઘોડાને દુશ્મન દળમાં મારી મૂકયો. પોતાના સરદારનો બચાવ કરવા રાજપૂતો પણ તેટલીજ ત્વરાથી દુશ્મનપર તુટી પડયા. મારમાર કરતાં ચંદાવત અને તેના યોદ્ધાઓ યવનોના દળમાં પેઠા. વાઘ મેંઢાના ટોળામાં જેવો કેર વર્તાવે છે તેવો કેર તેમણે દુશ્મનદળમાં વર્તાવ્યો. પરંતુ મુસલમાનોની સંખ્યા ઘણી મોટી હતી. તેઓ પણ પહેલેથી તૈયારજ હતા તોપણ વર્ષાકાળનું પાણી જેવી રીતે પાળ તોડી વહન કરે છે તેવીજ રીતે યવનોને મારતા, કાપતા, પાછા હઠાવતા રાજપૂતો દુશ્મન દળમાં પેઠા. જોશપર ચડેલા ક્ષત્રીની ગતિ રોકી શકે એવો આ દુનિયામાં કોણ છે ? મુસલમાન સેનાને છિન્નભિન્ન કરતો સરદાર ચંદાવત ઓરંગજેબના હાથી સમીપ આવી પહોંચ્યો. તેની પાછળ પાછળ બાદશાહના અંગ રક્ષકોને મારતું રાજપૂત સૈન્ય પણ આવી પહોંચ્યું. આ વખતે એક મુઠીભર રાજપૂતોના બાહુબળ આગળ વિશાળ મુસલમાની સૈન્ય ગભરાઇ વિક્ષિપ્ત થઇ ગયું.

એક ભાલો મારી બાદશાહના મહાવતને ઘાયલ કરી ચંદાવતે તેને નીચે ગબડાવી દીધો પછી ઘોડાને એક એડી મારી એટલે તરતજ તે બાદશાહના હાથીપર ચડયો. પોતાના હાથને બરોબર સંભાળી તેણે એક ભાલો ઉગામ્યો કે તરત જ ઓરંગજેબ થરથર ધ્રુજવા લાગ્યો. ગળગળા થઇ દીનતાપૂર્વક તેણે ચંદાવતને કહ્યું.

" મને વ્યર્થ મારવાથી તારા હાથમાં શું આવવાનું છે ? વિવાહની તિથિતો વીતીજાય છે. હવે મને મારવાનું શું પ્રયોજન.

પોતાના પ્રબલ શત્રુનું આવું દીન વચન સાંભળી ચંદાવતને દયા આવી. ભાલાને પાછો ખેંચી તેણે બાદશાહને કહ્યું.

" તારા જેવા એક પ્રબલ શત્રુને મારી મારા દિલનું શાલ કાઢી નાંખવાનો આ ઉચિત વખત છે. તારા જેવા દુર્દાન્ત જાલીમનો અન્ત કરી મારા દેશનો ભાર ઉતારવો એ મારો ધર્મ છે. પરન્તુ સમય આવે ક્ષત્રીઓ પોતાના દુશ્મનને પણ ક્ષમા કરવામાં આનાકાની કરતા નથી, હું તને જીવતો જવા દઉં છું. પરન્તુ તારા જાલીમ શાસનથી દેશને લાભ થાય એવું મને બીલકુલ લાગતું નથી માટે કુરાનના સોગન ખાઇને કહે કે તું આજથી સોળ વર્ષ સુધી મેવાડપર ચડાઇ નહિ કરે અથવા સિસોદિયા સાથે કોઇપણ જાતની છેડછાડ નહિ શોધે ! સોળ વરસ પછી તારી મરજીમાં આવે તે કરવા તું મુખ્તીઆર છે "

જો કે આ વાત પોતાની પ્રકૃતિથી વિરૂદ્ધ પતિકૂળ હતી તોપણ સમય વિચારી તથા બચાવાનો બીજો એક માર્ગ નથી એવું જોઇ ધુર્ત ઔરંગજેબે કહ્યું. " હું મારા કુરાનના કસમ લઇને કહું છું કે તમારૂં કહેવું અક્ષરે અક્ષર હું કબુલ કરૂં છું. લેકીન તમે તમારૂં લશ્કર પાછું લઇ લડાઇ બંધ કરો."

બાદશાહના મોંમાંથી આ વચન સાંભળી ભારે આનંદથી ચંદાવતે પોતાનો ઘોડો નીચે ઉતાર્યો. પોતાના બાદશાહની જીંદગી જોખમમાં જોઇ " અલ્લાહો અકબર " કરતું મુગલ દળ ત્યાં આવી પહોંચ્યું અને ચંદાવતની આસપાસ ફરી વળ્યું. પોતાના સરદારને જીંદગીના ભયમાં દેખી "હરહર મહાદેવ" ની એક ભયં-

કર કાળીઆરી સાથે સિસોદિયા સૈન્ય આગળ વધ્યું અને રસ્તામાં જે જે મુસલમાનો વચ્ચે આવ્યા તેમને ભાજી મૂળાની માફક કાપી નાંખ્યાં. સેંકડો દુશ્મનોની વચમાં આવી પડેલા ચંદાવતે જે યુદ્ધ કૌશલ્ય બતાવ્યું તેનું વર્ણન આ બાળ લેખક કરી શકે તેમ નથી. સહસ્ત્ર શત્રુઓ તેની આસપાસ ફરી વળ્યા હતા, તો પણ તેમની કોઇપણ જાતની પરવા કર્યા વિના તે ધીર ચંદાવત પોતાની તરવાર એટલી કુશળત.થી ચલાવતો હતો કે સંસાર તેથી ચકિત થઇ રહ્યું. તેની આ અસાધારણ વીરતા દેખી મહાભારતના મહાવીર પાર્થકુમાર અભિમન્યુના ચક્રાવાનું સ્મરણ આવ્યા વિના રહેજ નહિ. ઘેટા બકરાની માફક મુસલમાનોને રેંશતો ચંદાવત બહાર નીકળવાને પ્રયત્ન કરતો હતો એટલામાં તેના રણદુર્મત્ત યોદ્ધાઓ તેની પાસે આવી પહોંચ્યા. રાજપૂત સૈન્યનું અતુલિત સાહસ દેખી મુસલમાનો આભા બની ગયા.

પોતાના સરદારને ઘેરી રજપૂત સૈન્ય ઉભું રહ્યું. તેના શરીર પર એવા કારમા ઘા પડ્યા હતા કે તે. હવે વધારે વાર ઘોડા પર બેશી શકે તેમ નહોતુ. તેથી યોદ્ધાઓએ તેમને નીચે ઉતારી એક ખેગીર પર બેસાડ્યો.

આજ ચૈત્ર માસની પૂર્ણિમા હતી આજ ઔરંગજેબ અહિંથી આગળ વધી ન શક્યો. અહિંથી રૂપનગર જતાં ત્રણ દિવસ લાગશે. એટલામાં તો મહારાણા રાજકુંવરીને પરણી સુ સલામત ઉદયપુર પહોંચશે. મારૂં પણ પુરૂં થયું, પરમેશ્વરે મારી લાજ રાખી” આવા આવા વિચારથી સરદાર ચંદાવતે આનંદ

માને આનંદમાં પોતાની દેહ છોડી. હસતાં હસતાં પૂર્ણ આનંદમાં પોતાની પ્રિયતમા હાડા રાણીને મળવા સરદાર ચંદાવત સ્વર્ગમાં સંચર્યો.

પ્રિય વાંચક, આજ ભારતનો એક ઉજ્જવલ તારો પતન થઇ ગયો. મેવાડે આજ પોતાના એક ઉત્તમ રત્નને ગુમાવ્યું. સિસોદિયા સૈન્યે પોતાના વીર સ્વામીને ખોયો. આ સંગ્રામમાં બંને બાજુને ભારે નુકશાન થયું. યુદ્ધનો અન્ત થઇ ગયો. પોત પોતાના માણસોને ઠેકાણે પાડી બંને સૈન્ય પોત પોતાના સ્થાને ગયાં.



પ્રકરણ અગીયારમું.

પરિશિષ્ટ.

Gashed with honourbale scars,
Low in Glory's lap they lie;
Though they fell like stars,
Streaming splendour through the sky.

J MONTGOMERY.

રાજકુંવરીને પરણી મહારાજા રાજસિંહ પોતાની રાજધાની ઉદયપુરમાં સહીસલામત પહોંચ્યા. સલુમ્બરાધિપતિની જોડે ગયેલા પચાસ સહસ્ર સૈનિકોમાંથી ફક્ત પાંચ સહસ્ર બચ્યા હતા. તેઓ પણ ઉદયપુર આવ્યા, નગરજનો તથા અન્ય સરદારો તેમને વાજતે ગાજતે લાવવા સામે ગયા. જ્યારે

આનંદથી મંગલ ગીત ગાઇ સ્ત્રીઓએ તેમના પર પુષ્પ વૃષ્ટિ કરી. સર્વ સરદારો સભા મંડપમાં આવ્યા અને પોતાને સ્થાને બિરાજ્યા. કેટલાક મોટા વીર આ સભામાં હાજર નહોતા. મહારાણા માટેના યુદ્ધમાં તેમણે પોતાનો પ્રાણુ વિસર્જન કર્યો હતો. એટલે અત્યારે તેઓ સ્વર્ગની સુશોભિત સભામાં હાજરી આપવા ચાલ્યા ગયાં હતા. જે જે સરદારો કૈલાશવાસી થયા હતા તેમના સ્થાન ખાલી હતાં. તેમની વીરતા તથા સ્વામી ભક્તિ સાંભળી સભાજનો તેમની પ્રસંશા કરી રહ્યા હતા. પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ચંદાવતે કેટલો પરિશ્રમ કર્યો તથા બાદશાહને ઘેરીને તેણે કેવું વચન લીધું તે સાંભળી સર્વના હૃદય આનંદથી ભરાઇ જવાં લાગ્યા. આટલી કિશોર વયમાં તેણે કેવું મોટું પરાક્રમ કર્યું તે સાંભળી મહારાજા તથા અન્ય સરદારો ધન્ય ધન્ય કહેવા લાગ્યા. એટલામાં જે ભાટે સરદાર ચંદાવતનું અતુલ સાહસ અને અપ્રતિહત વીરતા પોતાની આંખે જોયાં હતાં તે ત્યાં આવી પહોંચ્યો. ઘણા ગર્વિત તથા ગંભીર સ્વરે સમરલીલાનું વર્ણન તે ભાટે આલાપવા માંડયું. ઉલ્લાસથી તેનું મોં લાલચોળ થઇ ગયું. અને શરીર કંપવા લાગ્યું. તેના હૃદય સ્વરથી આખું સભાભુવન ગાજી ઉઠયું. પોતાના સૈન્યની બહાદુરી તથા સરદાર ચંદાવતનું સાહસ સાંભળી સર્વ સભાજનોના હૃદય આનંદથી ઉછળવા લાગ્યા, લડાઇમાં જે મનુષ્યો માર્યા ગયા હતા તેમને માટે ત્યાં શોક નહતો પરંતુ વીરતા પૂર્વક લડી તેઓ વીર ગતિ પામ્યા હતા એ વિચારથી સર્વના હૃદયમાં આનંદ છવાઇ રહ્યો હતો. સભામાં જે વીર બેઠા હતા તેમાંના ઘણાખરાના શરીરપર યુદ્ધ ચિન્હ પ્રત્યક્ષ દષ્ટિગોચર થતાં હતાં

કોઇના લલાટમાં તો કોઇની છાતીમાં તરવાર, બરછી, ગોળી વગે-
રેના નાના મોટા ઘા પડેલા હતા. યોદ્ધાઓ અત્યારે તે ઘા ઘણા
ગૌરવથી નીહાળતા હતા અને પોતાના શૂર સાથીઓમાંના જેઓએ
સમરભૂમિમાં પોતાનો પ્રાણ તજ્યો હતો તેમના ઘણું વખાણ
કરતા હતા.

અનેક કષ્ટ તથા અસહ્ય વિપત્તિ આવી પડે તો પણ સિ-
સોદિયા પોતાનો ટેક છોડતા નથી. બાદશાહને હડાવી રાજકુંવ-
રીની રક્ષા કરવાનું જે પણ તેમણે લીધું હતું તે સાંગોપાંગ
તેમણે પાર ઉતાર્યું છે. એ વિચારથી મહારાણાથી લઇ સિપાઇ
સુધી સર્વ જણ આનંદમાં ડોલી રહ્યા હતા. સ્વતંત્ર પ્રકૃતિના
સિસોદિયા સ્વેચ્છાપૂર્વક બાદશાહની જોડે વિરોધ કરી આનં-
દિત થઇ રહ્યા હતા.

પ્રતાપ પુત્ર મહારાણા અમરે સિસોદિયા પ્રકૃતિવિરૂદ્ધ જે
તહ બાદશાહ જહાંગીર જોડે કરી હતી તે અત્યારે અત્યાચારી
ઔરંગજેબનો જુલમ ન સહેવાતાથી તૂટી. પ્રકૃતિસ્વતંત્ર પુરૂષો
આધિનતાની બેડી તોડી ફરી એકવાર સ્વતંત્ર બન્યા. જેમસ્ત
મેવાડમાં સ્વતંત્રતાની જોડે આવતાં એક નવિન બળનો સંચાર
થયો આધિનતાની કુહારનાશીને વિદીર્ણ કરી સિસોદિયા એક
વાર ફરી સૂર્યવત્ પ્રકાશવા લાગ્યા.પરતંત્ર મેવાડ સ્વતંત્રથયું.
ચારે તરફ આનંદને હેલીવરસી રહી.

સમાપ્ત.

રોયલ ટૉનિક પીલ્સ.

રજીસ્ટર નંબર ૧૮૪ તપાસી લેજો. સ્વપ્નામાં કે પીસાબમાં જતી ધાતુ બંધ કરી અવયવોને તાકાત આપે છે, વીર્યવિકારનાં ગુપ્ત દરદો મટાડી ગયેલી મરદાઇ પાછી બક્ષે છે. ભુખ વધારે છે, એટલુંજ નહિ પણ આ ગોળીઓ ફક્ત ત્રણ દિવસ ખાવાથી પોતાની અદભુત શક્તિ આબેહુબ બતાવે છે.

જ્ઞાનતંતુની નબળાઇ, ધાતુસ્ત્રાવ, કમપુરૂષત્વપણું, માથાનો દુઃખાવો, શરીરે કળતર, આંખે ચકરી કમ વીગેરે દરદો ઉપર જાદુઇ અસર કરી ગયેલું જુવાનીનું કૌવત પાછું બક્ષે છે. કેળવણી લેતાં વિદ્યાર્થીઓના મગજને પુષ્ટિ આપી તેમની ઓછી થયેલી યાદશક્તિને પુરજોસમાં ખીલતી રાખે છે. સ્ત્રીઓ પ્રદર જવાથી નબળીપડી પીલાયા કરે છે, અને હાડે બેઠેલો તાવ અને ખાંશીથી આખરે સસણી થાય છે તેને આ "રોયલ ટોનીક પીલ્સ" ટુંક વખતમાં ચમત્કારિક ફાયદો કરે છે તેમજ પેડુનો દુખાવો, અનિયમિત અટકાવ, વીગેરે ગર્ભાશયના તમામ રોગો મટાડી તંદુરસ્તી બક્ષે છે, વળી બાળકો તાવની પીડાથી નબળા પડી મરકટીયા દેખાય છે તેમનું લોહી સુધારી રૂષ્ટપુષ્ટ બનાવે છે.

કીંમત ૩૦) ગોળીની શીશીના રૂ. ૧–૪–૦

નકલી માલથી સાવચેત રહેજો. દરેક દવા વેચનાર પાસેથી મળશે.

ગોવિંદજી દામોદરની કું. } જથ્થાબંધ તથા દવા વેચનાર. નં. ૫૭ નવી હનુમાન ગલી મુંબઇ.

ગરૂડ છાપની ઉત્તમ દવાઓ.

બાલ અમૃત—બચ્ચાને જો પહેલેથી નિરોગી બનાવશો તો આગળ જતાં તેની તંદુરસ્તી ઉપર કોઇ દીવસ માઠી અસર થશે નહીં કીંમત શીશી ૧ ના રૂ. ૦॥= એક ચમચી સવાર સાંજે ગાયના દુધમાં પાવી.

લાંક ટેબ્લેસ—(માથાનો દુખાવા સારૂ ટીકડીઓ) એક ટીકડી પાણીમાં ગળી જવી, જો નરમ ન પડે તો કલાકે બીજી ગળવી બસ દુખાવો બંધ ૨૫ ટીકડીની કીંમત શીશી ૧ નો રૂ. ૦।=

કાન્તીબામ—સંધીવા તથા માથાના દુખાવા ઉપર મસળવાનો કીમતી મલમ જેની એક શીશી ગ્રહસ્થોએ હંમેશાં ઘરમાં રાખવી કીંમત શીશી ૧ ના આના ૮ અરધા આનાની ટીકીટ મોકલવાથી નમુનાની નાની ડબી મફત મોકલવામાં આવે છે.

કેસદીપક તેલ—(આ મધુર સુગંધી આપનારૂં તેલ છે) વાળની ખુબસુરતીમાં વધારો કરી મગજને ઠંડક આપે છે જેને વાળ ન વધતા હોય તેને આ તેલ જરૂર વાપરવું કીંમત શીશી ૧ ના રૂ. ૦॥।

પેટના દુખાવાની દવા—પેટની ચુંક, કોલેરા, બદહજમી વાયુ, સરદી, વીગેરે દરદો ઉપર ચાલે છે અને મસળવાથી નીચેના દરદો સારાં થાય છે, વીંછીનો ડંખ, ઝેરી જંતુનો ડંખ, ઘા, વાનો દુખાવો, અને કળતર, મટે છે. કીંમત બાટલી દીઠ રૂ.૦॥ મોટી રૂ૧૦॥।

શા. કીશાભાઇ ઝવેરચંદ.

ઠે૦ છીપીચાલી મારકીટ સામે—મુંબઇ.

તઇયબજીના ઘરમાં મુંબઇ નં૦ ૪

સોના ચાંદીના મળેલા ચાંદા.

ઉપદંશ જેવો બીજો મહા ભયંકર રોગ નથી. એ રોગનું ઝેર શરીરમાં
રહી જાય તે દર્દીને નહીં, પણ તેની સંતતીને પણ ખરાબ
પરિણામ ભોગવવું પડે છે. એવા ભયંકર રોગ ઉપર
ડા૦ ગોતમ કેશવનું—આયોડાઇડ

સાર્સાપારિલા.

રકત દુષિત થવાથી થતા રોગો તથા બીજા અનેક રોગો ઉપર ઘણુંજ ગુણકારક છે. ઉપદંશજન્ય વિકાર. જેવા કે, ગરમી, ચાંદી, પરમિયો અને તેનાવડે ઘણા ત્રાસદાયક અનેક રોગો જેવાંકે પક્ષઘાત, લકવાં, સંધીવા, સાંધાનું રહી જવું, મ્હોમાં અને શરીરના બીજા ભાગોપર ચાંદા પડવાં, સ્મરણ શકિત ઓછી થઇ જવી, અવાચક થઇ જવું, વગેરે તેમજ બધા શરીરપર શીતળાદેવી જેવા ફોલ્લા થઇ આવવા. હથેલી અને પગના તળીઆમાં કાળા ફોલ્લા થઇઆવવા તથા કાળા ડાઘ પડવા, તાળવામાં કાણું પડવું, મ્હોંમાં તથા ગળામાં કાણા પડવાં નાકનું બેસી જવું, હાથપગનું સ્પર્શજ્ઞાન ધીમે ધીમે ઓછું થઇ જવું શરીરનું સુઝી આવવું. શરીરમાં કળતર થવી રકતદુષિત થવાથી ખુજલી થઇ આવવી. ખજ, દરાજ, ગુમડાં, આંખ, માથું હાથ અને પગમાં બળતરા થવી, ધાતુ સ્થાનમાં બળતરા થવી, તેનાથી મોંઢામાથી વાસ નીકળવી, લાળ પડવી, દાંતના પારાનું સુઝનું, દાંતોનું હીલાવવું અને તેમાંથી લોહી પરૂ વગેરેનું નીકળવું એ સર્વે પ્રકારના રોગો ઉપર આ સારસાપરીલાજ ઉપયોગી થઇ પડયું છે. અને બીજા ઔષધની જરૂર પડતી નથી. કીંમત એક બાટલીનો સવા રૂપિઓ અને પોસ્ટેજ વ૦ આના! ચાર, બાટલીના પોષ્ટ સાથે રા ૪ાા

ડા૦ ગોતમરાવ કેશવ.
પોષ્ટ ઓફીસ સામે ઠાકુરદ્વાર—મુંબઇ.

" એમ એ બના કે ક્યું મેરી મિટ્ટી ખરાબ કી ? "

" શિવ શંભુ શર્માના ચિઠ્ઠા " ઇત્યાદિના સુપ્રસિદ્ધ લેખક,
સ્વર્ગવાસી અમૃતલાલ કેશવલાલ નાયક

કૃત

ભારત દુર્દશા નાટક

અને

અન્ય પ્રકીર્ણ લેખો.

જે જે પદાર્થો અને સિદ્ધાંતો ભારતની દુર્દશાના હેતુ રૂપ છે તે સઘળાંને ચીત્રનાં સ્વરૂપો આપી તેમનાજ મુખથી ભારતની દુર્દશાના કારણોનું દિગદર્શન આ પુસ્તકમાં એવું આબેહૂબ રીતે કરવામાં આવેલું છે તથા તેમાં લીધેલા અન્ય પ્રકીર્ણ લેખો તથા કાવ્યો એટલાં બધાં સુંદર તથા હૃદયગમ છે કે પુસ્તક એક વાર હાથમાં લીધું એટલે પૂરૂં વાંચ્યા સિવાય મૂકવાનું મન થતુંજ નથી. સ્વ. અમૃતલાલની લેખનશૈલી સુપ્રસિદ્ધ હોવાથી અમે તેનાં ઝાઝાં વખાણ કરતા નથી. અમે ફકત એટલુંજ કહીએ છીએ કે જો તમને દેશહિતની જરા પણ લાગણી હોય અને ભારતની આરત મટાડવાની ઇચ્છા રાખતા હો તો આ પુસ્તક એકવાર અવશ્ય વાંચજો. કર્ત્તાના ચિત્ર ચરિત્ર સહિત પાકા કપડાના પુંઠાની કીંમત ફક્ત આના બાર

મળવાનું ઠેકાણું.

ત્રાગાળા મિત્રમંડળ, અમદાવાદ.

સાંકળચંદ મોહનલાલ ગુડઝરોડ—નડિયાદ.

વલ્લભભાઈ કેશવલાલ, વીકટોરિયા થીએટર—મુંબઈ.

પટેલ બ્રધર્સ.

એકદમ બહોળો ફેલાવો પામેલી જાણીતી ટોપીઓના વેપારી.

અમારી પોતાની છાપની વિલાયતી ટોપીઓને માટે અમોને મોટાં સરટીફીકેટો મળેલાં છે. માટે ટોપી ખરીદ કરતાં પહેલાં ટોપીમાં અમારી પોતાની "પટેલ બ્રધર્સ" ના નામની છાપ જોઇને ખરીદજો.

માલેક,

હલસુખરામ રૂગનાથદાસ.

માણેકચોક—અમદાવાદ.

તાવની રામબાણ દવા.

રૂ. ૧૦૦ સોના ઇનામવાળી ખાસ પરીક્ષા નથી.

કોઇ પણ જાતનો તાવ અમારી દવાથી ન ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. કોઇ સખસ એમ સાબીત કરી આપશે કે વૈદ શા. ગીરધરલાલ કહાનજીની દવાથી ચોથીઓ તાવ નથી જતો તો તેને રૂ. ૧૦૦ સો ઇનામ આપીશું ગોળી ૪૨ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧—૦—૦

ધાતુવિકાર.

એક પૈસાનું પોષ્ટ કાર્ડ લખી મોકલનારને ધાતુ વિકાર નામનું પુસ્તક મફત મોકલવામાં આવે છે. આ પુસ્તકમાં ધાતુની ઉત્પતિ તથા મજબુતી સબંધ વિવેચન સાથે ધાતુ સબંધી તમામ જાતનાં વિકારોનું વર્ણન આપી તેના ઉપાયો સુચવેલા છે તે ઉપરાંત બીજા ઘણા દરદોની દવા સુચવેલી છે.

શક્તિ સંજીવન.

શક્તિ સંજીવન નબળાઇનાં તમામ દરદોનો નાશ કરે છે ગોળી ૭૫ ની ડબી ૧ ની કિં રૂ. ૨—૮—૦


વૈદ શા. ગિરધરલાલ કહાનજી

ધોલકા—જી.—અમદાવાદ.

અમારી દુકાને ખાસ દીવાળીને લ
ફેન્સી દાગીનાઓનો મોટો જથ્થો તૈ-
કરવામાં આવ્યો છે.

પ્રજાનો સંપુર્ણ વિશ્વાસ પામેલી
ધી રાજનગર જવેલરી માર્ટમાં





સોના, ચાંદી, અને ઝવેરાતના છેલ્લામાં છેલ્લી ફેશનના મશીન પોલીસ દાગીનાઓ ગેરંટી સાથે વેચાય છે.

રાજા, મહારાજા અને શ્રીમંતોના ઉપરા ઉપરી આવતા ઓર્ડરોનો નીકાલ તાકીદે થાય છે.

બાહોશ અને અનુભવી કેળવાયલા કારીગરોથી થતું કામકાજ જોવા લાયક છે.

હિંદની અપૂર્વ કારીગીરીના નમુના રૂપ સેંકડો ભેટ આપવા લાયક ફેન્સી ચીજોનો મોટો જથ્થો હમેશાં તૈયાર રહે છે.

રીચીરોડ—અમદાવાદ.

ફક્ત બે મીનીટમાં વગર ઇજાએ વાળને

ઘણીજ સફાઇથી દુર કરે છે.

ચામડી કાળી પડતી નથી

ચામડી બળતી નથી.

મેગનેટ-હેર-રીમુવર-સોપ.

સારા આબરૂદાર વેપારીઓને ત્યાંથી અગર નીચેના ઠેકાણે લખવાથી મળી શકશે.

એમ. એન. પટેલ. નડીયાદવાળા

હેડ ઓફીસ—રીચીરોડ કુવા પાસે-અમદાવાદ.

બ્રાન્ચ ઘીકાંટા ટાવર-વડોદરા



ાની નરોતમદાસ ભાઉ ઝવેરી.

આ સોના, ચાંદી તથા ઝવેરાતના વેપારીની
લોકોમાં વીસ[illegible] ધરાવતી જુની દુકાન.
કોને પણ ઠગાવાની ધારતી નથી. પધારી ખાતરી કરો.



ખરીદેલા દાગીના જ્યારે પાછા દેવા આવો ત્યારે ફક્ત મજુરી કાપી પુરેપુરા દામ પાછા આપીએ છીએ.

બંગડીઓ માંકલી, છડા, નેકલસ વીટી બ્રેસલેટ બટન વગેરે સોના તેમજ ઝવેરાતના સંખ્યાબંધ તરેહ તરેહના મન પસંદ દાગીનાઓ મોટા જથ્થામાં તૈયાર રાખવામાં આવે છે. માનવંતા ઘરાકોએ અમારી દુકાનની એક વખત મુલાકાત લેવાથી અમારી ઉમદા બનાવટ ખરેખર ખ્યાલ આપશે. પ્રેઝન્ટ આપવા લાયક ચાંદીના ઉમદા નકશીની ચીજો અમારે ત્યાં મોટા જથ્થામાં તૈયાર છે.

ઠે. સેકમેમન સ્ટ્રીટ ગણેશવાડીના નાકે ટેલીફોન નંબર
૫૬૬૫ મુંબઈ.